કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
તરફથી ભેટ. મુંબઇ ૧૯૫૭

— અનુક્રમણિકા —

	લેખ	લેખક	પૃષ્ઠ
૧	ખયરલ બશર	જનાબ મુનાદી સાહિબ	૧
૨	સન્દેશો	નાગદાર નવાબ ,,	૨
૩	,,	,, દીવાન ,,	૪
૪	.....?	સંપાદક	૫
૫	નિવેદન	,,	૬
૬	ઇતિહાસના સૂર્ય	જનાબ માંડવીઆ સાહિબ	૮
૭	ખાતિમુલ અમ્બિયા	,, બદ્ર ,,	૯
૮	ઇનીડ શૉ શુ કહે છે ?	,, સોઝર ,,	૧૫
૯	નબી જીવનમાર્ગ	,, ઇબ્લામ ,,	૧૭
૧૦	રસૂલે કરીમ	,, સીરતી ,,	૨૦
૧૧	ઇન્સાનુલ કામિલ	,, લાખાણી ,,	૨૩
૧૨	સંસ્કૃતિનું પુનરુત્થાન	,, નૂર ,,	૨૫
૧૩	સ્ત્રીનું સ્થાન	બહેન કુલસુમ પારેખ	૩૧
૧૪	કામિલ રસૂલ	જનાબ બાનવા સાહિબ	૩૮
૧૫	તવારીખી સ્વરૂપ	,, નાયક ,,	૪૨
૧૬	આસાન ઉસૂલો	,, મુનીર ,,	૪૭
૧૭	અમન ક્યારે ?	,, ફારૂક ,,	૫૦
૧૮	જીવન–નકશો	,, ભાયલા ,,	૫૨
૧૯	આછી દૃષ્ટિ	,, ખામોશ ,,	૫૫
૨૦	જગત ધર્મ	,, દિલાવર ,,	૫૬
૨૧	પ્રણામ	,, માંડવીઆ ,,	૫૭
૨૨	ગરીબ નેતા	,, ફાની ,,	૬૧
૨૩	અસ્સલામુઅલયકુમ	,, બુદાગુ ,,	૬૪
૨૪	અજોડ અમરતા	,, અસીર ,,	૬૫
૨૫	આદર્શ જીવન	,, કુરયશી ,,	૬૯
૨૬	ઇસ્લામી સંસ્કૃતિ	,, દેશાઇ ,,	૭૧
૨૭	મહાન પયગમ્બર	,, ઝવેરી ,,	૭૨
૨૮	ઇશાઅતે સીરત	,, અનવારૂલહક ,,	૭૩
૨૯	આઝાદીનો આત્મા	,, બિપિનચંદ્ર ,,	૭૭
૩૦	નુબૂવત દીપિકા	,, મુનાદી ,,	૭૮

૦૫૮

નઝદીકમાંજ બહાર પડશે

પયગામે–કુરઆન

* મિસરના સૌથી મહાન મુફસ્સિર અલ્લામહ ઈમામ સૈયદ દશીદ રિઝા સાહિબે દસ લેકચરોમાં કુરઆની તા'લીમનો નિચોડ કાઢીને એકત્ર કરી દીધો છે.
* તાજદારે યમન આ કિતાબ સંબંધે ફરમાવે છે : 'આ કિતાબ અજોડ છે. એના વાંચનથી દિલો ખુશબુથી ભરાઇ જાય છે.'
* એક મિસરી વિદ્વાન લખે છે : 'મેં દસ વર્ષની મહેનત અને સંશોધનથી કુરઆને કરીમનું અધ્યયન કર્યું હતું; પરન્તુ જો આ કિતાબ મને મળી જાત તો મારી ઝિન્દગીનાં એ દસ વરસ બચી જાત.'
* કુરઆને અઝીમે દુન્યાના દીની, માલી, જંગી અને સિયાસી તંત્રોમાં જે મહત્વના અને મહાન સુધારા કર્યા છે, આ લેકચરોમાં, તે તમામ પર સુરેખ ચર્ચા કરવામાં આવી છે.

૩૦૦ પાન : ગ્રાહક તરીકે અગાઉથી નામ નોંધાવનારને ખાસ રિઆયત : કીમત હવે પછી ઝાહિર કરવામાં આવશે. તમારૂં નામ તાકીદે નોંધાવો—

સંચાલક : નામૂસે–મિલ્લત : કુતિયાણા

Printed by Yousuf Abdulghani eMandvia at The Iqbal Printery, Rasoolpura Road, Kutiyana and Published by Usman Hajee Abdulghani Bhala, 'eMusheer', Baharpura, Kutiyana.

નામૂસે-મિલ્લત

સંપાદક · ઉસ્માન હાજી અબ્દુલગની ભાયલા 'મુશીર'

રબીઉલઅવ્વલ ૧૩૬૨ : માર્ચ ૧૯૪૩

"ખયરૂલ બશર"ને "ખયરૂલ ઉમમ"ની ખંડણી

"બલગલ ઉલા, બિ કમાલિહી;
કશફદ્દુજા, બિ જમાલિહી;
હસનત, જમીઉ ખિસાલિહી;
સલ્લૂ, અલયહિ વ આલિહી!

[ભાષાન્તર]

પરિપૂર્ણતાની આબુથી છે જેહ પહિ ઉચ્ચતર,
છે જેહ કાન્તિને પ્રતાપે તિમિરતાનું ગાજ્ય સર,
સદ્ગુણ છે પ્રત્યેક જેના શ્રેષ્ઠતર 'ને દિવ્યતર,
સલવાત હોજો તેહ પર, 'ને તેહના પરિવાર પર!

—મુનાદી

'મુનાદી' સાહિબ એટલે મુસ્લિમ-ગુજરાતી સાહિત્યના યુગ-પ્રવર્તક: સાહિત્યકાર, ટીકાકાર અને પત્રકાર તરીકે, ગુજરાતી મુસલમાનોની વાત તો એકતરફ રહી, જેમનું પ્રેમપાત્ર પ્રજાનામા પ્રજાના છે એવા ગુજરાતી હિન્દુઓમાં પણ, એમની જોડ નથી, એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. પોતાના દીની અને દુન્યવી પ્રશ્નોની વકીલાત માટે આવો પ્રખર પત્રકાર મેળવવા બદલ જેમ મુસ્લિમ-ગુજરાત વ્યાજબી રીતે ફખ્ર કરી શકે છે તેમ, નામૂસે મિલ્લતના આ અંક માટે તેમના આવા બે ભાષાન્તરકાવ્યો મેળવવા બદલ બેશક, અમે મગરૂર છીએ.

H. H. THE NAWAB
OF JUNAGADH

THE PALACE,
JUNAGADH

14th March, 1943.

It is most gratifying to learn that the Namus-e-Millat of Kutiyana proposes to bring out a special Magazine on the auspicious occasion of the birthday of the Holy Prophet (may peace be on him) I wish the venture every success and hope that the magazine will be instrumental in carrying the noble message of the Holy Prophet of Islam to Muslims and non-Muslims alike. At this critical period of world history, the message of universal brotherhood, peace and goodwill among nations. Preached by this Great Benefactor of humanity, can be of real and lasting benefit to the world. I hope the Namus-e-Millat will always try to serve the cause of Islam by whole-heartedly striving for Peace, communal harmony and orderly progress.

Sd/ **Mahabat Khan**

Nawab of Junagadh

એચ. એચ. ધી નવાબ

ઑફ જુનાગઢ

ધી પેલેસ

જુનાગઢ

૧૪ મી માર્ચ ૧૯૪૩

પયગમ્બરે અકદસ (સલ)ના શુભ જન્મદિન પ્રસંગે, કુતિયાણાની નામૂસે મિલ્લત એક ખાસ રિસાલો પ્રગટ કરવા ધારે છે એ જાણી મ્હને ઘણો સન્તોષ થયો છે. મુસ્લિમો અને ગયરમુસ્લિમોને ઇસ્લામના મહાન પયગમ્બર (સલ)નો જીવન-સન્દેશો એકસરખી રીતે ઉપયોગી થશે એવી હું આશા રાખું છું અને આ પ્રકાશનને સમ્પૂર્ણ સફળતા મળે એમ ઈચ્છુ છું. વિશ્વબંધુત્વ, જગતશાન્તિ અને દુનિયાની મહાપ્રજાઓના એકીકરણને લગતો જે સન્દેશ માનવતાના એ મહાન માર્ગદર્શકે પાઠવ્યો છે, તે દુનિયાની અત્યારની કટોકટીની પળે આશિર્વાદ રૂપ નીવડે એમ છે.

શાન્તિ, કવમી સંગઠન અને નિયમિત પ્રગતિ સાથે કુતિયાણાની નામૂસે મિલ્લત ઇસ્લામની સેવા માટે હમેશા તત્પર રહેશે એવી હું અંતઃકરણપૂર્વક આશા રાખું છું.

[સહી] મહાબતખાન

નવાબ ઑફ જુનાગઢ

I was extremely delighted to know that the Namus-i-Millat of Kutiyana intended to bring out a special Magazine on the occasion of the anniversary of the Holy Prophet's Birthday (Peace be upon him). I am confident that its publication at this time will be of immense value. I sincerely wish that it may really succeed in serving the purpose, for which its publication has been undertaken, of enlightening the Public, specially the Muslims regarding the various aspects of the life of this great spiritual leader, Preceptor and examplar and help to bring about harmony and Peace among different groups (sections or communities) of humanity, the ideal for which he strove throughout his life and which the world again requires today so very badly.

Sd/ **A. K. Md. Hussain**
Dewan, Junagadh State

કુતિયાણાની **નામૂસે-મિલ્લત** ઇસ્લામના પવિત્ર પયગમ્બર (સલ્લ)ની માલૂમિયત નિમિત્તે એક ખાસ સીરત-ગ્રંથ બહાર પાડવાની છે એ જાણી મને બેહદ ખુશી હાસિલ થઇ છે મને ખાતરી છે કે અત્યારના સમયે આવા પુસ્તકનું પ્રકાશન બહુ મહત્વ અને આવકારદાયક નીવડશે જનસમાજને અને ખાસ કરીને મુસ્લિમ જનતાને જગતના એ અજોડ અને મહાન માર્ગદર્શકના જીવનનો ખ્યાલ આપવાની ઝુરૂરત છે. આ પ્રકાશન જે હેતુથી બહાર પાડવામા આવે છે તે હેતુ સફળ નીવડે એમ હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું માનવસમાજની વિભિન્ન જાતિઓ અને જુદા જુદા વર્ગોમા શાન્તિ અને એકીકરણ પ્રાપ્તવાને પયગમ્બર ઇસ્લામ [સલ્લ]નું જીવન એક દૃષ્ટાંતરૂપ થશે, કેમકે આજે દુનિયાને જે એકતાની ઝુરૂરત છે તે એકતાના આદર્શ માટે પયગમ્બરે ઇસ્લામ સલ્લએ આખી જિન્દગી અખ્ત પ્રયાસો કર્યા હતા

(સહી) એ. કે. મુહમ્મદ હુસૈન
દિવાન, જુનાગઢ સ્ટેટ

.....?

અઝલના નવિશતાએ મને પણ 'ખયરૂલ ઉમમ' નો 'ખરકો' અર્પ્યો છે. 'ખયરૂલ બશર' (સર્વોત્તમ પુરૂષ) ને પ્રતાપેજ અમે 'ખયરૂલ ઉમમ' (સર્વોત્તમ પ્રજા) છીએ, એટલે ખયરૂલ બશરનાં ચરણોમાં અમારે અમારી ખંડણી ધરવી રહી. જેવું જેનું ગજું તેવી તેની ખંડણી— સલકથી જ આ સિદ્ધાંત મુસ્લિમોનો મસ્લક રહ્યો છે.

આ મસ્લકનેજ મેં મારો કર્ત્તવ્ય-રાહ બનાવ્યો છે.

આયા મારી ખંડણી ખાતિમુન્નબીયીનની ખિદમતમાં પેશ કરવાને લાઈક પણ છે? આ શંકા મને પોતાને પશોપશમાં નાખી રહી છે. જ્યાં મારો પ્રયાસ મને પોતાનેજ સન્તોષી નથી શકતો ત્યાં તે બીજાઓને સન્તોષી શકશે એમ કેમ કહી શકાય? શી રીતે માની શકાય?

બંદાનું કર્ત્તવ્ય એની જવાબદારી છે અને બસ: પરિણામ તો પરવરદિગારના હાથમાં છે.

હાં, તો મારી આશાઓ યકીનન અંફળ જ રહી છે અને એનું કારણ મારી 'અલ્પતા' જ છે. મારી અલ્પતા આથી વિશેષ કરી શકવાને પાત્ર પણ નહોતી અને નથી જ. અલબત્ત, આશા અમર છે. અલ્લાહ મારી એ આશાઓને મહોરવા-ફળવાની તક આપે. આમીન.

—'મુશીર'

સંપાદક

بسم الله الرحمن الرحيم

અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામુ
અલા રસુલેહિલ કરીમ વ અલા આલિહી વ અસ્હાબિહી

અજમઈન

બિરાદરાને મિલ્લત,

હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ (સલ.)ની ૧૪૧૫ મી જન્મજયંતિના મુબારક અવસરે આ નાનકડો સીરત-તુહફો વાંચકોના કર કમળમાં મૂકતાં બેહદ ખુશી હાસિલ થાય છે ઉર્દુ સાહિત્યમાં આવા પ્રાસંગિક ગ્રંથો પુષ્કળ બહાર પડે છે; પરન્તુ ગુજરાતીમાં શાયદ આ પહેલોજ પ્રયાસ છે. લડાઈની કટોકટી, કાગળોની અછત અને બીજાં સાધનોની ઉણપને કારણે આ રિસાલો જેવો જોઇએ એવો બનાવી શકાયો નથી અને મારી બધી મુરાદો મનની મનમાંજ રહી ગઇ છે. ઉપરાંત મુલાઝિમત અને બીજી સાંસારિક રોકાણો અંગે એ પાછળ જેટલો આપવો જોઇએ, એટલો સમયનો ભોગ પણ હું આપી શક્યો નથી. પરિણામે એમાં જે ખામીઓ અને ક્ષતિઓ રહી જવા પામી છે એનો મને ઈહસાસ છે. વાંચકો વર્તમાન પરિસ્થિતિ અને મારી મજબુરીને મદ્દેનઝર રાખી દરગુઝર કરશે એવી આશા રાખું છું.

અઅલા હઝરત નામદાર **નવાબ સાહિબ** અને નામદાર **દીવાન સાહિબે** આ રિસાલા માટે ખાસ પોતાના સન્દેશાઓ ઇનાયત કરીને આ રિસાલાનું જે મહત્વ વધાર્યું છે અને મારી હિમ્મતઅફઝાઇ કરી છે એ બદલ હું એ નામદારોનો બેહદ મમનૂન છું. ઉપરાંત મારા આમંત્રણ પરથી જે જે લેખક ભાઇઓએ પોતાના કીમતી વખતનો ભોગ આપી પોતપોતાના વિદ્વતાભર્યા લેખો મોકલ્યા છે તે તમામનો આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જે ભાઇઓની માલી ઇમ્દાદથી આ રિસાલો પ્રગટ થઇ શકયો છે અને વગર કીમતે આપી શકાયો છે તેમનો પણ હું દિલપૂર્વક મશ્કર છું.

આ રિસાલો પ્રગટ કરવામાં જેવો સહકાર મળ્યો છે, એવોજ સહકાર જો હંમેશા મળતો રહેશે તો આવું સીરત-સાહિત્ય દર વરસે પેશ કરવાની મારી મુરાદ છે. આવા તબ્લીગી સાહિત્યની હાલના અવસરે કેટલી જરૂરત છે, એ જણાવવાની જરૂરત નજ હોય. આપણો દવલતમંદ વર્ગ પોતાના ફુઝુલ ખર્ચાઓમાંથી થોડોક ભાગ બચાવીને પણ જો એ તરફ ધ્યાન આપે તો પયગમ્બરે ઇસ્લામ (સલ)ના સન્દેશને ઘેર ઘેર આસાનીથી પહોંચાડી શકાય.

ગયરમુસ્લિમો તો એક તરફ રહ્યા; ખુદ મુસલમાનોનો મોટો ભાગ પણ પયગમ્બરે ઇસ્લામ (સલ.)ની સીરતથી પૂરી રીતે વાકિફ નથી અને એજ આપણી પડતીનું પહેલું અને મોટું કારણ છે. પયગમ્બરે ઇસ્લામ (સલ.)ની ઇતાઅત અને પયરવીમાંજ આપણી પ્રગતિ છે એ નિશંક વાત છે. કુરઆન કહે છે: "**બેશક, અલ્લાહના રસૂલમાં તમારા માટે ઉત્તમ આદર્શો છે.**" અર્થાત્ કવમને ઝિન્દહ રાખવા અને ઝિન્દહ બનાવવાનો એકમાત્ર માર્ગ એજ છે કે તેને મુહમ્મદે અરબી (સલ.)ની બારગાહે મુહબ્બતમાં પહોંચાડી દઇએ.

મારો આ પહેલો પ્રયાસ જનતાને ગમશે અને ઉત્તેજન તથા પ્રોત્સાહન મળશે તો આવું આવું સાહિત્ય અવાર નવાર બહાર પાડવાનો મારો ઇરાદો છે.

જે જે ભાઇઓએ આ કાર્યમાં મને સહકાર અને સહાય આપ્યાં છે તે તમામનો ફરી એકવાર આભાર માનું છું.

કુતિયાણા
હીજરીસંવત ૧૩૯૩
માર્ચ ૧૯૪૩

ઉસ્માન હાજી અ. ગની ભાયલા 'મુશીર'
સંચાલકઃ નામૂસે-મિલ્લત

મુહમ્મદે અરબી
એટલે ઇતિહાસના સૂર્ય

ઇસ્લામના પુનિત પ્રવર્તક (સલ્અમ) જગત્-જનોના જીવનવિકાસની ઇતિહાસ-મૂર્તિ છે. એમનું જીવન એટલું મંગળ, એટલું મહિમામય, એટલું વિવિધતાએ ભરેલું છે કે એની પ્રેરણા ઝીલીને માનવી 'મુકમ્મિલ' બની શકે.

ચાહે તે દૃષ્ટિબિંદુથી ઇસ્લામના પયગમ્બર (સલ.)ના જીવનકાર્યની વિચારણા કરો : મુહમ્મદે અરબી (સલ.)નું જીવન અનેક પહેલ પાડેલા 'કોહેનૂર' સમું ભાસશે : જગત્જનોને કાજે એ 'કોહેનૂર'માંથી, ત્રિકાળના જીવનમંત્રો ચમકારા મારતા દેખાશે.

ઇતિહાસની હકીકતો ઉચ્ચારે છે કે : આવો પયગમ્બર યા પયગમ્બરી યુગ ઇતિહાસને પાને બીજો નોંધાયો નથી.

ઇતિહાસમાં ઘણાખરા 'માર્ગદર્શક'નાં યશનામ પામ્યાં છે, પણ એ બધા ગ્રહો અને ઉપગ્રહો હતા; મુહમ્મદે અરબી ઇતિહાસના સૂર્ય છે.

એ મહાન માર્ગદર્શકને કદમે કદમે ચાલ્યા સિવાય જગતનો આરો નથી; એનો ઉદ્ધાર નથી

યૂરપ–અમેરિકા અને એશિયા–આફ્રિકાના ઘણા પ્રજાપ્રશ્નો આજે વણઉકેલ્યા પડ્યા છે. એ પ્રશ્નો ઉકેલતાં પહેલાં મુહમ્મદે અરબી (સલ.)નાં ચરણારવિંદે બેસીને જગતની મહાપ્રજાઓએ હજી તો પાઠ પઢવા પડશે.

—'માંડવીઆ'

ખાતિમુલ અમ્બિયા

: લેખક :
હકીમ બદ્ર નિઝામી રાહતી સાહિબ
દાલગરવાડા : અહમદઆબાદ.

હકીમ બદ્ર નિઝામી રાહતી સાહિબની ઝાત કશા પરિચયની મુહતાજ નથી. 'નિઝામી', 'આવાઝે-કુરઆન' અને 'નવજવાન'ના તંત્રી તરીકે તેમજ 'દીન'ના સહતંત્રી તરીકે તેઓ કાફી શુહરત હાસિલ કરી ચૂકયા છે. ઉર્દુ અને ગુજરાતી બન્ને ભાષાઓમાં તેઓ સુન્દર અને અણુથક લખી શકે છે. આવા ખડતલ અને કુહનામશ્ક લેખકની કસાએલી કલમે લખાએલા લેખ પર કશી પરિચય-નોધ લખવી એ સોના પર ઢોળ ચઢાવવા જેવુંજ લેખાશે.

નબૂવ્વત

અંબિયા નબીનુ બહુવચન છે. નબી એટલે ખબર આપનાર. મઝહબી પરિભાષામાં નબી એને કહેવામા આવે છે જેને ખુદાએ લોકોને તેમની સ્થિતિનુ ભાન કરાવવા માટે અને તેમને ખુદાના દીન પ્રમાણે ચાલવાની હિદાયત કરવા માટે મુકર્રર કર્યો હોય રસૂલના અર્થ ઇસ્લામી પરિભાષામાં એવા નબીના થાય છે, જેને ખુદા તરફથી લોકો સુધી પહોચાડવા માટે કોઈ ખાસ સંદેશો પણ મળ્યો હોય ઈસ્લામના પયગમ્બર (સલ૦)ને ખાતિમુલ અંબિયા તેમજ ખાતિમર્રસુલ કહેવામા આવે છે, જેના અર્થ એ થાય છે કે એમના પછી કોઇ નબી કે રસૂલ જગતમાં થવાનો નથી. પયગમ્બર એ ફારસી ભાષાનો શબ્દ છે, જેના અર્થ સંદેશવાહકના છે

મનુષ્ય એ સંસારમાં ઉત્પન્ન કરવામા આવેલી સર્વ વસ્તુઓમાં શ્રેષ્ટ છે. કુરઆન કહે છે કે: "મનુષ્ય અશરફુલ મખ્લૂકાત છે." "સૃષ્ટિની સર્વ વસ્તુઓ તેની સેવા માટે ઉત્પન્ન કરવામાં આવી છે અને તે માત્ર ખુદાની સેવા માટે ઉત્પન્ન કરવામા આવ્યો છે." સૃષ્ટિની દરેક વસ્તુ ઉપર કાબુ મેળવવો અને તેની પાસેથી પોતાની સેવા કરાવવી એ મનુષ્યનુ કર્તવ્ય છે અને ખુદાએ પોતાને આવું ઉચ્ચ સ્થાન આપ્યુ એ માટે તેનો ઉપકાર માનવો અને એના સિવાય કોઈપણ વસ્તુને વશ ન થતા કે તેની આગળ માથું ન નમાવતાં માત્ર એક ખુદાનીજ પૂજા કરવી એ તેનો ધર્મ છે.

પરંતુ કુરઆન માનવજાત વિષે કહે છે કે તે જહાલતમા અટવાઈને પોતેજ પોતાની ઉપર ઝુલ્મ કરે છે. "ઝલૂમન જહૂલા"મા એજ હકીકતનો ચિતાર દોરેલો છે. માત્ર મનુષ્ય જ એવું પ્રાણી છે જેને ખુદાએ સામાન્ય સમજશકિત ઉપરાંત બુદ્ધિ પણ આપી છે, જેનો યોગ્ય ઉપયોગ કરીને તે જગતમાં સાચા અર્થમાં ખુદાનો ખલીફા (પ્રતિનિધિ) બની

શકે છે. પરંતુ જે માણસો બુદ્ધિનો ખરો ઉપયોગ કરી શકતા નથી, તેઓ જાહિલ–અજ્ઞાનજ રહી શકાય અને તેઓ પોતાની એ જહાલતને લીધે પોતાની ઉપર ઝુલ્મ કરે છે.

માનવજાતિની ઉત્પત્તિ થઇ ત્યારથી તેની બૌદ્ધિક દોરવણી માટે ખુદાએ નબી અને રસૂલ મોકલવા માંડયા છે. તેમનું કામ માત્ર ખુદાનો માર્ગ દેખાડી આપવાનો છે, તેણે મોકલાવેલ પયગામ પહોંચાડી દેવાનો છે. કોઇ તમની વાત ન સાંભળે કે ન સુધરે એની જવાબદારી તેમને માથે નથી. 'બર રસૂલાં બલાગ બાશદ્ો બસ'' અર્થાત રસૂલોનું કામ તો બસ પહોંચાડી દેવાનું છે. અલબત્ત તેઓને આવા પવિત્ર કામ માટે ચુંટી કાઢેલા હોવાથી તમનું જીવન અતિ પવિત્ર હોય છે અને તેમનું સાન્નિધ્ય ઉત્તમ પ્રકારનું હોય છે. ખુદાનો જે પયગામ મનુષ્ય જાતિને પહોંચાડે છે, તેનો પોતે અમલી નમુનો હોય છે. એથી બીજા લોકોને ખુદાના પયગામ વિષે સંપૂર્ણ માહિતી મળી શકે છે અને નમૂનો જોયા પછી અનુકરણ કરવું સહેલ થઇ પડે છે

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે: "જગતમાં કોઇ માનવટોળું એવું નથી જેમા અગે અમારો નબી કે રસૂલ મોકલાયો ન હોય." "દુનિયામાં એવું કોઇ સ્થાન નથી જ્યાં અમારા તરફથી ડરાવનાર લોકો પાસે ન ગયો હોય." વગેરે. એ પરથી માલિત થાય છે કે દુનિયાના દરેક વિભાગમાં અને જગતમાં થઇ ગયેલી બધીજ પેઢીઓમાં ખુદાએ પોતાના પયગમ્બરો મોકલ્યા હતા. જ્યારે જ્યારે જે જે દેશમાં લોકો બુદ્ધિનો ઉપયોગ બંધ કરીને અધર્મ તરફ વળ્યા, ત્યારે ત્યારે તે તે દેશમાં ખુદાએ નબી કે રસૂલ મોકલ્યા. આમ ભિન્નભિન્ન સ્થળે અને ભિન્નભિન્ન માનવટોળાંમાં ભિન્નભિન્ન રીતે નબી મોકલવાનું કારણ એ હતું કે, માનવજાતિ હજુ બાલ્યાવસ્થામાં હતી માનવબુદ્ધિની ઠીકઠીક ખીલવણી થવા પામી ન હતી, જગતના જુદા-જુદા વિભાગમાં વસતાં માનવટોળાં એકબીજાથી અજાણ હતાં. મુસાફરીના સાધનોની ઉણપ, એકબીજા સુધી સંદેશા પહોંચાડવાની સગવડતાઓ અને યાંત્રિક સામાનીઓનો અભાવ આદિ અનેક કારણોને લીધે જે જે પ્રદેશમાં જે જે ટોળું વસતું હતું તે પોતાના પ્રદેશ અથવા મહુ મહુ તો આસપાસના થોડાક પ્રદેશને જગત્ રૂપ માની બેઠું હતું. કવાના દેડકા જેવી સ્થિતિ પ્રાપ્તેલી હતી.

કુરઆને મજીદમાં ખાસ કરીને અરબસ્તાનની આસપાસના પ્રદેશમાં થઇ ગયેલા થોડાક પયગમ્બરો વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાંનો મોટો ભાગ બની ઇસરાઇલ નામની કોમની સુધારણા માટે અવાતરવાર મોકલવામાં આવેલા નબીઓ અને રસૂલોનો છે. એ ઉપરથી માલિત થાય છે કે બની ઇસ્રાઇલ સિવાયની બીજી કોમો જે અન્ય કરતદના દેશોમાં વસતી હતી તેમની સુધારણા માટે પણ અકેક નહિ બલ્કે અનેક રસૂલો અને નબીઓ મોકલવામાં આવ્યા હશે.

પરંતુ જ્યારે માનવબુદ્ધિના વિકાસનો સમય આવી પહોંચ્યો, જ્યારે માનવજાતિ બાલ્યાવસ્થામાંથી આગળ વધીને જવાનીના મયદાનમાં આવી પહોંચી, જ્યારે મુસાફરીના સાધનો વ્યાપાર કે રાજ્ય વિસ્તારના હેતુસર વધી પડયાં, એક દેશથી બીજે દેશ સુધી સંદેશા પહોંચાડવાનાં સાધનો તરફ ધ્યાન અપાવા લાગ્યું, માનવસમાજે સૂર્ય, ચંદ્ર, પશુ, પક્ષી, નદીઓ, સમુદ્રો અને વૃક્ષોને પૂજ્ય ગણવાને બદલે તેમનાં પાસેથી સેવા લેવાનો વિચાર કર્યો, ત્યારે સમસ્ત જગત માટે એકજ રસૂલ મોકલવાનો સમય પાકી ચૂક્યો હતો પરંતુ કુરઆન કહે છે કે : "ખુદાની કુદરતની એક મોટી નિશાની એ છે કે જ્યારે ભૂમિ સુકાઇ જાય છે (તરસી બની જાય છે) અને ચોમેરના દુષ્કાળનાં લક્ષણો વ્યાપી જાય છે, ત્યારે તે આકાશમાં વરસાદનાં ચિન્હો જાહિર કરે છે અને તમે આશાનિરાશા વચ્ચે ઝોલા ખાતા એ ચિન્હોને નિરખી રહો છો." "એની રબૂબીયત (પોષણશક્તિ) અને રહમત (દયાળુપણા)ને જુઓ કે જ્યારે તમે આશાનિરાશા ભરી નજરે આકાશને નિરખો છો અને જ્યારે આખી ભૂમિ ઉપર મૃત્યુ અને દુષ્કાળી છવાઈ જાય છે, ત્યારે તે આકાશમાંથી પાણી વરસાવે છે અને ભૂમિ ઉપર મૃત્યુ પછી જીવન પયદા થાય છે. ખુદાની કુદરતનાં દૃશ્યોમાં ખચિત વિચારકો અને બુદ્ધિમાનો માટે ભારે નિશાનીઓ રહેલી છે."

પાર્થિવ જગતની જેમ આધ્યાત્મિક જગત પણ છે. જેવી રીતે વરસાદ પડવાથી જમીનમાંથી દબાયેલ પુષ્પ ફુટી નીકળે છે અને ખેતરો લીલાછમ બની જાય છે તેમ આધ્યાત્મિક જગતમાં પણ "વહી" રૂપી વરસાદ વરસે છે. પરંતુ જેવી રીતે જમીનની એકેએક રૂજકણ તરસ તરસ પોકારી ઉઠે છે અને ખુદા તરફ ધ્યાન ચોંટાડે છે ત્યારે ખુદાની રહમત વરસે છે, એજ રીતે જ્યારે આધ્યાત્મિક જગતમાં ખરાબી પયદા થઇ જાય છે અને ધર્મને ઠેકાણે અધર્મનો દોર ચાલે છે, ત્યારે આત્મા કકળી ઉઠે છે અને ખુદાની રહમત તરફ મીટ માંડે છે, ત્યારે ખુદા તરફથી પયગમ્બર મોકલવામાં આવે છે.

હજરત મુહમ્મદ મુસ્તફા (સલ૦) પહેલા પાયગંબરો વર્ષો પણ વધુ સમય એવો વીતી ચુક્યો હતો જેમાં જગતના કોઈપણ ભાગમાં કોઇપણ પયગમ્બર જન્મ્યો ન હતો આખા જગતમાં ઘોર અધર્મ રૂપી અંધકાર છવાઈ ચૂક્યો હતો. દરેક ધર્મમાં સ્વાર્થી પાદરીઓ, મોલવીઓ અને બ્રાહ્મણો આદિએ પોતાને મનગમતા ગોટાળા કરી નાંખ્યા હતા ધર્મને નામે એ બધા ધર્મગુરુઓ પોતાનો સ્વાર્થ સાધતા હતા. પોતાની દરેક ઇંદ્રિયોની વાસના પોષી શકાય એવા સિધ્ધાંતો એમણે ઉભા કર્યા હતા. પોતાની પવલીયાનો નિરંકુશ રીતે વિસ્તાર કરવા માટે ધર્મપ્રવર્તકો (નબીઓ અને રસૂલો)ના જીવનચરિત્રોને એવી રીતે જનસમાજ આગળ રજુ કરવા માંડયા, જેમાં એમને મનુષ્યત્વથી પર બલ્કે ખુદાનેજ અનુરૂપ રૂપે અવતરેલા તરીકે ઠસાવવા ઉપરાંત તેમના

ચાન્સિયને એવી સ્વસ્થિત રીતે રજુ કરવામા અવ્યા જેથી પોપો અને સ્રાત્સણોને પોતાની પાપવાસના તૃપ્ત કરવા માટેનો ધાર્મિક આધાર મળી શકે. ઈસ્વી સનની છઠ્ઠી અને સાતમી સદી વચ્ચેનો ઇતિહાસ પણ આપણને બતાવી આપે છે કે એ કાળે જગત આખામા ધર્મની છાયામાજ મદ્યપાન, જુગાર, સ્ત્રીલંપટતા, ખૂનરેઝીનો દોર ચાલતો હતો. માનવતાનુ હૃદયાનુ અધઃપતન થઈ ચુક્યું હતું દરેક પ્રકારની ખરાબી વ્યાપી ગઈ હતી કુરઆન એન કારણ એજ બતાવે છે કે "એમની ઉપર એક લાંબો કાળ વીતી ગયો (અર્થાત લાંબા કાળ સુધી કોઈ નબી તેમની સુધારણા માટે મોકલવામા ન આવ્યો) એટલે તેમના કાળજાં સખત થઇ ગયા" અને પનિગમ લિખે એકજ વાક્યમા બધી ઓળખાણ કરી નાખે છે કે "ભૂમિ અને સમુદ્ર પર (અર્થાત્ સમસ્ત જગતમા) ખરાબી (ફસાદ) ફેલાઇ ગઈ હતી"

જુના ધર્મોના વિકૃત સ્વરૂપ અને તેના પરિણામોનો ખ્યાલ માત્ર ખ્રિસ્તી ધર્મનો તે સમયની સ્થિતિ પરથી જ આવી જશે, કારણ કે એ બીજા બધાથી જૂનો ધર્મ હતો અને હજી તો છ સૈકા જ એણે પસાર કર્યા હતા ખુદ ખ્રિસ્તી ઇતિહાસકાર અને પાદરીએ પોતાના શબ્દોમા એ કાળે ખ્રિસ્તી ધર્મની શી સ્થિતિ હતી તેનો ચિતાર નીચેના શબ્દોમા રજુ કર્યો છે: "સાતમા સૈકામાં ખ્રિસ્તી ધર્મ અધોગતિએ પહોચી ચુક્યો હતો. તેનું સ્વરૂપ વિકૃત થઈ ચુક્યું હતુ અને અંતરિક ઝગડા ફેલાવનાર પંથોએ બેહદ નુકસાન પહોચાડ્યુ હતું તથા પાક ધર્મનું સ્થાન પદાર્થ-પૂજા, વહેમ-પૂજા અને ભ્રષ્ટા ચારે લઇ લીધું હતું." મારેમારેના ઝગડાઓને મરણે આકાશી સલતનત વેરવિખેર દશાએ પુગી હતી અને તેણે દોઝખનું સ્વરૂપ ધારણ કર્યું હતુ"

જેમન મસ્તનતમા, મિસરના ટાલમીઓમા, ઇરાનના મઝદકીયોમા અને હિંદના વામમાર્ગીયોમા સગી માતા અને સગી બહેન સાથે સંભોગ કરવામા પાપ મનાતું ન હતું. વામમાર્ગીઓને તો એમા સ્વર્ગની કુંચી મળતી હતી ઇરાન અને મિસરમા માતા કે બહેન સાથે લગ્ન પણ થતા હતા હિંદમા ભોગ માટે નકકી થયેલા ગોઠાનુ વીર્ય પોતાની સ્ત્રીના ગર્ભમા નખાવવામા પુણ્ય મનાતું હતુ ધંધાને અંગે થયેલી વેશ્યાઓએ વ્યભીચારનું સ્થાન લીધુ અને તેને ધાર્મિક ઓપ ચઢાવવામા આવ્યો. પરિણામે માનવતામા ભેદ પડ્યો, અને એ ભેદભાવે શત્રુવટને જન્મ આપ્યો અનેક પુરુષો વચ્ચે એકજ સ્ત્રી પરણવાનો રિવાજ શરૂ થયો સ્ત્રીની કીમત એટલી બધી હલકી અંકાઇ કે જુગારમા પણ સ્ત્રીની હારજીત થવા લાગી. છઠ્ઠા સૈકાના અંત ભાગમાં સ્ત્રી જાતિમાં આત્મા છે કે નહિ એ વિષય ઉપર ખ્રિસ્તીઓ વચ્ચે ભારે વાદવિવાદ જાગ્યો અને પાદરીઓની સમિતિએ વધુમતે ઠરાવ કર્યો કે સ્ત્રીમા પણ આત્મા

રહેલો છે. નિયોગ જેવો રિવાજ અનેક દેશોમાં પ્રચલિત હતો. મનુશાસ્ત્રમાં બાર રીતે પુત્ર ઉત્પન્ન કરવા સંબંધી જે ઉલ્લેખ થયેલો છે એ વિચારી જોતાં તે સમયની સમાજરચના જાણી શકાય છે. આજે પણ હિંદમાં સ્ત્રીને જનેઈ અપાતી નથી, તે પતિની મિલ્કત ગણાય છે. પતિ મરી જતા કાં તો સ્ત્રીને બાળી મુકવામાં આવતી કા તો જીવનભર પરાણે વૈધવ્ય પળાવવામા આવતુ. અંધશ્રધ્ધાળુ માણસો પોતાની પુત્રીઓ દેવતાઓને અર્પણ કરતા, જે મંદિરોમાંજઇને ગાયન અને નૃત્ય વડે દેવતાઓને આનંદ કરાવતી

માનાશ એ કે આખા જગતમાં સર્વ રીતે અજ્ઞાનના અને અધર્મની આંધીઓ ચાલી રહી હતી. ધર્મને નામે પાપાચાર અને ભ્રષ્ટાચારના ભવાડા થતા હતા ત્યારે અરબસ્તાન કે જે પૃથ્વીના મધ્યબિંદુ રૂપ છે અને જ્યા ખુદાની ઇબાદત માટે સૌથી પહેલું ધામ તૈયાર થયું હતું, ત્યાં આખા જગતની ખરાબીઓ એકત્ર રીતે ખદબદતી હતી.

એવા ઘોર અંધકારને લીધે આત્મિક જગતમાં બેચેની ફેલાઇ ગઇ હતી, ખુદાની રહમત ક્યારે નાઝિલ થાય છે એ તરફ સૌ આત્માઓનું ધ્યાન લાગ્યું હતુ. કેટલાક સંસારી માણસો પણ આ સ્થિતિથી કંટાળીને સત્યનો પ્રકાશ ક્યારે ફેલાય છે એ આતુરતાથી જોઈ રહ્યા હતા. કેટલાક માણસોએ લોકોની સુધારણા માટે બીડું ઝડપ્યું; પરંતુ રહેજ પણ સફળતા ન મળી. જ્યારે જગત ચારેતરફ પોકારવા લાગ્યું ત્યારે ખુદાની રહમત નાઝિલ થઇ અને છમો વર્ષના ગાળા પછી જગતના મધ્યબિંદુ રૂપી અરબસ્તાનમ (કે જ્યાં અગાઉ પણ હજરાઓની હતી) આખી દુનિયા માટે પ્રલયકાળ સુધીને માટે એક મહાન અંતિમ નબી અંતિમ સંદેશા (કુરઆન) સાથે મોકલ્યો, જેના ઉપદેશ અને અમલને પ્રતાપે જોતજોતામાં જગતમાંથી અજ્ઞાન અને અધર્મનો અંધકાર દૂર થવા લાગ્યો

એ મહાન નબી (સલ્લ૦)ના જીવનચરિત્ર અને ઇસ્લામ સંબંધી બીજા લેખક ભાઇઓ કલમ ચલાવશે, એટલે એ વિષયને ચર્ચીને કાગળની મોઘવારીના આ ઝમાનામા વધુ પાના રોકવાનું ઉચિત ગણતો નથી. પરંતુ કેટલાક મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવાનુ આવશ્યક જણાય છે.

ખત્મે નબૂવ્વત

નબી કે રસુલની જરૂર ત્યારે જ હોઇ શકે છે જ્યારે માનવબુધ્ધિ પરિપક્વ થઈ ન હોય અને લોકો સમજી ન શકે એવા ગંભીર વિષયોની ચોખવટ થતા પામી ન હોય અથવા ધર્મગ્રંથમાં ગોટાળા થવાની શકયતા કેટલાક કારણોસર હોઇ શકે અને સ્વાર્થી લોકો ધર્મમા એવા ગોટાળા ઉભા કરી શકે અને તેને પકડી પાડવાનું સાધન હોય નહિ, ત્યારે નવા નબી કે રસુલની જરૂર ઉભી થાય છે. પયગમ્બરે ઇસ્લામ (સલ્લ૦) માનવબુધ્ધિના વિકાસના યુગની શરૂઆતમાં જન્મ્યા હતા

અને આપનો પયગામ આખા જગતમા ફેલાઇ જવાનાં સાધનોની શરૂઆત થઇ ચુકી હતી એટલે ખુદાએ બધીજ બાબતોની ચોખવટ કુરઆનમા કરી નાંખી અને જાહેર પણ કરી દીધું કે "આજે તમારા દીનને સંપૂર્ણ કરી દીધો છે અને બધીજ નેઅમતો આપી દીધી છે." વળી સાથે સાથે એ પણ ખાત્રી અપાવી દીધી કે કુરઆનમા કયામત સુધી એક કાના માત્રાનો પણ ફેરફાર થવા નહિ પામે અને અલ્લાહ પોતે ઇસ્લામનો રક્ષક છે.

છતા લાખે ગજે લોકો ભુલાવામા પડી જાય અને સ્વાર્થી લોકો અભણ માણસોને ખોટે માર્ગે દોરવી જાય એ સ્વાભાવિક હોવાથી રસુલુલ્લાહે (સલ૦) મુસલમાનોને ચેતવણી આપી દીધી કે તેમણે ખરા અર્થમા જે લોકો આલિમ છે અને જેઓ માત્ર ચરી ખાનારા અને ઝગડા ફસાદ ઉત્પન્ન કરી પોતાના પેટની દોઝખ ભરનારા "ઉલમાએ સૂ" નથી તેમની પયરવી કરવી જોઇએ, અને એવા ઉલમાએ હકને છેક બની ઇસરાઇલના નબી જેટલું મહત્વ આપ્યુ છે. વળી એ પણ બતાવી આપ્યું છે કે દર સૈકાની શરૂઆતમા એક એવો આલિમ (મુજદ્દદ) જન્મશે જે બાકીની ખરાબીઓને દુર કરશે. સારાંશ એ કે હવે કોઇ નબી આવનાર નથી અને મુસલમાનોની સુધારણા અર્થે જે કોઇ આલિમ કે મુજદ્દદ પધારે આવશે તે હુઝુર (સલ૦)ના અદના ઉમ્મતી તરીકેજ હશે.

રહમતુલ લિલ આલમીન

હુઝુર (સલ૦)ને અપાયેલા ખિતાબમાં એ વાતની ચોખવટ કરવામા આવી છે કે હુઝુર [સલ૦] સર્વ લોક માટે રહમત રૂપ છે અને તેમના ઉમ્મતીઓએ પણ રહમત રૂપ બનવું જોઇએ. આપની પયરવી કરવાનો દાવો કરવા સાથે કોઇ માણસ લોક માટે રહમત રૂપ બની જાય તો તે સાચા અર્થમાં મુસ્લિમ નથી "ઉમ્મત" શબ્દને પણ સમજી લેવાની જરૂર છે. કુરઆનની ભાષામા "ઉમ્મત" એ માનવમેળાને કહેવામા આવે છે જેની સુધારણા માટે કોઇ નબી કે રસુલને મોકલવામા આવ્યો હોય. એ નબીની જેઓ પયરવી કરે છે તેઓ તેમજ તેનો વિરોધ કરનારા ઉભય એના ઉમ્મતી ગણાય છે. નબીયે આખિરઝમાન [સલ૦] આખા જગત માટે કયામત સુધીના પયગમ્બર તરીકે મોકલવામા આવ્યા છે એટલે આપના ઝમાનાથી કયામત સુધી દુનિયામા વસનારા બધાજ માણસો હુઝુર [સલ૦]ના ઉમ્મતી છે, આપની પયરવી કરનારા પણ અને વિરોધીઓ પણ.

અલ્લાહ તઆલા સૌને નેક તવફીક આપે અને ઇસ્લામનો સાચો માર્ગ બતાવે. આમીન.

આજની ભડકે બળતી દુનિયાને ઠારવાનો અચૂક ઉકેલ

જગવિખ્યાત લેખક બર્નાડ શૉ શું કહે છે?

આજની બેહદ મોંઘવારી અને તેમાયે નાણાં ખર્ચતા કાગળો મળવાની મુશ્કિલી વચ્ચે **નામૂસે મિલ્લત** ઈદે-મીલાદના મવકા પર પયગમ્બરે ઇસ્લામ [સલ્લ૦]ના જીવન અને શિક્ષણ ઉપર એક ગ્રન્થ બહાર પાડવાને તૈયાર થાય એ કેટલાકોને શોચનીય જણાશે; પરંતુ કુતિયાણા પાસે મોંઘવારી અને અછત એ બન્ને મુશ્કિલીઓને પૂગી વળવાની શક્તિ છે; સાથેજ તેની પાસે એવાભારી ઉત્સાહી નવયુવાન કાર્યકરો છે, એટલે આ સર્વ મુશ્કિલીઓ અને આડખીલીઓ વચ્ચે પણ પોતાના મનોરથોને ફાળવાનો કુતિયાણાને હક છે. નામૂસે મિલ્લતનો આ મુબારક પ્રયાસ કદર કરવા જોગ છે.

કુતિયાણામાં હું મેમણ વેલફેર સોસાઇટીના કામ માટે આવેલો છું, તેમાં નામૂસે મિલ્લતના સંચાલક જનાબ ઉસ્માન ભાયલા "મુશીર" આદિબ પોતાના મઝકૂર ગ્રંથ માટે મને એક લેખ લખી આપવા આગ્રહ કરી રહ્યા છે. હું તેમની આ મુહબ્બત માટે મમનૂન છું અને હું ઘણોજ ખુશ થયો હોત અગર એમના આ પ્રેમાગ્રહના જવાબ રૂપે કંઈક મવકાસરનું અને ગ્રંથને શોભારૂપ થાય એવું લખી શકતો હોત તો! નથી લખી શકતો એ માટે અફસોસ કરી હું આ થોડી લીટીઓ દ્વારા માત્ર એટલુજ કહીશ કે જે હઝરત રસુલુલ્લાહ સ. અ. વ. ને માટે **બર્નાડ શૉ** જેવી જગવિખ્યાત શખ્સિયત કહી ગયેલ છે અને અત્યારે જે મારા મનોવ્યાપારમાં આગળ તરવરી આવે છે, અને તે એ છે કે આજની ભડકે બળતી દુનિયાને ઠારી તેમા સ્નેહ, સુખ અને શાંતિ તુરતમાં પથરાઇ શકે છે અગર ઇસ્લામના મહાન પયગમ્બરના શિક્ષણ પર મનન કરવામાં આવે તો. સામ્રાજ્યોની હોસાતોંસી અને પ્રચંડ પાયેની વિનાશવાદની પરંપરા ત્યાજ અટકાવી શકાય છે અગર મઝહબે ઇસ્લામ અને તેના સંદેશવાહક સલ્લમના અમૂલ્ય બોધપાઠોને અમલમાં લેવામાં આવે તો. એ બોધપાઠોમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના, કવમ કવમ વચ્ચેના, દેશ દેશ વચ્ચેના, સામ્રાજ્ય સામ્રાજ્ય વચ્ચેના, તમામ ઝગડાઓનો સરળ ઉકેલ રહેલો છે. હું તો માનું છું કે એક સમય એવો આવશે કે જ્યારે જગત આખરે પયગમ્બરે ઇસ્લામના શિક્ષણ પરજ આવશે.

એમ. એ. સોઝર. A. C. I. S.
બહાદરપુર, જેતપુર તા. ૫-૩-૪૩.

ચોંકશો નહિ !

તમારા ટૂથ-બ્રશના વાળ સુવ્વરના છે

ટૂથ-બ્રશ એટલે બ્રિસ્ટલ બ્રશ

: અને :

બ્રિસ્ટલ-બ્રશ એટલે સુવ્વરનાજ વાળ!

મુસલમાન ક્યાં અને એ નજાસત ક્યાં?

અજાણપણે એમ કર્યું; હવે,
જાણ્યા પછી એને છોડો અને—

"મિસ્વાક" વાપરો

મિસ્વાક ——————→ એટલે બ્રશમાં મિસ્વાક અને મિસ્વાકમાં બ્રશ

એ વાળના નથી; રેશાના છે
દીની નઝરે દુરસ્ત : દુન્યવી નઝરે તન્દુરૂસ્ત

મિસ્વાક જુનીઅર: બચ્ચાઓ માટે, મિસ્વાક લેડીઝ: અવરતો માટે
મિસ્વાક પ્રોફિલેકટિક અને શોર્ટ હેડ : મર્દો માટે

સ્ટોકિસ્ટ : **મુહમ્મદ અહમદ બ્રધર્સ**
૨૨૦, કટલરી બાઝાર, મુંબઇ-૩.

નબીજીવનમાંથી

એક સફો

લેખક :
જનાબ ઇખ્લાસ સાહિબ
બી. એ [ઓનર્સ]

ઇખ્લાસ સાહિબ એક પ્રતિભાશાળી નવયુવાન લેખક છે. મઝહબી સાહિત્યનું એમણે ઘેરૂં અધ્યયન કરેલું હોઇને, મઝહબી વિષયોમાં તેઓ ખૂબ ખીલી ઉઠે છે. અહિંરજુ થતો લેખ એમની કલમનો એક અચ્છો નમૂનો છે.

સિદ્ધાંત ઉપર અમલ કરવા પરજ જીવનસાફલ્ય અને જીવનપ્રગતિનો આધાર છે. જેટલી જેના સિદ્ધાતની સંગીનતા અને જેટલી જેના અમલની મકકમના તેટલીજ ઉન્નત તેની કામયાબી. આ હકીકત જેવી રીતે એક વ્યકિત વિષે અને તેની વ્યકિતગત ઝિંદગી વિષે ખરી છે, તેવીજ રીતે એક જનસમુદાય વિષે અને તેની સમુહગત ઝિંદગી વિષે પણ ખરી છે.

મઝકુર નિયમને નિગાહમાં રાખો અને આલમના ઇતિહાસ પર દષ્ટિ દોડાવો: માનવપિતા હઝરત આદમથી લઇને હઝરત ઇસા પછીના ૬ સૈકાંઓના ઝમાનામા તમને કયાય નહિ દેખાય કે એકજ સદીમાં એક સમ્રૂહે દુનિયાના પોણા ભાગ ઉપર સર્વોપરી હકૂમત ભોગવી હોય, કે તુટેલી તલવારો અને ભાગેલા ભાલા ધગવતી, પેટે પત્થર બાંધીને રહેતી પ્રજાએ શસ્ત્રસજ્જ અને ધગએલી પ્રજાઓ ઉપર ફતેહ મેળવી હોય, કે જેના શાસનની અચળતા માટે ખુદ મહકૂમ પ્રજા અંતઃકરણ પૂર્વક દુઆઓ માગતી હોય. પરંતુ આ બધી વાતો તમને એક પ્રજાના ઇતિહાસના શરૂઆતના સફાઓમાં સોનેરી શબ્દોમાં લખાએલી દેખાઇ આવશે. વીરતા અને મર્દાનગીનાં જે ચણતર મુસ્લિમ પ્રજાએ ચણ્યાં છે, તેના ખંડેરોનો મુકાબલો કોઇ પ્રજાના શૌર્ય-જવહરના મહેલાતો પણ કરી શકયા નથી આજના વિજળિક યુગમા પણ કોઇ પ્રજા ૧૨ વર્ષમા ૩૬૦૦૦ શહેરો અને કિલ્લાઓ સર કરવાના મુસ્લિમ રેકોર્ડને ચેલેંજ શકી નથી. આ બધું શું સંગીન સિદ્ધાંત અને મકકમ અમલ વગર થઇ ગયુ ? નહિ એ વીરતા અને મર્દાનગીની એ વીરહાક છે કે અમારા ઉસૂલો બીજા કોઇના નિયમો અને સિદ્ધાતો કરતાં ઉચ્ચતર છે. પરંતુ સવાલ એ છે કે ઇસ્લામી ઇતિહાસના પ્રથમ પાનાઓમાં ચમકતું તેજ પાછલા પાનાઓમાંથી કેમ અદૃશ્ય થઇ ગયું છે ? ગઇ કાલના ઇસ્લામ-બાગમાં પાકતા હતા તે

વિનય શૌર્ય અને અગાધ વિદ્વતાના અણ મોલ મોતીઓ આજે ગ નથી પાકતા ? મધ કાલના ઈસ્લામીઓ સમજ તે વ્યકિતન જીવ। હતુ જે॥ આગમન મન્ધે આ દુનિયા અને તેના બાજયમીઓ વજૂદમા આવી, જેને આલમ નૂરિ-મન્દાર જગત ગુરૂ અને રહમતુલિન આલમીન॥ મહાન વિશવધોથી યાદ કરી રહ્યુ છે એ પવિત્ર ઇન્સાન હજરત મુહમ્મદ સલલ્લા અલયહિ વસ લમના જીવનની વસ્ત અને શિક્ષાની અમર હતી જે અગો॥ નિશ્ચોમા પયવસ્ત થઇ ગઇ અને ઇતીહાસ પર ઇન્કિલાબ પ્રગટાવી ગઇ

જગતગુરૂનું શિક્ષણ ? સગી। ઉમલ્લો પર સતત અમલ નૂરિ-મન્દારનું જીવન ? અતિ સાદુ જીવન માત્રે ગનીમત (દુશ્મન પરાજય પામી નાસી જતા વિજેતાના હાથમા આવતી દવલત) નો જે હિસ્સો નાખીને મળતા તે મુદતાજોને વહેંચાઇ જતો દવલત સંઘરવાનુ નામ નહોત રહમદિલી, ઉદારતા અને મહાનુભૂતિની એ સ્થાયી તસ્વીર હુદ યબિયાની સંધી વેળા કેવી રીતે ઝળકી હતી તે અતિ મશહુર છે

આજે આપણે જોઇએ છીએ કે કોઇ મુસલમાનથી જાણે અજાણે મુસલમાનો॥ હિત વિરૂધ કંઈ બોલાઇ ગયુ કે કુદરતના કુદરતનો વરસાદ તેને તરબોળ દે છે નબી-જીવનમા બનેલા એક અતિ સ્વશન બનાવનું વર્ણ। શાયદ મુસલમાનોને માર્ગ-દર્શની બતાવી શકે ! અબ્દુલ્લાહ ઇબ્નને ઉબયનુ શબ્દ-વિલાસુલિમઇતિહાસમા હસદની જલતી જવાલા છે ઝાદિમા એ કુમો પદતો, બાતિનમા એ ઇસ્લામ-નિકંદનની કોશિશો કરતો મૂર્તિ પુજકો અને યહુદીઓને મુસલમાનો વિરૂધ એ ઝનિમ ઉશ્કેરી મુકતો મુસલમાનો મુસી બતમા સપડાઇ જતા પાક નબી એની દગા બાજ વર્તણુકથી નાવાકિફ ન હતા છતા એને મોતને ઘાટ ઉતારવાની સહાબાની વખતોવખતની માગણી એમણે [મનવ] અમ કહીને કબુલ ન નાખી કે જગત કહેશે કે મુહમ્મદે પોતાના સાથીન વેલી કેલ્યુ આ ઉપન્યો સ્પષ્ટ પાકતા એ ઉમલ સાબિત થાય છે ઝાદિમા કુમો પદનાર વ્યકિતને ગુપ્ત દુશ્મની માટે મઝા ન કરવી અને હસદ, બગાવત અને શત્રુવટની આગમા બળી બળીને ઇબ્નને ઉબય મરી ગયો પયગમ્બર સ્વહસ્તે તેને કબરમા ઉતાર્યો દુનિયા એ દૃશ્ય જોઈ બોલી ઉઠી હશે કે અહિંસુતા અને મહાશીલતાએ નિકાક અને હસદને દફનાવી દીધો

રેલગાડી અને ટેલીફોન જેવી મહત્વની શોધોનો ઉપયોગ પડેલી વખતે અમ્બા આલિમોએ નિહાળ્યો તો તેઓ પુકારી ઉઠયા કે આ તો શયતાની કરેલ જાદુ છે રે જહાનત ! આમ અતિ લાભદાયક શોધોને ધુતકારવા જતા તેમનીજ હાની થઈ કદાચ ખન્દકની લડાઇ તેમને યાદ નહિ હોય ?

મુસુક્ર ઇના હાથે પહેલાં શિકસ્ત અને પછી અમાન મેળવી બગદાદમાં આવી વસેલો બન નઝીર નામે યહૂદી કબીલો કયામતની કિનો ઉઠાવી રહ્યો હતો. શાંતિચાહક નબીની દીર્ઘ દૃષ્ટિએ જોયું કે અનેક કબીલાઓના એકત્રિત બળ સામે મુસલમાનોની કંઇ વિસાત નથી. રસૂલલાની યોજના વિચારવા એમણે સહાબાને એકત્ર કર્યા. પહેલાં દરાની સહાબી દમ્મત સલમાન (રદી.) ઇરાની યુદ્ધ કળામાં પારંગત હતા. અરબો માટે તદ્દન નવી એવી યુદ્ધ તરકીબ એમણે પેશ કરી. તે અનુસાર ખાઇઓ ખોદવામાં આવી. અર્શના યાત્રાળુઓએ મામૂલી મજદૂરની પેઠે કામ કર્યું. મુનાફિકો સાથ ત્યાગી ગયા અને દુશ્મનોનો ઉભરાતો માનવ-સાગર તીર વરસાવતો આવી પહોંચ્યો. પણ નબી ગોઠે કનાગત કરી, અલ્લાહના પરસ્તારોની જીત થઇ.

રસૂલે ખુદાનો સર્વોત્કૃષ્ટ સિદ્ધાંત એ હતો કે અલ્લાહનું નામ જગતના દરેક ખુણામાં પ્રસારી દેવું. આ રસૂલને અમલમાં મુકતાં નઝિ-અન્દાજે કેવાં કેવાં કષ્ટો નથી વહોર્યાં ? ગમે તેવી ધાકધમકી કે લાલચ આપને આપના ઉમૂલપ્રચારથી કે ઉસૂલના અમલથી ડગાવી ન શકી. આપની સ્થાયી જીવનજ્યોત ફુંકોથી બુઝાવી નાખવાની વ્યર્થ કોશિશોમાં મક્કાવાસીઓ મશગૂલ થઇ જતા. પરીવશ લલનાઓ મેવામાં લાવી મકવાની અને કાફરની દવલત ચરણોમાં પેશ કરવાની લાલચ આપતા એમાંથી કંઇ પણ આપને આપના સિદ્ધાંતથી વિમુખ કરી શકી નહિ. સિદ્ધાંત ખાતર પ્યારા વતનથી હિજરત કરી ગયા. આટલુ છતા આપે વિરોધીઓ વિરૂદ્ધ કદી બેઝારી દર્શાવી નથી. દુશ્મનોનુ બુરૂં ઇચ્છવા કરતા તેઓ (સલ) દુઆ કરતા કે હે અલ્લાહ મારી કવમ મને પિછાની શકી નથી, તું એને સદ્બુદ્ધિ આપ.

આવો જીવન-નમૂનો અને આવું શિક્ષણ જે પ્રજાની નજર સામે હોય તે વગર હથિયારે હિટલરોના હાથ હેઠા પાડે એમા શી નવાઇ !

રસૂલે કરીમ—
પરધર્મીઓની નજરે

: લખનાર :
જનાબ 'સીરતી' સાહિબ

'સીરતી' સાહિબ મુસ્લિમ-ગુજરાતના એક અચ્છા લેખક અને ભાષાન્તરકાર છે. એમનાં કેટલાંક અનુવાદિત પુસ્તકો પ્રગટ થઈ ચૂકયાં છે. અહિં રજુ થતો તેમનો લેખ રસપૂર્વક વંચાશે એમાં શક નથી.

મહાન સુધારક

"હઝરત મુહમ્મદ (સલ.) નમ્ર સ્વભાવના, વિવેકી, દયાળુ, સત્યવાદી, ન્યાયી, ઉદારદિલ અને મહાન સુધારક હતા. ગરીબ અને તવંગર ઉભય આપની નજરમાં સમાન હતા. ઠંગાલોને આપે કદી હિકારતથી જોયા નથી હઝરત મુહમ્મદ પ્રત્યેક માણસ સાથે મુહબ્બત પૂર્વક પેશ આવતા, બીમારોની ખબ'પુર્સી માટે જતા, ગરીબોની દા'વત કબૂલ રાખતા. બકરીનું દુધ દોહવું, પોતાના વસ્ત્રોને પોતે થીગડા માર્યાં, આગ સળગાવવી, ઝાડુ કાઢવી વગેરેહ ઘન્નુ અદનામાં અદના કામ હાથે કરતા. જગતના ચૂકતે પ્રમાણિક સંશોધકો માન્ય રાખે છે કે, હઝરત મુહમ્મદની ઝહેબીકરણી માનવ સદ્‌ગુણોનો સર્વોચ્ચ અને અદ્‌ભૂત સિદ્ધિ છે. હું એ માનવાને મજબૂર છું કે હઝરત મુહમ્મદની તબ્લીગ અને હિદાયત ખાલિસ સચ્ચાઇ પર અવલંબિત હતી."

—કાઉન્ટ ટોલ્સ્ટોય

તેજસ્વી તારો

"જ્યારે સમસ્ત પશ્ચિમ (યૂરપ) પર નિમિત્તા પથરાઇ વળી હતી ત્યારે એક તેજસ્વી અને ચમકદાર તારો પૂર્વના આકાશ પર ચમકયો. તેણે ન કેવળ સમસ્ત સૃષ્ટિને ઝળહળાવી નાખી, બલ્કે દુઃખી અને પીડિત જનોને સુખ અને રાહત પહોચાડયા જેને જૂદા ગણાવી શકાય એવા મઝહબોમા ઇસ્લામ નથી. અગર હિન્દુઓ માનપૂર્વક ઇસ્લામનો અભ્યાસ કરે તો તેઓ યકીનન 'મહાત્મા પેઠે તેનું માન જાળવવા લાગશે"

—ગાંધીજી

ઇસ્લામ અને તલ્વાર

"ઇસ્લામ તલ્વારના ઝોરે પ્રચાર પામ્યો છે એવો કદી મ્હને સ્વપ્ને પણ ખ્યાલ

આવ્યો નથી. ઇસ્લામની કામયાબી, હઝરત મુહમ્મદનું સાદું, પ્રમાણિક અને નિઃસ્વાર્થ જીવન, વચનપાલન, સાથીઓ અને અનુયાયીઓની અસાધારણ હિમાયત, અલ્લાહ ઉપર સંપૂર્ણ આસ્થા અને દૃઢતા અને ધીરતા સાથે સંકલિત છે."

—ડૉ. એબડ બર્મિંગહામ

અરબસ્તાનનો અમીન

"તે નામ શું હતું જે વડે મક્કાના તમામ સ્ત્રી–પુરુષો અને બાળકો આપ (સ.)ને ઓળખતા હતા ? તે નામ **'અમીન'** હતું અર્થાત, વિશ્વાસપાત્ર. આપની વચ્ચે વસવાટ કરતા લોકો જે સ્વરૂપથી આપને યાદ કરતા હોય એવો 'અમીન' જેવો બીજો કોઈ બંધુ પ્રતિષ્ઠિત અને શરીફ સ્વરૂપ મ્હારી નજરે પડતો નથી."

—એની બેઝન્ટ

ઇસ્લામનો મહત્વોચ્ચ

"ઇસ્લામનો તે ભાગ–જેમાં તેના સ્થાપકનો સ્વભાવ સ્પષ્ટ રીતે દ્રષ્ટિગોચર થાય છે–અત્યંત સંપૂર્ણ અને હૃદયાગ્રો પ્રભાવાંકિત છે. અન્યાય, અસત્ય, ગર્વ, વૈર, ઈર્ષા, લાલચ, ઉડાઉપણું, હરામકારી, વિશ્વાસઘાત, બદગુમાની, શરમ, મલનશીલતા, નીતિ, ધીરજ, લગાવનિ, કરકસર, સરવાર, ઉદારદિલી, દૃઢતા અને સૌથી અધિક અલ્લાહ ઉપરની આસ્થા અને શ્રધ્ધા વગેરેહ નીતિવાન શત્રોને સાચી ઇમાનદારી અને સાચા મુસલમાનનું અસલી નિશાન ઠેરાવવામા આવ્યું છે."

—મી. ચેમ્બર

મુહમ્મદનો મઝહબ

"હઝરત મુહમ્મદનો મઝહબ ઇસ્લામ શંકાઓ અને સંદેહોથી પાક છે. એજ પયગમ્બરે પત્થરોની, માનવોની, તારાઓની પુજાને મળળ દલીલો વડે રદબાતિલ કરી નાખી છે."

—ગીબન

માનવતાની ઉન્નતિનું રહસ્ય

"એ વસ્તુ મુહમ્મદની સચ્ચાઈની સાબિતી રૂપ છે કે જે લોકોએ મોથી પહેલાં ઇસ્લામ કબૂલ કર્યો તેઓ સત્યવાદી લોકો હતા; બલ્કે આપના જાનૂભેદુ, યા આપના કટુબીજનો હતા. જેઓ આપના ખાનગી જીવનથી સંપૂર્ણ માહિતગાર હતા. નિઃસંદેહ હું એ વાત સ્વીકારું છું કે આપ (સ.)ના ઇસ્લામ મઝહબમાં પરહેઝગારી અને ખુદાતરસી એવા સંપૂર્ણ દરજ્જે છે કે બીજા ધર્મોમાં હરગિઝ જોવામાં આવતી નથી. હું એ પણ માનું છું કે, માનવ સદ્ગુણોની ઉન્નતિનું રહસ્ય માત્ર ઇસ્લામજ છે."

—સર વિલ્યમ મુર

સદ્‌ગુણોના ભંડાર

"હઝરત મુહમ્મદ (મ.)ના વિચારો અને જીવન પર દ્રષ્ટિપાત કર્યા પછી કોઈ ન્યાયી અને પ્રમાણિક માણસ તેમની મહત્તા, નૈતિક હિંમત, સાદગી, શુભાશય અને દયાવૃત્તિનો ઇંકાર કર્યા વિના રહી શકતો નથી. એ સદ્‌-ગુણોની સાથે સાથે દૃઢતા, આત્મબળ, વાસ્તવ વર્શિતા અને વ્યવહારની બુદ્ધિની દક્ષતા પ્રત્યે પણ આખ મીચામણા થઇ શકે એમ નથી."

—લેફ્ટનન્ટ કર્નલ સાઈકેસ

જગતના મહાપુરૂષ

"મ્હને ઇસ્લામ પ્રત્યે પ્રેમ છે, અને હું ઇસ્લામી પયગમ્બરને જગતના મહાન પુરૂષ તરીકે લેખું છું આપ (સ.)ના સામાજિક જીવન અને રાજકીય તાલીમનો હું પ્રશંસક છું. હઝરત ઉમર [રા.]ના કાળને હું ઇસ્લામના સર્વોત્તમ કાળ તરીકે લેખું છું.'

—લાલા લાજપતરાય

અકીદતનાં ફૂલ

"જે જગતના મહાન ધર્મોમાં ભક્તિ-ભાવનું સંશોધન કરવાની શક્તિ અને યોગ્યતા ધરાવે છે તે ઇસ્લામની સ્મૃતિમાં ભક્તિના બે ફુલ ચઢાવ્યા વિના રહી શકતો નથી. અને, મહાપુરૂષ મુહમ્મદ [સ] સાહબનાં ચરણોમાં અકીદતના ફુલ ન્યોછાવર કરવાને મજબૂર છે."

—લાલા કેમરદાસ

જગતનાં મહાન ઉપકારક

"હઝરત મુહમ્મદ (મ)નું જીવન અને તેમની તાલીમને નિહાળી કોઈ પણ માણસ સમજતાથી એ પરિણામ ઉપર પહોંચી શકે છે કે હઝરત મુહમ્મદે [મ.] જગત પર ભારે ઉપકારો કર્યા છે અને જગતે આપની તાલીમથી અનેક લાભો ઉઠાવ્યા છે."

—જુગલકિશોર ખન્ના
બી.એ એલ.એલ બી

મહાન માર્ગદર્શક

"હઝરત મુહમ્મદ [સ] તે મહાન મઝહબી માર્ગદર્શકોમાંથી છે, જેમણે જગતના ઇતિહાસને પલટાવી નાખ્યો છે અને લોકોના આચાર-વિચારમાં એક એવી ક્રાંતિ ફુકી દીધી છે જેની અસર સદીઓ લગી કાયમ રહેશે"

—પંડિત રામદેવ

ઇન્સાનુલ કામિલ

: લેખક :
જનાબ અબ્દુલકાદિર મૂસા લાખાણી
એમ. એ., એલએલ. બી.

જગતના છેલ્લા અને મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ [સલ.]ના જીવન ઉપર આપણે એક ઉડતી નઝર નાખીશું તો જણાશે કે પયગમ્બર (સલ.) નું જીવન તદ્દન સાદું અને સરળ હતું, તેવી જ રીતે પયગમ્બર (સલ.) મારફત ઇસ્લામે જગતને જે સંદેશ આપ્યો તે પણ સાદો અને સરળ છે. પરંતુ એ સાદા અને સરળ સંદેશામાં એ દેશ પાછળ, ઇસ્લામના એ દ્રષ્ટીના સીધા સિદ્ધાન્તો પાછળ જગતના લગભગ તમામ સાદા અને અટપટા, ગુઢ અને ગંભીર પ્રશ્નોનો સાદ્યન્તિક તોડ આપણને દેખાશે.

મુસ્લિમ–ગુજરાતના આંગળીને વેઢે ગણી શકાય એટલા મૌલિક લખનારાઓમાં જનાબ અબ્દુલકાદિર મૂસા લાખાણી સાહિબનું એક વિશિષ્ટ સ્થાન છે. એમનો આ લેખ મનનપૂર્વક વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

આજના બીસમી સદીના ધમાલીયા અને ગુંચવણભર્યા જગતના આધુનિક યુગને મુંઝવતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. લગ્ન સંસ્થા, સામાજિક બંધારણ, આર્થિક પ્રશ્નો, વ્યાપારના પ્રશ્નો, સમાજવાદ કે બંધારણવાદ, સર મુખત્યારવાદ કે લોકશાહીવાદ, લીગ ઓફ નેશન્સ અને આંતરરાષ્ટ્રીય શાંતિ, વિશ્વબંધુત્વ અને વિશ્વસહિષ્ણુતા : આ અને આવા અનેક ગુંચવણભર્યા પ્રશ્નો આજના જગતને મુંઝવી રહ્યા છે. જગતના મહાપુરૂષો, તત્વચિંતકો, મુત્સદ્દીઓ અને તપસ્વીઓ આ પ્રશ્નોનો તોડ કાઢવા હરહંમેશ નવી નવી યોજનાઓ રજુ કરે છે; પરંતુ આ બધી યોજનાઓ એ પ્રશ્નો જેટલીજ ગુઢ અને અટપટી હોય છે.

છઠ્ઠા સૈકાના અંતમા અને સાતમા સૈકાની શરૂઆતમાં લગભગ આવાજ પ્રશ્નો જગતને મુંઝવી રહ્યા હતા. એકલા અરબસ્તાનમાંજ નહિ પરંતુ જગતના દરેક દેશ અને ભાગમાં તે યુગના તત્વચિંતકો અને મહાપુરૂષો એ પ્રશ્નોના નિકાલ માટે જોશભેર ચર્ચાઓ કરતા હતા.

એ સમયે જગતના ઇતિહાસમાં પણ

હિન્દમાં ઈસ્લામી સંસ્કૃતિનું પુનરૂત્થાન

લેખક : જનાબ "નૂર" સાહિબ

મુસલ્લમાંકો મુસલ્લમાં કર દિયા તૂફાને મગરિબને;
તલાતુમહાએ દરિયાહીસે હય ગવહરકી સયરાબી.

—ઇકબાલ

મુસ્લિમ-ગુજરાતના પ્રખર અને પ્રતિભાશાળી પત્રકાર જનાબ "નૂર" સાહિબને ગુજરાત-કાઠિયાવાડમા કોણ નથી ઓળખતું ? "ઇન્કિલાબ" અને "મુસ્લિમ બુલેટિન" ના તંત્રી તરીકે તેઓ પોતાની ઈકબાલી અને ઇન્કિલાબી કલમનાં ચમત્કારિક જવહર બતાવી ચૂકયા છે. અતિ રસ્તુ થતા લેખમાં એમની રમતિયાળ શૈલી અને એમના તલસ્પર્શી ચિન્તનનાં દર્શન થાય છે.

પશ્ચિમની ભભકભરી સંસ્કૃતિની તરફીનુમા ગખડેલતામાં અને તેના ચિન્તકો અને વિચારકોએ ઉભાં કરેલાં વાદો અને વિચારોનાં ભ્રામક તૂફાનોમાં, ઇકબાલે મુસલમાનો માટે આત્મભાન અને ખુદશનાસીના જે અવકાશો જોયા હતા, ઠીક એવાજ અવકાશો આજે હિન્દુસ્તાનમા પણ, તેનાં રાષ્ટ્રવાદી તૂફાનોથી ઉઘડી ચૂકયા છે. કોન્ગ્રેસના દંભી રાષ્ટ્રવાદ અને હિન્દુ મહાસભાના ઉગ્ર હિન્દુવાદ સાથે ટકરાઇને હિન્દી મુસલમાન આજે ખુદબીન અને ખુદનિગર બની રહ્યો છે અને પોતાના અસલ સ્થાન અને મૌલિક માનને પામવાની ફિકમાં મુબ્તિલા થયેલો જોવાઇ રહ્યો છે. પાછા ઇસ્લામીયત તરફ વળવાની-પોતાના દેહ ઉપરથી ઉખડી ગયેલા ઈસ્લામી સંસ્કૃતિના રંગોને ફરીથી ઘેરાશ અને ઉજ્જવલ આપવાની, અદીઠ અને અસ્પષ્ટ વૃત્તિઓ ચારેકોર આકારો લઇ રહી છે; અને કયાક તે પોતાની રાષ્ટ્રીય ઝબાનના રક્ષણમાં તો કયાંક પોતાના નોખા તઅલીમી ઢાળ અને ઢાંચા ઘડવાની ફિકમાં,-કયાંક પોતાનો મખસુસ પહેરવેશ પરિધાન કરવાની વૃત્તિમાં તો કયાંક કાગળાર અને પત્રવ્યવહારમાં ઇસ્લામી સન અને તારીખ ઇસ્તેમાલ કરવાના વલણમાં,-ગરજ કે જીવનના વિવિધ ક્ષેત્રોમાં, વિવિધ રીતે, આવિષ્કાર પામી રહી છે. આ આવિષ્કાર હજુ હળવો છે અને ધીમો પણ છે. હજુ તે વેગીલો પણ થયો નથી અને વ્યવસ્થિત પણ થયો નથી. પણ વાની અચૂક દિશા તે ઝુરર બતાવી રહ્યો છે. મુસલમાનોને મુસલ્લમાન બનાવે એવું એક મહાબળ કામે લાગી ગયું છે અને તેની સામેના ગાંડા પ્રતિવેગો અને પ્રતિરોધોને જોતાં તેની સફળતા થઇની પણ છે.

આમ, મગરિબી સંસ્કૃતિની જેમ તૂફાને ચઢેલા હિન્દી રાષ્ટ્રવાદે પણ, મુસલમાનોને મુસ-

લમાન બનાવવા માંડયા છે. અત્યાર સુધી સમુદ્રની અપારી તેહમાં ગર્ક અને ગળાડૂબ પડેલો હિન્દી મુસલમાન મોજાંઓની હડફેટે ચઢી દરિયાની અસીમતાથી સભાન થઇ રહ્યો છે. તેના ખાલી સદ્દને પાકિસ્તાની મવહર પણ મળી ગયુ છે અને તે મળ્યાના ખયાલથી મખમૂર થયેલો તે ફરીથી પોતાના મૂળ સ્થાને જવાના અજબ ઉત્સાહ અને ચેતન પણ બતાવી રહ્યો છે.

ભુગમા ભુરી પછડાટો ખાધા પછી પણ, જાણે કશુયે બન્યુ ન હોય એવી અદાથી ફરીને આવતા મડેલા આ હિન્દી મુસલમાનને જોઇને એ પૂછવાનુ મન થાય છે કે, ઇસ્લામી સંસ્કૃતિમાં જીવનનુ એવુ તે કયુ બળ છે, જીવવાની એવી તે કયી ચેતના છે કે તે મુસલમાનોને આ અગમ્ય જોશ અને આ અપરાજિત હિમ્મત આપી રહ્યાં છે. ઇસ્લામી સંસ્કૃતિમા આખિરે એવુ છે શુ કે, સો વર્ષથી હિન્દી મુસલમાનો ચારેકોરથી ચેપાયેલા અને ચગદાયેલા રહ્યા હોવા છતા અને પશ્ચિમની સંસ્કૃતિ અને હિન્દુ રાષ્ટ્રવાદના પ્રહારો ઉપર પ્રહારો તેમના ઉપર પડતા રહ્યા હોવા છતાં, તેઓ પોતાની નોખી કવમીયતને હજુ સુધી જાળવી શકયા છે ? ઇસ્લામી સંસ્કૃતિમા એવી તે કયી કશિશ છે કે, હિન્દી મુસલમાન મગજ્બિની મોહક સંસ્કૃતિથી કાફી પ્રમાણમાં અજાણ ચૂકયો હોવા છતાં, તેના દામનને મૂકતો નથી ? કવમ સાથે તેની સંસ્કૃતિ પણ કમઝોર થઇને વિલીન થતી હોવાનો સ્વાભાવિક ક્રમ છતાં, ઇસ્લામી સંસ્કૃતિ આખિરે કયી ચીઝની બનેલી છે કે, મરવાનું નામ પણ લેતી નથી અને ઉલટું તેનેજ ફરીથી વધુ ગાઢા આલિંગનો આપવા માટે મુસલમાનોને ઉભારી અને ઉશ્કેરી રહી છે ?

બેશક, આ એક ચમત્કાર છે. સંસ્કૃતિઓની તવારીખમા આ તેના પ્રકારની પહેલીજ મિસાલ છે. ઇસ્લામી સંસ્કૃતિની આ અજબતા અને અનન્યતાને સમજવા સાટે, તેની ચન્દ વિશિષ્ટતાઓથી આગાહ થવુ પડશે

કોઇ પણ પ્રજાની સંસ્કૃતિ એ હકીકતમાં તે પ્રજાના સમુહગત માનસનું આવિષ્કરણ હોય છે. પ્રજાના સમુહગત આચાર-વિચાર, તેની લાગણીઓ અને વૃત્તિઓ, તેના ઝવક અને શવક, તેનાં રસ અને વલણો સમગ્રપણે જે એક તસ્વીર પેશ કરે છે, તેને આપણે તે પ્રજાની સંસ્કૃતિ કહીએ છીએ દેખીતું છે એમ, એવી સંસ્કૃતિ જન્મ લેતાં, ઘાટઘૂટ પામતાં અને છેવટે મુકમ્મિલ થતાં વર્ષો લે છે. તેના સર્જનની ક્રિયા ઘણીજ ધીમી હોય છે. ઝયાતર તે, જે વાતાવરણમાં તે જન્મી રહી હોય છે અને જે સ્થિતિ-સંયોગો તેને જન્માવી રહ્યાં હોય છે તેનોજ પરિપાક હોય છે બહારની અસરોનો પણ તેના ઘડતરમાં મોટો અને મખસૂસ ફાળો હોય છે. શરૂઆતમાં તો કોઇ જાણતું પણ હોતુ નથી કે એક નવી સંસ્કૃતિ જન્મ લઇ રહી છે. જ્યારે તે સંસ્કૃતિ તેના યૌવન-કાળમાં આવે છે ત્યારેજ તેના અસ્તિત્વનું ભાન થાય છે. સંસ્કૃતિનો વિલય

પણ એટલોજ અદીઠ અને ધીમો હોય છે. પોતાનાં સારાં તત્વો બીજી જન્મ પામી રહેલી સંસ્કૃતિઓને આપી તે રફતા રફતા બિલ્કુલ અદૃશ્ય થઇ જાય છે.

ઇસ્લામી સંસ્કૃતિ માટે આમાંનું કશું કહી શકાય એમ નથી. તેની મોટી વિશિષ્ટતા એ છે કે તેના ઘડતર, વિધાન અને રચનાની ક્રિયા સંસ્કૃતિઓ માટેની આ સ્વાભાવિક ક્રિયાથી તદ્દન ઉલટી છે. તે કોઇ પ્રજાના માનસનું આવિષ્કરણ નથી, પણ ખુદ ખુદનુંજ આવિષ્કરણ છે. બીજા શબ્દોમાં, તે એક એવા પ્રકારનો જીવન-નિઝામ છે, જે કોઇ પ્રજાના વિચાર વર્તનથી નહિ, પણ વિચાર અને વર્તન માટે યોજાયો હોય. ઇસ્લામી સંસ્કૃતિના જન્મ પહેલા અરબ પ્રજાના જીવનમાં છાયેલા અઘોર અંધકારને, તે પછી તુર્તજ ઉગી નીકળનારા ઇસ્લામી સંસ્કૃતિના દશે દિશાઓ અજવાળનારા ભવ્ય પ્રકાશના આગમનનાં ચિન્હો બતાવનારો કહી શકાય નહિ કુબ્બાઓમાં અને કબીલાઓમાં વેરાયેલો ઇન્સાન બીજીજ પળે માનવતાની એક ભવ્ય ત્રિનન્દીના સુર છેડતો બની જાય; પુત્રી-પ્રસવને ભયંકર અપમાન માની અવરત જાતને પામર ગણનારો માનવ બીજીજ ક્ષણે તેના કદમ નીચે જન્નત જોનારો થઇ જાય; શરાબ, વ્યભિચાર, વ્યાજ, જુગાર ખૂત-ખરાબી અને ચોરી-ડાકાઝનીમાં કશું પાપ કે પતન ન જોનાર વળતીજ ઘડીએ પાણી પણ અમુક ઢબે પીવા જેટલા આદાબનો પાબન્દ બની જાય તો, તમે કહેશો કે ઝુરૂર કોઇ અકસ્માત થયો છે: કશું અણધાર્યું ઝુરૂર બની ગયું છે: આ કોઇ ક્રિયાના સ્વાભાવિક વિકાસનું પરિણામ ન હોઇ શકે. ઇસ્લામી સંસ્કૃતિનો ઉદય એ અરબ પ્રજાના જીવનમાં બેશક એક અણધાર્યો પલ્ટો હતો. અરબ પ્રજાના સમૂહગત માનસનો પડઘો તમે તેને કહી શકો નહિ.

બીજી સંસ્કૃતિઓની જેમ, ઇસ્લામી સંસ્કૃતિને ઘડતર અને વિધાનના લાંબા કાળ-માંથી પસાર પણ થવુ પડ્યું નથી. જેવી હાલતમાં તે હોવી જોઇએ, એવીજ હાલતમાં તે એકાએક અને પળવારમાં જન્મી હતી. બહારની કશી અસર લીધા વગર પોતાની તમામતર લાક્ષણિકતાઓ અને ખુસૂસીયતો સાથે, જાણે ઘટાટોપ અંધકારમાં એકાએક કોઈ અજવાળું કરી ગયું હોય એવી રીતે તેનુ આગમન થયું હતું.

ઇસ્લામી સંસ્કૃતિની આ નિરાળી વિશિષ્ટ-તાજ તેનામાં રહેલા અખૂટ જીવન-બળનો દલીલ છે. કારણ કે કોઇ પ્રજાના માનસનુ તે પરિણામ નથી અને કોઈ પ્રજાના આચાર-વિચારમાંથી તેનો ઉદ્‌ગમ થયો નથી, એટલે કોઇ પ્રજાની પસ્તી કે બુઝન્દી સાથે તેનું કિસ્મત જરા પણ વાબિસ્તા નથી. જીવવા માટે તેની પાસે તેનાજ વિચારો અને આદર્શોનું બળ છે: જીવી જવા માટે તેની પાસે તેનીજ વિશિષ્ટતાઓ અને લાક્ષણિક-તાઓનું લોખંડ છે. જ્યારે દુનિયા એનાથી બહેતર વિચારો અને આદર્શો પયદા કરશે અને જ્યારે તેને જ્હેરી શકે તેવું લોખંડ કોઇ

બીજી સંસ્કૃતિ જન્માવશે, ત્યારેજ ઇસ્લામી સંસ્કૃતિ એના કુદરતી મરતે મરી શકશે, પણ સાડાતેરસો વર્ષના લાંબા અરસામાં આજ સુધી એમાંનું કશું કમારેય મુમકિન બન્યું નથી, અને એક મુસ્લિમનું તો એ ઇમાન છે કે એવું કાલાન્તરે બનવાનું પણ નહિ. ઇસ્લામી સંસ્કૃતિ અજર અને અમર રહેવા માટેજ સર્જાયેલી છે.

મગરિબી સંસ્કૃતિ, કહેવાય છે કે આજે તરક્કીની ઉંચામાં ઉંચી બુલન્દીઓ ઉપર જલવાઅફરોઝ છે અને છતાયે જુઓ કે દુનિયામાં ખૂન અને ખરાબી દુઃખ અને સંતાપ, અસંતોષ અને અસત્ય કેટલા ગઝબનાક પ્રમાણમાં ફાલી અને ફુલી ઉઠ્યા છે! મગરિબી સંસ્કૃતિ માનવતાની સંસ્કૃતિ નથી અને બની શકતી પણ નથી તે તો એવા ઝમાનાની સંસ્કૃતિ છે જેઓ સેન્દરનો ઉપર મતલબ સવાર છે એ સંસ્કૃતિના રોમેરોમમાંથી ઝમી રહી વાસનાઓ, ભૌતિક ભૂખો અને દુન્યવી વાસનાઓનીજ બદબૂ આવી રહી છે. તેની આખીયે ઇમારત વિનાશ અને વાસના ઉપર ચણાયેલી છે જગતના પ્રશ્નોને અને માનવતાની સમસ્યાઓને તેણે કાંઇક એવાં તો ગુંચવી નાખ્યાં છે કે આ મહાન સંસ્કૃતિનો પોતા મરણ ટાણાનો મુફકિર જ્યોજ બર્નાર્ડ શો એ કહેવા માટે મજબૂર થઇ ગયા છે કે ઇસ્લામના બાની [સ] અગર આજની દુનિયાના ફરી ડિકટેટર બની જાય તો જગતની આજની ગુંચો અને માનવતાની આજની સમસ્યાઓ પળવારમાં ઉકેલાઇ જાય. બર્નાર્ડ શો, યૂરોપની આવતી કાલને ઇસ્લામી સંસ્કૃતિના રંગોથી રંગાયેલી જોઇ રહ્યો છે. અને વાકઇ આડે ફંટાઇને ખુદકશી વહોરી રહેલા પશ્ચિમને ઇસ્લામી સંસ્કૃતિના શાહ-માર્ગ ઉપર આવ્યા વગર છુટકોજ નથી.

ઇસ્લામી સંસ્કૃતિમાં રહેલા અમાપ બળની એજ તો ખૂબી છે કે, જગતની આજની તમામ સમસ્યાઓના વ્યવહારૂ ઉકેલ માટે તેની એકની પાસેજ મવજૂદ છે. ઇસ્લામી આદર્શોથી વધીને કોઇ આદર્શ માનવતાએ હજુ પર્યન્ત કર્યો નથી કોઇ એવો બહેતર વિચાર પણ હજુ સુધી જન્મ્યો નથી, જે તેનાજ પ્રકારના ઇસ્લામી વિચારોથી વધીને અને ચઢાને હોય. વાદો અને વિચારોમાં, આદર્શો અને આદર્શોમાં જગત આગળ ગયું નથી એમ પણ નથી : પણ એ આગેકૂચ શાહ-માર્ગ ઉપરની આગેકૂચ નથી : આડા માર્ગો ઉપરનું તે દિવાનું ભટકવું માત્ર છે, જે હવે ખુદ વધીને હયરાન છે કે આગળ વધવું ક્યાં? ઇસ્લામી આદર્શો અને વિચારો, જાણે કોઇ પ્રજાએ તેના જીવનની પ્રયોગશાળામાં, વર્ષોના વર્ષો સુધી પોતાના જીવન ઉપર અખતરાઓ કર્યા પછી તોળી તોળીને મિજાનપૂર્વક કાયમ કર્યા હોય એવો ચોકખો ભાસ આપી રહ્યા છે તેનાથી કોઇ જગ્યાએ આડું ફંટાય તો પરિણામ તબાહીજ આવે એટલી તો તેની મચોટતા છે.

આ કોઇ ધર્મજનની મુરિબમનો દિવાનો અહમ નથી. ઇસ્લામી સંસ્કૃતિ માટે જે

કંઇ કહેવાઇ રહ્યું છે, તેની સત્યતા અને ઝચોટતાને કસોટીએ ચઢાવવા માટે મગરૂબી સંસ્કૃતિ થોકબંધ સ્પર્શ–પત્થરો પૂગ પાડી રહી છે માનવતાને પ્રજાઓ અને રાષ્ટ્રોમાં તકસીમ કરી રહેલી તેની એ દિવાનગીને જુઓ, જેણે મવત અને ખૂન ધરતી પર સરતાં કરી મૂક્યાં છે, લોકશાસનવાદ અને સમુખત્યાર-શાહીના બે અંતિમ છેડાઓ ઉપર નર્તી રહેલી તેની એ શાસન-પ્રણાલિને જુઓ, જેણે દુનિયાને ભયંકર કશમકશમાં ઉતારી મૂકી છે યા પછી મુડીવાદ અને સમાજવાદ વચ્ચે તરફડિયાં લઈ રહેલી તેની આર્થિક સમસ્યાઓને અવલોકો, જેણે ઇન્સાનને ઈન્સાનનો દુશ્મન અને દુનિયાનો ગુનામ કરી મૂક્યો છે અથવા તો અવગતને હરેક ક્ષેત્રમાં મર્દની હમપદ્દા કરી રહેલા તેના એ ગાડપણને જુઓ, જે જગત ઉપર અનીતિ અને વ્યભિચારને આમ અને વ્યાપક કહી રહ્યું છે–અને તમને લાગશે કે, પશ્ચિમની સંસ્કૃતિ એની ઉંચાઈઓ ઉપરથી જગતને જે કાંઇ આપી રહી છે તે બધા રોગજ રોગ છે ઇન્સાન, ઈન્સાન તરીકે ઓથી લાગી રહ્યો છે મનુષ્યનું મનુષ્યત્વ આટલી હદે પામર કયારેય થયું હોતું, ના રોમનોની નિર્વંશજ સંસ્કૃતિના દરબારમાં પણ નહિ આ અધ પાતનું નિવારણ આજે સિર્ફ ઈસ્લામી સંસ્કૃતિ પાસેજ છે. ઇસ્લામી સંસ્કૃતિના પાણી પીને ઉછરેલી પશ્ચિમની સંસ્કૃતિ આડે ફંટાઇને અને સ્થાપિત મર્યાદાઓને ઓળંગીને હવે ખુદકશીના માર્ગે બેધડક ધસી રહી છે. તે જીવી નહિ શકે : તેને જવુજ પડશે. તે જશેજ જશે અને ઇસ્લામી સંસ્કૃતિને ફરી એકવાર જગતના અને માનવતાના મુક્તિદાતા બનવુજ પડશે.

ઇસ્લામી સંસ્કૃતિ તરફ ફરી રહેલા હિન્દી મુસલમાને એટલે એ ખૂબ સમજી લેવાનું છે કે, જે સંસ્કૃતિના પુનરુત્થાન માટે તે ચળવળી રહ્યો છે, તે નજદીકના ભવિષ્યમાંજ જગત-સંસ્કૃતિ બનવાની છે અને એ સંસ્કૃતિના મુખ્ય વાહક તરીકે કદાચ તેણે જગત-ઇમામતની જવાબદારીઓ પણ અદા કરવાની છે ઇસ્લામી સંસ્કૃતિનું ખરૂં અસ્તિત્વ ત્યારે તેને સમજવાની મુસ્લિમોની શક્તિ ઉપર અવલંબેલું છે ત્યારે હિંદી મુસલમાને સૌથી પહેલાં, તેને તેનાં ખર્ગ રૂપો અને રંગોમાં સમજી લેવાની જરૂરત છે

ઇસ્લામી સંસ્કૃતિમાં આટલું જીવન-બળ અને ચેતન હોવા છતાં અને આટલી તાજગી અને નવિનતા હોવા છતાં, આટલાં વર્ષોથી તે નિષ્ક્રિય રહી છે તે માટે મુસ્લિમોની ઇસ્લામને સમજવાની યા તો કમજોરી યા તો ઝિંદી થઇ ગયેલી સમજ–શક્તિજ જવાબદાર છે જ્યારે મુસ્લિમોએ તેને સમજવાની પોતાની શક્તિને મોકળી ન મૂકી, જ્યારે પૂર્વજોએ તેને જેવી રીતે સમજ્યો હતો ઠ–ક–ઠ તેવીજ રીતે સમજવાનો તેમણે આગ્રહ રાખ્યો અને અને જ્યારે ઇજતિહાદના દરવાજા સમૂળગા બંધ કરી દેવાયા, ત્યારે ઇસ્લામી સંસ્કૃતિનો પ્રવાહ સ્થગિત થઇ ગયો, તેની જીવન-શક્તિ ઘટી ગઇ અને બહુ બહુ તો તે એક પવિત્ર

સંસ્થા બનીને રહી ગઈ. તેના અનુયાયીઓ સમજ્યા નહિ કે ઇસ્લામી સંસ્કૃતિ ગમે તેટલી અનોખી અને વિશિષ્ટ હોવા છતાં, જ્યારે તે માનવતા માટે છે, ત્યારે સ્થળ-કાળનાં બંધનોથી અને તેની મર્યાદાઓથી તે છેકજ પર ન હોઈ શકે. એક નદીના પ્રવાહને જો. પ્રવાહ તરીકે જારી અને સારી રહેવું હોય તો તેણે જમીનના ઉતાર-ચઢાવ પ્રમાણે વાંક-ઘોંક લેવાજ પડશે. બીજા શબ્દોમાં જે જમીન ઉપર તે વહી રહ્યો છે, તેના મિજાજ અને તેના સ્વભાવને તેણે અનુરૂપ થવુંજ પડશે. એથી પ્રવાહના પ્રવાહપણાને કશી નાનમ અડતી નથી. જે ચીજ તેણે વહી લઈ જવાની છે, તે તો તેની તેજ રહે છે. તેમાં કશો ફર્ક પડતો નથી. ઉલ્ટુ પ્રવાહમાં રહેલી જીવન-શક્તિની એ તો દલીલ છે. જમીનના આ મિજાજને જે પ્રવાહ સાચવી શકે નહિ, તેના નસીબમાં તો ખમોચિયું બનવાનુંજ સર્જાયેલું છે. ઇસ્લામી સંસ્કૃતિ સંબંધી પણ કશુંક આવુંજ છે. જ્યારે તે દરેક સ્થળ અને દરેક કાળ માટે છે, ત્યારે સ્થળ-કાળના ચઢાવ ઉતારને અનુરૂપ તેણે પણ થવુંજ જોઇએ. એમાંજ તેનો વિકાસ રહેલો છે. જ્યારે મુસ્લિમોએ આ હકીકતને અવગણી, પોતાની રીતે તેને રહમજવવાનો આગ્રહ ન રાખ્યો, ત્યારે એક જિન્દહ બળ તરીકેનું ઇસ્લામી સંસ્કૃતિનું અસ્તિત્વ ઠુંઠવાઈ ગયું. હજુ તો તેણે તેની તરક્કીના મુખ્ય પગથિયાં વટાવ્યાંયે ન્હોતાં કે, જગત-મિમ્બર ઉપરથી તેને ઉતરી જવું પડ્યું.

હવે મુસ્લિમો જ્યારે ઇસ્લામી સંસ્કૃતિને ખરા રૂપમાં અને પોતાની રીતે રહમજવાની વૃત્તિ બતાવશે, ત્યારે તે ફરી એકવાર જિન્દહ બળ તરીકે મયદાનમાં આવશે. દુનિયાને તેના બળ આગળ ત્યારે ઝૂકવુંજ પડશે; અને દુનિયાની આબાદી અને માનવતાની બહેબૂદી માટેનું તેનું અધવચ્ચેથી અટકી પડેલું કામ તે ફરીથી હાથમાં લઇ દુનિયામાં ઇન્સાનને બદલે ખુદાની હુકૂમત સ્થાપીનેજ રહેશે. ઇકબાલની હકીમાના નજર આવું થવાના ઇમકાનો જોઈ પણ ચૂકી છે અને જુઓ તે કેટલી બેબાકાના રીતે તેનો ઇઝહાર કરી રહી છે !

આલમે નવ હય અભી પર્દએ તકદીરમેં,
મેરી નિગાહોંમેં હય ઉસકી સહર બેહિજાબ;
પર્દા ઉઠા દૂં અગર ચેહરએ અફકારસે,
લા ન સકેગા ફિરંગ મેરી નવાઓંકી તાબ.

× × ×

ફિર મુસલમાં મેં હય આજ વુહી ઇજતિરાબ,
શાહે ખુદાઈ હય યે કેદ નહીં સકતી જબાં;
દેખિયે ઇસ બહ્રકી તહસે ઉછલતા હય કયા!
ગુમ્બદે નીલુફરી રંગ બદલતા હય કયા!

ઈસ્લામમાં સ્ત્રીનું સ્થાન

: લેખિકા :
મિસિસ કુલસુમ પારેખ
એમ એ.

બહેન કુલસુમ પારેખ કાઠિયાવાડનાં પહેલાં મુસ્લિમ ગ્રેજ્યુએટ બહેન છે. એક શિષ્ટ અને સિદ્ધહસ્ત લેખિકા તરીકે પણ ગુજરાતી મુસલમાનોમા તેઓ એકલાજ છે. ઈતિહાસ એમનો ખાસ વિષય છે મનન અને સંશોધનપૂર્વક લખાએલા એમના ઘણા ઐતિહાસિક લેખો જુદા જુદા સામયિકોમા પ્રગટ થતા રહે છે.

ઈસ્લામના મહાન પયગમ્બરે સ્ત્રીઓની દયાજનક સ્થિતિ સુધારવા માટે કરેલા પ્રયાસોનો, બહુવાર વિપરિત અને ઉંધો અર્થ કરી, તેમની અવગણના કરવામાં આવે છે પાશ્ચાત્ય પક્ષપાત, જે પશ્ચિમનેજ સર્વ પ્રકારની પ્રવૃત્તિ અને સંસ્કારનું મથક માને છે, તે એક સત્ય બિનાનો સ્વીકાર નથી કરી શકતો કે જ્યારે તેરસો વર્ષ પહેલાં પશ્ચિમની સ્ત્રીઓ પુરુષોના અમાનુષિ વર્તનને વશ થઇ અંધકારની ઉંડી ખીણમાં સબડતી ત્યારે એક અજ્ઞ અરબસ્તાનની ધર્માંધ, નિરક્ષર અને રૂઢિચુસ્ત પ્રજાને જાતિ સમાનતાનો ઉપદેશ આપતા. જે યુરોપવાસીઓએ ધર્મ અને પ્રભુ પ્રેમના નામે હોઇપેશીયા જેવી નારીની ક્રૂર હત્યા કરી અને ગ્રીક વિદ્યાના પ્રવાહને જડમૂળથી ઉખેડી નાખવાના પ્રયાસ કર્યો તેજ યુરોપવાસીઓના વંશજ પૂર્વના મહાન સુધારકને એક વિષયાધિન પુરૂષ ઠેરવી, અનેક પત્નીવૃત્ત અને પર્દાની પ્રથાના પ્રચારક તરીકે દોષ દે છે. તેઓ ભૂલી જાય છે કે એક ઝનુની અને ધર્મચુસ્ત સમાજમાં નવા વિચારોનો પ્રચાર કરવો એ એક ભગીરથ અને મહા કઠણ કાર્ય છે. હઝરત એક સુધારક હોવા ઉપરાંત માનસશાસ્ત્રના અભ્યાસી પણ હતા અને એથીજ પોતાના સમકાલીનોને શાંત્વન આપી તેમની પ્રીતિ સંપાદન કરવાના હેતુથી નવી સુધારણાઓ એક ઝટકે બહાર પાડતા નહિ. તે ઉપરાંત ઘણી હાનિકારક પ્રથાઓના આરંભ માટે તેમના ઉપર આક્ષેપ મૂકવામાં આવે છે કે, જેનો પ્રથમ પ્રચાર તેમણે કર્યો ન હતો. ઇસ્લામ પહેલાંના યુગમાં પણ તે પ્રથાઓ પ્રચલિત હતી અને તેમને નષ્ટ કરતાં થનારો વિરોધ પોતાના પંથ માટે હાનિકારક સમજી હઝરતે તે પ્રથાઓને મર્યાદિત બનાવી મૂકી હતી. ગુલામો રાખવાની તથા અનેક સ્ત્રીઓ પરણવાની પ્રથા અરબસ્તાનના સમાજમાં જડ ઘાલી બેઠી હતી અને તે સમયે તેમનો અંત આણવો અશક્ય હતો. જ્યાં જ્યાં આવી હાનિકારક ગણાતી રૂઢિઓના પ્રચારની છૂટ આપવામાં આવી, ત્યાં ત્યાં અનેક શરતો પણ સાથે ઉમેરી દેવામાં આવી છે અને જો આ શરતો પર વધારે લક્ષ આપવામાં આવે તો હઝરતના ખરા હેતુ જાણી શકાય એમ છે. ગુલામો સાથે માયા અને દયાથી વર્તવાની

ભલામણ કરવામા આવી છે અને તેમને મુક્તિ આપવાનુ કાર્ય એક મહાન સદ્ગુણ અને પુણ્ય ચરણ તરીકે ગણવામાં આવ્યુ છે તેવીજ રીતે એકથી વધારે પત્નિઓવાળા પુરૂષોને બધી સ્ત્રીઓ સાથે સમાનતા અને ન્યાયથી વર્તવાની આજ્ઞા આપી, આપેલી છૂટ બીજે હાથે અર્થહિન બનાવી પાછી લઈ લેવામા આવી છે કેમકે બધી પત્નિઓ સાથે સમાન વર્તન એક મધ્યમ માનવી માટે માત્ર અશક્ય નહિ પણ અસંભવિત કાર્ય છે

ઇસ્લામના આગમન પહેલાના અરબસ્તાનમા સ્ત્રીને પશુ તરીકે ગણવામાં આવતી પ્રાચીન અરબી કહેવતો જેવી કે 'સ્ત્રી શયતાનનુ ચાબુક છે અને 'ગધ્ધા, ઘોડા કે સ્ત્રીનો કદા વિશ્વાસ ન કરવો' તે સમયની સ્ત્રીઓની પીડિત દશાના દ્રષ્ટાન્ત રૂપ છે પ્રાચીન કાળનો ઈતિહાસ અને કુરઆન બને સાક્ષી પુરે છે કે સ્ત્રી સંતાનની હત્યા કરવાની રૂઢિ અરબસ્તાનમાં પ્રસરી રહી હતી, અને બાળકીના જન્મ માત્રથીજ તેના માત પિતાને અત્યંત શોક થતો આ નિર્દય અને અસ્વાભાવિક પ્રથાના અસ્તિત્વનાં કારણો ઘણાં હતાં કેટલ વખતે નિર્ધનતાના લીધે કેટલક દુભાગી લોકોને પોતાની કન્યાઓની હત્યા આવશ્યક થઇ પડતી કેવીનજનોને ભય રહેતા કે કદાચ તેમની પુત્રી કોઇ અપરિચિત અને ત્રાહિત પુરૂષ સાથે પરણી તેમની પ્રતિષ્ઠાને લાંછન લગાડે આ ઉપરાંત તે યુગમાં લડાઇ દરમ્યાન સ્ત્રીઓને બળજબરીથી ઉઠાવી લઈ જવામાં આવતી અને તેથી તેમના મનમા બીક રહેતી કે કદાચ યુવાવસ્થામાં તેમની કન્યા કોઇ શત્રુદળના માણસની પત્નિ બને ઇસ્લામના પયગમ્બરે બાળહત્યાની મનાઇ સ્પષ્ટ અને સંદેહરહિત ભાષામાં જાહેર પાડી અને સાથે સાથે જે કારણોના લીધે આ ક્રુર પ્રથાનો પ્રચાર થયો હતો તેમને પણ દૂર કર્યા હઝરતે દરિદ્રતાને કલંકરહિત બનાવી અને ભિક્ષુકોને દાન આપવાના કાર્યને પ્રસંશાપાત્ર અને ફરજીઆત બનાવ્યુ હઝરતના સમયથી પરાજિત અરબ સૈન્યના કેદીઓને ગુલામ બનાવવામાં આવતા નહિ એમને બળજબરીથી કરવામાં આવતા લગ્નનો અંત આવ્યો

હઝરતે સ્ત્રી તરફના પૂજ્યભાવ અને સન્માનને ઇસ્લામનો અભિન્ન અને મુખ્ય વિષય બનાવ્યો તેમણે સ્ત્રીને પુત્રી પત્નિ માતા અને સમાજના સભ્ય તરીકે એક નિગડ સ્થાન આપ્યુ પુત્રીને તેના પિતાની સંપત્તિમા ભાગ મળે એવો દક્ષ ઇતિહાસમા પહેલીજ વખતે એક ધાર્મિક પુસ્તક દ્વારા સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો કુરઆન જણાવે છે કે, "ઈશ્વરની આજ્ઞા છે કે પુત્રને બે પુત્રીઓ જેટલું મળે અને જો બે કરતાં વધારે પુત્રીઓ હોય તો પિતાની સંપત્તિમાંથી ⅔ ભાગ તેમને મળે, પરંતુ જો એકજ પુત્રી હોય તો અર્ધો ભાગ તેને મળે". હઝરતે એવુ પણ જણાવ્યુ છે કે પતિની પસંદગી કરવામાં પણ પુત્રીને પુછવામા આવે અને જો કોઈ અપરિણીત બાળા લજ્જાના કારણે મૌન સેવે તો તેનાં મનોભાવને

અનુમોદન તરીકે ગણવું. તેમણે પોતાની પુત્રી બીબી ફાતિમા (જેમની વય આ સમયે ૧૫ થી ૨૧ વર્ષની હતી) ના વેવિશાળ વખતે આ આજ્ઞાને અમલમાં રાખી દેખાડી. એવાં પણ દ્રષ્ટાંત મળી શકે છે જેમાં કન્યાની અનુમતિ ન મળવાથી હઝરતે લગ્નના કરાર-પત્રને રદ કર્યું હતું. ઐતિહાસિક પુરાવાઓ સાબિત કરી આપે છે કે તેમણે વિધવાઓના લગ્ન માટે પણ તેમની સંમતિ આવશ્યક ઠરાવી હતી. ખન્સા બીન્તે ખુદામ નામે એક વિધવાએ હઝરત પાસે ન્યાય માટે યાચના કરી, કારણ તેના સંબંધીઓ તેને કોઇ પુરૂષ સાથે બળજબરીથી પરણાવવા ઇચ્છતા હતા અને એવું ચોક્કસ રીતે જણાવવામાં આવ્યું છે કે હઝરતે ઠરાવેલા લગ્નને રદ જાહેર કર્યું.

પત્નિ તરીકે પણ સ્ત્રીની સ્થિતિમાં ઇસ્લામે અગત્યના સુધારા કર્યા. સ્ત્રી અને પુરૂષના સંબંધમાં એક ક્રાંતિકારી પરિવર્તન થયું. ઇસ્લામના આગમન પછી સ્ત્રીને એક રમકડા કે પશુની ઉપમા કદી પણ ન આપી શકાય. તે પુરૂષના તરંગો અને તર્કવિતર્કોને આધીન એક નિર્બળ પ્રાણી મટી ગઇ. હઝરતે પોતાના અનુયાયીઓને સ્પષ્ટ રીતે જણાવ્યું, "ઓ પુરૂષો, તમારી સ્ત્રીઓ ઉપર તમને હક્ક છે તેવીજ રીતે તમારી સ્ત્રીઓને તમારા ઉપર હક્ક છે". ઇસ્લામે લગ્નને કોઇ અભેદ્ય ધર્મ-વિધિ જણાવી તેના ઇશ્વરી મર્મ પ્રત્યે વધારે સૂચન કર્યું. નથી પણ તેને એક સ્ત્રી અને એક પુરૂષ વચ્ચે થએલા કાયદેસર કરાર તરીકે મહત્વ આપ્યું છે. આ યુગની મુસ્લિમ સ્ત્રીઓની પછાત અને દયાજનક સ્થિતિ માટે તેમના ધર્મને કોઇ પણ રીતે જવાબદાર ગણી શકાય નહિ. તેમની આજની કરૂણ દશા આર્થિક સંજોગો અને સ્થાનિક રીતરિવાજોને આભારી છે અને કુરઆનના ફરમાનોના ઉલ્લંઘનના દ્રષ્ટાંતરૂપ છે.

વિવાહીત જીવનમાં મુસ્લિમ સ્ત્રી પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસતી નથી. લગ્ન પ્રસંગે પણ મુસ્લિમોમા કોઇ ધર્મગુરૂ કે ધર્મવિધિ કે કોઈ ખાસ પ્રકારની ક્રિયાની જરૂર પડતી નથી. યુરોપની સ્ત્રીઓની સ્થિતિની સરખામણી જો મુસ્લિમ સ્ત્રીની કાયદેસર સ્થિતિ સાથે કરવામાં આવે તો આશ્ચર્ય ઉપજ્યા વગર રહે નહિ. થોડા સમય પહેલાં ઇન્ગલાંડમાં પરિણીત સ્ત્રીઓ સ્વતંત્ર રીતે તેમના પતિની મરજી વિરૂદ્ધ કાંઇ કરી શકતી નહિ. પોતાની મિલકતની વ્યવસ્થા સ્વાધીનપણે કરવામાં પણ તેમને બહુજ મર્યાદિત હક્કો આપવામાં આવ્યા હતા. પુરાતનકાળના ખ્રીસ્તી ફાધરોના સ્ત્રીજાતિ સંબંધી ઉચ્ચારેલ શબ્દો વિષે ઓછો ઉલ્લેખ કરવામાં આવે તેજ ઉચિત છે. એક પછી એક એવા અનેક ફાધરોએ સ્ત્રીઓની ભયંકર દુષ્ટતા, અક્ષમ્ય અપરાધો અને કુટિલ દેષભાવો પ્રત્યે જગતનુ ધ્યાન ખેંચ્યું છે. ક્રીશ્ચીયન પાદરીઓને જોરજુલમથી પણ શાશ્વત બ્રહ્મ-ચર્યનું પાલન કરાવવામાં આવતું અને વૈરાગી બહુજ પવિત્ર માણસ ગણાતો. આ બધું જોતાં ઇસ્લામના પયગમ્બરના નીચે જણાવેલ

શબ્દો હૃદયસ્પર્શી છે, "જ્યારે અલ્લાહનો સેવક પરણે છે ત્યારે તેના અર્ધા ધર્મને પૂર્ણ કરે છે." પરિણીત જીવન દરેક મુસ્લિમ માટે આવશ્યક ગણવામાં આવ્યુ છે અને આ કારણેજ ઇસ્લામના સન્યાસીઓ અને તપસ્વીઓ મોટે ભાગે ગૃહત્યાગી ન હતા.

ઇસ્લામના આગમન પહેલાં અરબસ્તાનમા લગ્નનાં જે ધનો બહુજ દીનાં હતાં કોઇક ઠેકાણે એક સ્ત્રી અનેક પતિ પરણી શકતી અને ભત્રીજીઓ સગા કાકા સાથે પણ પરણતી. લગ્ન પ્રસંગે કોઇ કાયદેસર પદ્ધતિનો પણ અભાવ હતો ઘણા અરબો તેમના મુખ્ય રહેઠાણ પર એકજ સ્ત્રી રાખતા પણ એવી બીજી અનેક પત્નિઓ સાથે બીજા સ્થળો પર રહેતા હઝરતે આ સ્વછંદી વર્તનથી થતા કૌટુંબિક જીવનના નાશનો અંત આણ્યો અને સમાજના એકાકી પરિમાણ તરીકે કલિતા કે ફિરકાની જગ્યાએ કુટુંબને સ્થાન આપ્યુ સંજોગોના કારણે એક પત્નિવ્રત બળજબરીથી પ્રચલિત કરવુ અયોગ્ય જણાયુ એટલે તેમણે આજ્ઞા કરી કે એક પુરુષે ચાર પત્નિઓથી વધારે ન પરણવી અરબોની વધારાની સ્ત્રીઓમાંથી માત્ર અમુકનેજ કાનુની સ્થાન આપી તેમણે સમાજના કૌટુંબિક જીવનને વેરવિખેર કરતાં તત્વોને નષ્ટ કર્યાં. કેટલાક પક્ષપાતી યુરોપીયન લેખકો પણ હવે તો એ સત્યનો સ્વીકાર કરે છે કે હઝરતે અનેક પત્નિવ્રતને પ્રથમ પ્રચલિત નથી કર્યું, પણ તેના ફેલાવાને મર્યાદામાં રાખ્યો હતો. તેમના પહેલાના કાળમાં અરબોની આર્થિક સ્થિતિ તેમની પત્નિઓની સંખ્યાની સીમા બાંધતી. હઝરતે હવે એક પરમ સીમાનો નિર્ણય કરી આપ્યો સાથે સાથે બધી પત્નિઓ સાથે સમભાવ અને સમાનતાથી વર્તવાની આજ્ઞા કરી એક પત્નિવ્રત માટેનો તેમનો પક્ષપાત પ્રદર્શિત કર્યો છે.

છુટા છેડાની પદ્ધતિ મૂર્તિપૂજક અરબોમાં હઝરતના જન્મ પહેલાં પ્રસરેલી હતી. જ્યાં લગ્ન રદ થઈ શકે એવો કરાર હોય છે, ત્યાં સ્વભાવના અસંમાન્યથી ઉપજતા સંજોગોના કારણે તેના ભંજન માટેની યોજના આવશ્યક થઇ પડે છે. પરંતુ તલાકના હક્કનો દુરુપયોગ સહેલાઈથી થઇ શકે છે, કેમકે કોઇ પણ માણસ ક્રોધાવેશમાં એવા શબ્દો બોલી નાખે છે કે જેના અંગે તેને સ્વસ્થ અને સાવધ થતાં પશ્ચાતાપ થાય છે. તે ઉપરાંત જો છુટા છેડાનો કાયદો અમુક એક પક્ષ પ્રત્યે અત્યંત અનુગ્રહ દાખવે તો તે નિષ્પક્ષપાતી કે ન્યાયી ન કહી શકાય હઝરતે તલાકથી થતા ઘણા અનર્થોથી બચવાનો પ્રયત્નો કર્યો છે તેમણે તલાક માટે અનુમતિ આપી, પણ સાથે એમ પણ કહ્યું છે કે ઇશ્વરને તેના જેટલી કોઇ પણ વસ્તુ અણગમતી નથી આમાં લગ્નને એક કરાર તરીકે મહત્વ આપી તેને ધોરે અંગ ઇશ્વરી કે દૈવી સ્વરૂપ આપવાનો પ્રયાસ દેખાઇ આવે છે અને આ રીતે હઝરતે તલાકનો અતિ ઉપયોગ ન થાય એવી વ્યવસ્થા કરી છે. અવિચારી અને ઉતાવળીયા કૃત્યના દુઃખદ પરિણામથી વેગળા રહેવા, હઝરતે છુટા છેડા લીધેલ બંને પક્ષોને અમુક સમય મુદતની

છૂટ આપી છે, જે દરમીયાન તેઓમાં જો સમાધાન થઇ શકે તો, પાછો દાંપત્ય જીવનનો આરંભ કરી શકે છે. પરંતુ સૌથી વધારે મહત્વનો વિષય તો તેમણે સ્ત્રીઓને તલાક માંગવાની આપેલી પરવાનગી છે. કેટલાક લેખકો માને છે કે "ખુલા" ["ખુલ્અ," લુગડાં પાછાં ફેંકી દેવા ઉપરથી] નો હક્ક ઇસ્લામ પહેલાંના અરબોમાં પ્રચલિત હતો. પરંતુ હઝરતે આપેલી છૂટમાં એક ખાસ ભિન્નતા મળી આવે છે સ્ત્રી જો તલાક માંગે તો તેણે "મહર" [લગ્ન પ્રસંગે આપવામાં આવેલી ભેટ] પાછી આપવી પડે. મૂર્તિપૂજક અરબોમાં "મહર" અથવા "સદક" કન્યાને નહિ પરંતુ તેના કુટુંબીઓને આપવામાં આવતી. જો પરિણીત સ્ત્રી છુટા છેડા ઇચ્છે તો તેણે તેના કુટુંબીઓને "મહર" પાછી આપવા યાચના કરવી પડે અને આ કાર્ય અતિશય અઘરૂં હતું.

માતા તરીકે પણ સ્ત્રીનું સ્થાન ઇસ્લામમાં ઉચ્ચ છે. કહેવામાં આવ્યું છે કે, સ્વર્ગ તેના પગ તળે હોય છે. જ્યારે માતાપિતા સાથે રહેતાં હોય ત્યારે પિતા બાળકની દુન્યવી જરૂરતો માટે જવાબદાર હોય છે. પણ તેના શારીરિક, માનસિક, ધાર્મિક અને નૈતિક કલ્યાણના પ્રશ્નનો ઉકેલ તેની માતાના હાથમાં સોંપી દેવામાં આવે છે. છુટાછેડા થયા હોય તો અમુક વય સુધી બાળકોને તેમની માતાજ ઉછેરે છે. સ્વર્ગવાસી પુત્રની મિલ્કતમાં માતાનો ભાગ સાફ શબ્દોમાં લખવામાં આવ્યો છે. કુરઆન કહે છે, "જો બાળક હોય તો મરનારના માતાપિતાને છઠ્ઠો ભાગ આપવામાં આવે અને વંશજ ન હોય ત્યારે તેના માતાપિતાનેજ વારસના હકદાર લેખવામાં આવે અને માતાને ત્રીજો ભાગ મળે. જો ભાઇઓ–બ્હેનો હોય તો વસીયતો પુરી કરી અને દેવું ભરી, બચે તેમાંથી માતાને છઠ્ઠો ભાગ મળે".

પર્દાની પ્રથા જે આજની મુસ્લિમ સ્ત્રીઓની દુર્દશા અને નિર્જીવતાના કારણરૂપ છે તે કદાચ ઇસ્લામમાં સૌથી વધારે ચર્ચાસ્પદ અને વિવાદયુકત વિષય છે. સ્ત્રીઓને તેમના "નસીફ" [આચ્છાદન કે વિટણ] ને નીચે ઉતારવાની આજ્ઞા આપતી આયતના અસંખ્ય ભાષાંતરો અને વિવરણો આપવામાં આવ્યાં છે. તેમજ પરસ્પર વિરોધી વિવેચકો અને વ્યાખ્યાનકારોમાં સામાધાન થાય એવાં ચિન્હો જણાતાં નથી; કેમ કે કેટલાક એમ માને છે કે કુરઆનમાં પર્દા સંબંધી જે કહેવામાં આવ્યું છે તે બધી મુસ્લિમ સ્ત્રીઓને બંધન કર્તા છે; જ્યારે બીજાઓના કહેવા પ્રમાણે તે હઝરતના કુટુંબની સ્ત્રીઓનેજ લાગુ પડે છે.

પ્રાચીન અરબસ્તાનમાં પર્દાની પ્રથા સાર્વજનિક ન હતી. આજે હિંદુસ્તાનમાં દ્રષ્ટિગોચર થાય છે તેમ ત્યાં પણ શહેરી ઓઓ તથા શ્રીમંત કુલીનોની પત્નિઓ સામાન્ય રીતે પર્દામાં રહેતી. પરંતુ અરણ્યવાસી અરબોને સ્ત્રીઓને પર્દામાં રાખવું પોસાતું નહિ. સંભવિત છે કે હઝરતના જમાનામાં

મક્કાવાસીઓ જે વ્યાપારમાં રચ્યા પચ્યા રહેતા અને વિદેશી પ્રભાવથી મુક્ત ન રહી શકતા, તેઓ તેમની સ્ત્રીઓને પર્દો કરાવતા. પરંતુ મદીનાવાસીઓ જે ખેતીવાડીના કાર્યમાં તલ્લીન રહી બાહ્ય અને અન્ય દેશીય અસરોના પ્રભાવમાં નહતા આવ્યા તેઓ પોતાની સ્ત્રીઓને પર્દો કરાવતા નહિ. સ્ત્રીઓને જનાનખાનાની કેદી બનાવી દેવાની રૂઢિ પુરાતન કાળમાં ઘણા દેશોમાં આપણને જોવામાં આવતી, જેવા કે બેબિલોનીયા અને એથેન્સ. આ ઉપરથી નિર્સંશય પુરવાર થાય છે કે કુરઆનના પયગમ્બર પર્દાની પ્રથાથી અજાણ્યા નહતા અને જો તેમણે તેનો અંગીકાર કર્યો હોય તો પણ કોઇ વિગેરે તેમના પર તેના પ્રથમ પ્રચારક તરીકે આરોપ મૂકી શકે નહિ

કુરઆનની ઘણી આયતો જેના વિષે એવું ધારવામાં આવે છે કે તે પર્દા સંબંધી ઉલ્લેખ કરે છે, તે ખરી રીતે માત્ર વિનયી અને મર્યાદાશીલ વર્તણુંક જાળવવા માટેના નિયમોનો ઉલ્લેખ કરે છે. અને સ્ત્રીઓ તેમજ પુરૂષો બંને માટે બંધનકારક છે. એવું વધારે સંભવિત લાગે છે કે જે વાક્યો માત્ર સ્ત્રીઓને ઉદ્દેશીને લખવામાં આવ્યા છે તે માત્ર હઝરતના કુટુંબની સ્ત્રીઓને લાગતા છે. શ્રદ્ધાળુ ભાવિકો જે હઝરતના ઘરની સ્ત્રીઓ પાસે યાચના કરવા ઇચ્છતા, તેમને કોઇ જાતના અંતરા કે પર્દા પાછળથી તેમની સાથે વાર્તાલાપ કરવાની છૂટ આપવામાં આવી છે. આ ફરમાન તેમના મૃત્યુ પછી સાર્વજનિક કરવી, બધી સ્ત્રીઓને લાગુ પાડવામાં આવ્યો છે હઝરતના સદ્ગુણો અને આચરણ તેમના અનુગામીઓ માટે આદર્શરૂપ લેખવામાં આવે છે. એટલેજ કદાચ તેમના ઘરમાં પ્રચલિત પ્રથાઓને મુસ્લિમ સ્ત્રીઓના આચાર માટે આદર્શ તરીકે ગણી તેમનું અનુકરણ કરવામાં આવે છે આ બાબતમાં અનુયાયીઓએ એક મહત્વની બીનાની અવગણના કરી લાગે છે હઝરતે માત્ર કુટુંબની સ્ત્રીઓને અપેક્ષી અઢાર તેરમો વર્ષ પહેલાના અરિયન જમાનામાં યોગ્ય હતી. વિચાર સ્વાતંત્ર્ય કે વ્યક્તિ સ્વાતંત્ર્યના અભાવના પરિણામે તે જમાનામાં ધર્મિક પ્રતિપક્ષીઓ પર્દાથી અરક્ષિત મુસ્લિમ બાળાઓનું તિરસ્કારપૂર્વક અપમાન કરતા અને તેવા અવ્યવસ્થિત વાતાવરણમાં પર્દાના અસંખ્ય લાભ હતા. તે સમયના અરબોની નીતિ ભ્રષ્ટતા અને અનાચારના કારણે પણ કદાચ હઝરતને પર્દાની આવશ્યકતા જણાઇ હશે. પરંતુ સ્ત્રીઓને હમેશા માટે પર્દાને નામે પરાધીન અને પરવશ બનાવી તેમને નિર્જીવ પ્રાણીઓ સમજી ઘરની ચાર દીવાલોમાં કોદી રાખવા તેમણે કદી પણ કર્યું નહતુ અને જો તેમના કથનનો આવો અસત્ય ભાવાર્થ કરવામાં આવે તો તમના ક્રાંતિકારી સુધારાનું ખરૂં સ્વરૂપ ન સમજવા બરાબર છે.

મુસ્લિમ શાસનના પૂર્વકાળનો ઇતિહાસ સ્ત્રીઓએ સામાજીક તથા રાજકીય જીવનમાં લઇવેલ અગત્યના ભાગની સાક્ષી પુરે છે. દીજરી ૨૯ સીજ સુધી સ્ત્રીઓ મસ્જીદમાં

પુરૂષો જોડે નમાઝ માટે જતી. આ સમયે તેઓ બુરખો પહેરી જતી નહિ. જ્યારે ખલીફા અબુબકરે યુદ્ધમાં મેળવેલ લૂંટનો ભાગ વહેંચ્યો: ત્યારે તેમણે બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, ગુલામ કે સ્વતંત્ર મુસ્લિમમાં કશા પણ ભેદભાવ વગર સરખા હિસ્સા પડ્યા. મુસ્લિમ સ્ત્રી સંતો અને સ્ત્રી હદીસ લેખિકાઓ તથા તેવીજ રીતે રાજકીય તથા બીજા ક્ષેત્રોમાં પ્રખ્યાત થએલી સ્ત્રીઓના અસંખ્ય નામો સ્પષ્ટ રીતે પુરવાર કરી આપે છે કે મુસ્લિમ સામ્રાજ્યના સમયે સ્ત્રીઓ કીર્તિના શિખરે પહોંચતી અને દેશના જાહેર જીવનમાં પણ પોતાનો ફાળો આપતી.

હઝરતે સ્ત્રીઓની દયાપાત્ર દશામાં કરેલા સુધારાનો સ્વીકાર તેમના ઘણા કટ્ટર વિરોધીઓ અને પશ્ચિમના પક્ષપાતી ઈતિહાસકારો કરે છે છતાં પણ કોઇ વખતે તેમને સ્ત્રી સ્વાતંત્ર્યના શત્રુ તરીકે અમુક લેખકો ચીતરે છે. એક મહાપુરૂષ સામે આથી વધારે અસત્ય અને પાયાવગરના આક્ષેપ કલ્પી ન શકાય! અસલના ક્રીશ્ચીયન લેખકોએ કહ્યું છે, "સ્ત્રી શેતાનનું દ્વાર છે; દૈવી નિયમોની ભંજક અને ઈશ્વરના પ્રતિબિંબ રૂપ-પુરૂષની સંહારક છે." પરંતુ હઝરતે અદભૂત નિર્મળતા અને આશ્ચર્યકારક સરલતાથી સ્ત્રીનુ મૂલ્ય આંકતા કહ્યું છે, "જગત અને તેની બધી વસ્તુઓ મૂલ્યવાન છે પરંતુ એક સદાચરણી અને ગુણવાન સ્ત્રી એનાથી અધિક અણમોલ છે." નિષ્પક્ષપાતી લેખકોજ ઈસ્લામના મહાન પયગમ્બરની સુધારક-વૃત્તિ, ક્રાંતિકારી યોજનાઓ અને મનુષ્યત્વના ઉંડા અભ્યાસની કદર કરી શકે છે.

મેં હઝરત મુહમ્મદના [સ.] જીવનને વાંચ્યું છે. તેઓ ઘણા ઉંચા દરજ્જાના મનુષ્ય હતા. મારા મત મુજબ તો તેમને માનવતાના મોક્ષદાતા કહેવા જોઇએ. મને ખાત્રી છે કે, જો એમના જેવો માણસ આજના જમાનાનો ડિક્ટેટર બની જાત તો આજના ગુંચવાઇ રહેલા સવાલો એવા ઉત્તમ પ્રકારે ઉકેલી નાંખત કે, માનવ જગત શાન્તિ અને રાહત રૂપી ધનથી માલામાલ થઇ જાત.

એકસો વર્ષમાં યૂરોપ અને ખાસ કરીને ઈંગ્લેન્ડ એવો ધર્મ ગ્રહણ કરશે કે જે યા તો ઈસ્લામ હશે યા ઈસ્લામ જેવો હશે.

—બર્નાર્ડ શો

કામિલ રસૂલ [સલ.]

લેખક :
મી. બાનવા

> બાનવા સાહબ એક જુના અને કુશળ કેળવણીકાર છે. ખાસ કરીને નવલકથાકાર તરીકે એમણે સારી ખ્યાતિ મેળવી છે. "તરૂણીના તરંગ" નામનું એમનું પુસ્તક સારી મકબૂલિયત હાસિલ કરી ચુકયું છે.

આપ અરબસ્તાનના શરીફ ખાનદાનથી હતા. મસ્તક મોટું, છાતી વિશાળ, શરીરના અવયવો નાજુક પણ મજબુત, અને આપની કાયા એવી હતી કે, દરેક પ્રકારની મહેનત સહન કરી શકે. દાઢી-મુબારક ભરેલી હતી અને કાળા કાકુનો ઘણેભાગે ઘુઘરીયાળા હતા અને ખંભા ઉપર પડયા રહેતા હતા. આપની કાયા શામી કોમને મળતી હતી. કાળાં ચમકીલાં ગરમાળ નયનો, જેમાં એક પ્રકારની અજબ મોહકતા દીમતી હતી. પાતળું નમેલું નાક, રંગે ગેગ, પરવાલાસમાન દાંત, અર્થાત આપની કાયા એવી હતી કે, જેવી કોઇ મહાન દિલ અને દિમાગ રાખનારની હોય છે. આપ એવા ગુણાલંકારના માલિક હતા કે દરેક જણ ગુણગાન કરતો હતો. વાતચિતમાં મીઠાશ હતી અને જ્યારે વાતચીત કરતા ત્યારે સાંભળનાર દિંગ બની સાંભળ્યાજ કરતો અને થાકતો નહિ.

આપ સલ. ના મેંબંધમાં મશહૂર છે કે, જે કોઇથી મુલાકો કરતા તો ત્યાં સુધી હાથ ખેંચી લેતા નહિ કે જ્યાં સુધી સામાવાળો હાથ ન ખેંચે. આપ બાળકો સાથે ઘાટો પ્રેમ રાખતા હતા. જો કે, આપ સલ. જગતના ખજાનાના માલિક હતા, પણ આપ સલ. ની પાસે એટલા પત્ર કામ કરનાર નહોતા કે જેટલા સાધારણ માણસને ત્યાં હોય છે. આપ સલ. ની રહેણીકરણી ઘણીજ સાદી હતી અને જ્યારે શહેનશાહની હાલતમાં પહોંચ્યા ત્યારે પણ આપ સલ એ સાદગીને છોડી નહોતી.

આપ સલ. એક સાચા મિત્ર હતા અને જેની સાથે મિત્રતા કરતા તેને મરતાં સુધી નભાવતા હતા. આપ સલ. પોતાના દિલ ઉપર એટલો બધો કાબુ ધરાવતા હતા કે, યુદ્ધ વગર કોઇ પણ વખતે શત્રુ ઉપર હાથ ઉપાડયો નથી. કોઈ બીદમતગારને ન ધમકાવ્યો છે. ન કોઇ ગુલામને સજા કરી છે.

આપ સલ. એક કુશળ સેનાપતિ પણ હતા અને એ વાત દરેક ઇતિહાસકારે કબુલ કરી છે. તેમાં શંકાને સ્થાન નથી. જો કે શરૂઆતમાં આપ સલ. ને હાર ખાવી પડી હતી, તે આપ સલ. નો હુકમ ન માનવા ના કારણે થઇ હતી. આપ સલ. સારીપેઠે જાણતા હતા કે અદલ અને ઇન્સાફની બાબતમાં માણસની ઉપર કેવા પ્રકારની જિમ્મેદારીઓ આવી પડે છે. ગરીબમાં ગરીબ માણસ પછી તે ગમે તેવી હાલતમાં હોય તેનો કેસ પોતે જાતેજ સાંભળતા હતા. જે લોકો કરજ આપવામાં ઢીલ કરતા તેમને

સખ્ત સજા આપવાની ધમકીઓ આપતા હતા. આપ સલ. જે નેક કામ કરવાની હિમ્મત કરતા, ત્યાં આ પણ ખાસ સૂચના કરતા હતા કે તેને ગુપ્ત રાખવામાં આવે. આપ સલ. ફરમાવતા કે "દરેક સારૂં કામ નેકી છે, પોતાના ભાઇને જોઇ મંદ હાસ્ય કરવું; ભટકેલાને માર્ગ બતાવવો, તરસ્યાને પાણી પાવું, કોઇને નેક કાર્ય કરવાનું કહેવું, તે નેકી છે. માણસની સાચી આબેજતની એ દોલત છે કે માણસ જગતમાં બીજા સાથે નેકી કરે જ્યારે કોઇ માણસ મરી જાય છે ત્યારે લોકો પૂછે છે કે તેણે પોતાની પાછળ કેટલી દોલત મુકી છે, ત્યારે ફરિશ્તા પૂછે કે કે તેણે આવવા પહેલાં કેટલી નેકીઓ પરલોકમાં પહોંચાડી છે."

હઝુર સલ.નો સહુથી મોટો જોહર ઇસ્તકલાલ હતો. જ્યારે આપે સહુથી પહેલા પોતે પયગમ્બર હોવા બાબત ખદીજા રની. ને કહ્યું ત્યારથી લોકો આપની મશ્કરીઓ કરવા લાગ્યા, આપને તકલીફો આપવા લાગ્યા; આપ સલ. ની વિરૂદ્ધ કાવત્રાં થયાં, દેશ બહાર થવું પડ્યું અને છેવટે વધુ કઠીન પરિક્ષાનો સમય આવ્યો કે આપ સલ. રાજ્ય સત્તાના માલિક બન્યા; અર્થાત આ સર્વે ઘટનાઓ, પ્રસંગો બન્યા પણ સલ. પોતાના ઉદેશ્ય પરથી જરા પણ ડગ્યા નહિ. અને એ ઉદેશ્ય સામે રાખ્યો કે મૂર્તિપૂજાનો નાશ કરવામાં આવે, સ્વદેશ જનની ઉન્નતિ કરવામાં આવે, અને તૌહિદ જેવા અજોડ સુત્રનો પ્રચાર કરવામાં આવે. જો સાધારણ શકિત ધરાવનાર કોઈ હોત તો વિટમ્બણાઓ તથા મુશ્કેલીઓને જોતાં હાથ પર હાથ અને જુમેરાત કરીને બેસી જાત.

આપ સલ. ની સામે અનેક પ્રકારની કડકમાં કડક વિટમણાંઓ સમુહ બની આવતી હતી તો પણ ફતેહમંદ થયા તેનું ખાસ મુખ્ય કારણ એ હતું કે ઇસ્તકલાલ. આપ સલ. ની જાતે મુબારકમાં ખુલમ ખુલ્લા સત્યતા તથા દયાનતદારી હતી. અને તેની સાબેતી એ છે કે આપના ધર્મમાં શરૂઆતથી જે ઇસ્લામમાં આવ્યા, તે સત્યના પૂજકો તથા દયાનતદાર હતા.

જે ધર્મના સૂત્રો જગતના કરોડો માણસો કોઈ પણ પ્રકારની શંકા વગર પોતાના મસ્તકે ચઢાવતા હોય, જેના હુકમાદિને અન્ય કોમોના હજારો આગેવાનો આકાશી માનતા હોય, જે ધર્મ સર્વે પ્રકારની દલીલોનો જવાબ આપનાર હોય અને ગમે તેવી તાકતનો મુકાબલો કરવાનો જોશ રાખતો હોય, અન્ય ધર્મોની શકિતને ઉલટ પલટ કરી નાંખી, તેના મોટા ભાગને પોતામાં મેળવી લીધો હોય, જેના પ્રકાશને ઝીલવા દર પળે જગત તૈયાર હોય, અને તે ધર્મ કે જેનામાં હાલ પણ અનુપમ અમર શકિત મોજુદ હોય, તેવા ધર્મના સંબંધમાં સમાલોચના વગેરે કરવું તે મહાન તથા નાજુક કામ છે, તે કેટલાક અક્કલના ઇજારદાર સમજતા નથી. અને અગ્નિ સાથે રમવા જાય છે. જો અન્ય કોમના લોકો આટલું સમજે તો તે જગત ઉપર ઉપકાર કરવા બરાબર સાબિત થાય તેમ છે. અને જગતમાં શાન્તિ પ્રસરતાં વાર ન લાગે.

પરંતુ તાજુબી એ વાતની છે કે અજોડ નર રસુલે ખુદા સલ. નું સાચું જીવન ચરિત્ર

અખિલ જગતમાં પ્રસિધ્ધ, હોવા છતાં સામાન્ય રીતે જનસમાજનો મોટો ભાગ સાચી વાતથી અજાન છે, જોકે તે જાણવાના સાધનો પહેલાં કરતાં વિશાળ છે. છતાંયે ઐતિહાસિક આલમમાં કોઈ એવું નામ મળતુ નથી કે. જેના ઉપર એવા સખત હુમલા કર્યા હોય કે જેવા આપ સલ. ની જાતે મુબારક ઉપર કરવામાં આવ્યા હતા. આ કીચડ ઉડાડવાનો ઇતિહાસ (?) ઘણો લાંબો છે અને તે સફેદ જૂઠ છે તેવું સાબિત પણ કરી બતાવવામાં આવ્યું છે.

હું મારા તરફથી કાંઇ લખું તેના કરતાં ઉત્તમ એ છે કે, અમેરિકન ઇતિહાસકાર મી. એસ. પી. સ્કોટનાંજ વચનો વાંચકની મેવાગાં રજુ કરૂં. તેઓ ઇસ્લામ ધર્મ અને પેગમ્બર સલ. ના સંબંધમાં લખતાં લખે છે કેઃ—

"અમારો ધર્મ છે કે, અમે અમાધારણ ધર્મની ઉન્નતિ અને તેની અટલ અમર અસરની કદર કરીએ, કે જે દરેક જગ્યાએ સુલેહ-શાન્તિ, દોલત, ઇજ્જત વગેરે પોતાની સાથે લઇને ગયો; જેણે કાબાની મૂર્તિઓને તોડી નાખી ત્રણસો વર્ષના રિવાજનો નાશ કર્યો; જેણે મસીહ ધર્મને ફતેહ કરી પોતાના કબજામાં લઇ લીધો; જેણે યહુદીઓની ધાર્મિક હકુમત, અને રૂમીઓની શકિતને દુરદુરના દેશોમાં હોવા છતાં છિન્ન ભિન્ન કરી નાખી; જેણે મજુસીઓ (પાદરી)ને ઇરાનના આતિશ કદાઓથી બહાર કાઢયા; જેણે કલીસાની તખ્ત-તાજ ઉપરની ઇજારેશાહીનો નાશ કર્યો; જેણે આફ્રીકાના જંગલી દેવાદિનો નાશ કર્યો; જેણે મિસર નિવાસીઓમાં ખુદા એક છે, તે સત્ય સૂત્ર મૂકયું, જેણે કેથોલિક ધર્મની ધાર્મિક કૌન્સિલો ઉપર હુમલા કર્યા અને તેમને સીધા માર્ગે ચાલવાની ફરજ પાડી, જેણે ઇસાઇઓના નામાંકીત ગીરજાઓમાં ખુબસુરત કમાનો બનાવવાની યુકિત બતાવી, જેણે આકાશમાં પોતાની નુરાની સહીઓ કરી, જેણે યુરોપની ભાષાઓ ઉપર સુંદર અસર નાંખી, જેની ફેયાઝીઓ અને મહેરબાનીઓનો સબુત અમોને દર વખતે અમારા તે લીબાસથી મળે છે કે જે અમે પહેરીએ છીએ, તે અનાજથી મળે છે કે જે અમારા ખેતરોમાં ઉત્પન્ન થાય છે, તે મેવાથી મળે છે કે જે અમારા બગીચાઓમાં થાય છે, તે પુષ્પોથી મળે છે કે જેનાથી અમો ફુલદ મેળવીએ છીએ : તેણે એક પછી એક બાદશાહોના એ વંશો ઉત્પન્ન કર્યા કે જેમનો ઉદ્દેશ એ હતો કે પોતાની પ્રજાને ઉન્નતિના શીખરે પહોંચાડી દે અને ભવિષ્યમાં આવનાર પ્રજાને એવા ખજાનાઓના માલીક બનાવે જે અખિલ જગતમાં ન મળે. આ હકીકતમાં નાંખનાર અને અજોડ પરિણામ એક બકરા ચારનાર [હઝરત મહ્મદ] ના અટલ ઇસ્તકલાલ, મક્કમતા, અનુપમ ગુણાલંકાર, રાજાદારી દુરઅંદેશી વગેરેથી ઉત્પન્ન થયા."

સર વિલીયમ મીયર એક પાદરીના સ્વભાવના અંગ્રેજ હતા. તે ગવર્નર તરીકે પણ રહી ચુકયા છે. તેમણે હઝરત સલ. નું જીવનચરિત્ર "લાઇફ ઓફ મોહમ્મદ" ના નામે લખ્યું

છે, અને તે પાદરી ફન્ડરના કહેવાથી લખવામાં આવ્યું છે. તેમાં આપ [સલ.]ના જીવનના પ્રસંગો ઘણી ચાલાકી સાથે કંઇનું કંઇ દેખાડવાના ઇરાદાપૂર્વક સર્વે કંઈ કરવામાં કંઈ પણ બાકી રાખવામાં આવ્યું નથી; અને તે લખવામાં ખાસ આ ઉદ્દેશ રાખવામાં આવ્યો છે કે મુસલમાનો ઇસ્લામથી દુર રહે તથા તેના પ્રત્યે તેમને નફરત છૂટે. આવા દુશ્મન સાથે મિત્રતાની આશા રાખવી ફોગટ છે; તો પણ "જાદુ વોહ હય જો સરપર ચઢકે બોલે." તેમની બુકમાં લખાઇ ગયું છે કે :—

> અબુ તાલિબે કાફિર કુરેશીઓ સામેની પોતાની લાચારી બતાવતાં મોહંમદ (સલ)ને કહ્યું કે તેઓ ખુદા એક છે, એવું કહેતાં બંધ થઇ જાય. ત્યારે આપે જવાબ આપ્યો કે કોઈ મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્રમા લાવી મુકે અને મને "ખુદા એક છે" તેવું કહેતા રોકવા માગે તો પણ હું ફરવાનો નથી. અને તે ત્યાં સુધી કે મને ફતેહ ન મળે. અને આ પ્રયત્નમાં મરણની પણ હું બીક રાખતો નથી..... અમો સારી પેઠે કબુલ કરીએ છીએ કે ઇસ્લામની કેળવણીએ ઘણા ખરાબ રિવાજો જે અરબસ્તાનમાં પ્રચલિત હતા, તેનો નાશ કર્યો. ઇસ્લામના અલ્લાહો અકબરના નારા આગળ મૂર્તિ પૂજાનો નાશ થયો. ખુદા એક છે, તે ઇસ્લામનું મુખ્ય સૂત્ર હતું.....કુલ્લો મોમેનુન ઇખવતુન"

ની કેળવણી દરેકના દિલમાં સ્થપાઇ ગઈ. હુકમ કરવામાં આવ્યો હતો કે "યતીમોની સંભાળ રાખો, ગુલામો સાથે નરમાશ રાખો, બુરાઇઓની પાસે પણ ન જાવો."

જી. એમ. રોડવેલ કહે છે કે :—

> "દલીલોથી સાબીત છે કે હઝરત સલ. ની ચળવળ એવી નેક બીનીથી કરવામાં આવતી હતી કે, તે લોકોને અજ્ઞાનતા તથા મૂર્તિ પુજાથી મુકત કરે અને તેમની સહુથી વધુ આશા એ હતી કે ખુદા પ્રત્યેનો જુસ્સો જે તેમના દીલોમાં જાગૃત થઇ રહ્યો હતો વધુ બળવાન બને અને જગતની સર્વે બુરાઇઓથી બચે."

ડો. ટેલર કહે છે કે —

> હું ઘણા વિવેક સાથે આ કહેવાની હિંમત કરૂં છું કે જો સત્ય રીતે ખુદાપાક તરફથી, જે સર્વ પ્રકારની નેકીઓનું કેન્દ્ર સ્થાન છે, તે ઇલ્હામ થાય છે, તો મોહમ્મદ [સ.] નો ધર્મ ઇલ્હામી ધર્મ છે. નેકી, બદી, બુરાઈ, ભલાઇ વગેરે સમજવાનું ઇલ્હામજ વિશ્વાસપાત્ર છે. વસ્તુસ્થિતિ નો બતાવે છે કે, મોહમ્મદ [સ.] નો ધર્મ ઇલ્હામી ધર્મ છે.

આવીજ રીતે કામિલ રસુલ [સલ.] ના સબંધમાં ઘણાજ અભિપ્રાયો ટાંકી શકાય છે.

ઈસ્લામનું તવારીખી સ્વરૂપ

વ્યાખ્યાતા : પ્રોફેસર એન બી. નાયક સાહબ એમ એ
પ્રોફેસર ; હિસ્ટ્રી એન્ડ ઇકોનોમિક્સ-ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ-રાજકોટ

રાજકોટના મીલાદ-જલસામાં અપાયેલી અને બેહદ મકબૂલ થયેલી આ સુંદર અંગ્રેજી તકરીર જનાબ યૂસુફ કાસિમ મારફાની સાહિબ [રાજકોટ] ની કોશિશથી મેળવી શકાઈ છે 'નામૂસે મિલત' માટે પ્રોફેસર સાહિબે તે ખાસ લખી આપી છે જનાબ 'નૂર' સાહિબે તેનું ગુજરાતી ભાષાન્તર કરી આપ્યું છે કહેવાની જરૂરત નથી કે પ્રોફેસર સાહિબે અહિં ઈસ્લામના હૃદયને તવારીખી રવાનીમાં રૂહકશ રીતે પેશ કર્યો છે અને તેને એક ઐતિહાસિક ચમત્કાર તરીકે વર્ણવી તેની જહાજીર કરિશ્માના કારણોને સ્પષ્ટ કરી બતાવ્યા છે પ્રોફેસર સાહિબ મુસ્લિમ ઈતિહાસના પ્રખર અભ્યાસી હોવાથી તેમના આ શબ્દો પાછળ ઊંડું ચિંતન પડ્યું છે અને અભ્યાસ પણ અને એ કારણે આધાર પણ છે અને ટેકો પણ

અરબસ્તાનની સહરાઈ જંગલીયતમાંથી અરબોનું જગત-વિજેતાના સ્વરૂપમાં ઉભરી ઉઠવું એ ઇતિહાસના ચમત્કારો પૈકીનો એક ચમત્કાર છે જેઓ હજુ ઝાઝે ભાગે જંગલી જીવનની પ્રાથમિક કક્ષાથી આગળ વધ્યા ન્હોતા, તેઓ જોતજોતામાં એક પ્રાણવાન પ્રજાના સ્વરૂપમાં પ્રકટી ઉઠયા અને પોતાની આ નવ જાગૃતિના પડેવાજ ગગન-પટને તેમણે એ વેળાનાં બે પ્રબળ અને પ્રખર સામ્રાજ્યો ઉપર ધમી જઇને પહેલાજ ફટકે તેમને રોળી અને ઝમીનદોસ્ત કરી નાખ્યાં પણ આ ચમત્કારથીયે ચઢી જાય તેવો બીજો વધુ મોટો ચમત્કાર, જે આપણને આશ્ચર્ય-મગ્ન કરી મૂકે છે, તે તો એ છે કે ઇસ્લામના પયગમ્બરે જે ઝાપો અને અસરો મક્કા અને મદીનાની ઠતી ઉપરજ વેળા અંકિત કરી હતી, તે તેજ નીશાનો પછી, એવાંજ નિર્મળ અને નિર્જોળ સ્વરૂપોમાં આજે પણ આફ્રિકાના રેતઝાડી ઝાડ-જંગલોમાં, સિન્ધમાં ગંગાના રસાળ અને ફળદ્રુપ પ્રદેશોમાં અને અનાતોલિયાના સપાટ મયદાનોમાં, સમયાયને પડી છે.

આ ચમત્કારો કરતાં વિટાયેલો અગમ્યતાનો અપારદર્શક ધુમ્મસ-પટ ઐતિહાસિક સંશોધનોનાં વેધક કિરણો આગળ નિતરૂત ઓગળી જાય છે. એ ચમત્કારોની ચમત્કૃતિઓને સમજવા માટે જરૂરી છે કે આપણે તે વેળાની પશ્ચાદ્ભૂમિકાને અવલોકીએ જ્યારે ઈસ્લામના આ મહાન પયગમ્બરે દૃશ્યમાન થઇને, એક જાદુગર જેવી અદાથી અને જાણે જાદુ-દંડિકાના સ્પર્શ માત્રથી, આખીયે પૃથ્વીનું રૂપ ફેરવી નાખ્યું હતું. જ્યારે પયગમ્બર જગતમાં જલ્વાઅફરોઝ થયા, ત્યારે પશ્ચિમમાં રોમન સામ્રાજ્ય અને પૂર્વમાં સાસાની સામ્રાજ્ય, હાક અને ધાકની નજરે, તેમની પૂર બહારમાં

હતાં. આ સામ્રાજ્યો ઉપર અને એવીજ રીતે દુનિયાના બીજા પ્રદેશો ઉપર ત્યારે ઝુલ્મી શાસકોની નિરંકુશ આણ વર્તી રહી હતી. તેમનાં પાશવી અને ખૂન-ખરડાયેલાં શાસનો કાવત્રાંનાં, ષડયંત્રોના અને એક બીજાને હઝમ કરવાની પરસ્પરની ધૂરકાધૂરકીના ફાટ ફાટ થઇ રહેલા જવાળામુખી ઉપર ફંગોળાઇને ઝિન્દગીના અન્તિમ શ્વાસો લઇ રહ્યાં હતાં. શાસકો માંહો માંહે ભંગાઇ પડયા હતા; ખૂંરેઝ હરીફાઇ અને ખૂંખાર દુશ્મનીના ભયાનક ધૂંધવાટમાં તેઓ એવી તો બુરી રીતે શેકાઇ રહયા હતા અને એટલી તો ગઝબનાક હદે અંટવાઇ ચુકયા હતા કે સર્વનાશ સિવાય બીજું કોઇ પરિણામ મુમકિન ન્હોતું. ઘરની અંદરની હાલત પણ ઓછી દયાપાત્ર ન્હોતી. પાટનગરની મર્યાદિત હદથી આગળ તેમના સન્તાવાહી આવાઝની કશી અસર ન્હોતી. દૂરદરાઝનાં સામ્રાજ્યનાં પ્રદેશ-અંગોમાં સૂબાઓ તેમની નોખી સન્તાના ખીલા ખોડી રહ્યા હતા, નિકટવર્તી પ્રાન્તોના બીજા સૂબાઓ સાથે આખડી રહ્યા હતા અને એ રીતે ચોમેર અંધકાર અને અંધાધુંધીનું ત્રાસ-રાજ્ય ફેલાવી રહ્યા હતા, પણ અહિ સામ્રાજ્યનો સ્વામી પોતાના સૂબાઓને કાબૂમાં લેવા માટે બિલ્કુલ નિર્બળ અને નિર્માલ્ય સાબિત થતો જતો હતો. આ પરસ્પરનાં અને અંદર અંદરનાં ધર્ષણોને દબાવવાની કોશિશમાંજ તેમની તમામતર તાકાત ખર્ચાઇ રહી હતી. અરાજકતા તેના ખરા અર્થોમાં, ચારેકોર વ્યાપી ગઇ હતી. ઝુલ્મ અને ત્રાસ, અને અત્યાચાર અને અનાચારનાં માથાં ચોતરફ ઉંચાં થઇ રહ્યાં હતાં. સૂબાઓ અને લશ્કરો ફળદ્રુપ અને વૈભવ-લક્ષ્મીથી ભર્યાં ભર્યાં પ્રદેશોમાં રીતસરની લુંટ ચલાવી રહ્યાં હતાં. જ્યાં પણ તેમનો હાથ ફરતો, વયરાની અને ઉજ્જડતા ત્યાં આવીનેજ રહેતી

અને, આ ઉપરાંત વર્ગભેદ અને જાતિભેદથી ખવાઇ ગયેલો સમાજ બડો, બળવાઓ અને ઉથલપાથલોથી બિલ્કુલ ખળભળી ગયો હતો. ઝુલ્મ અને અત્યાચાર હેઠળ દબાઈ ચૂકેલી પ્રજામાં કારમો અસંતોષ ધૂંધવાઈ રહ્યો હતો. પ્રદલિત ગુલામો અને કચડાયેલા લોકો તેમના શાસકોના નિર્દાખૂ અત્યાચારોના બોઝ તળે કણસી રહ્યા હતા, તેમના શાસનથી કંટાળી ચૂકયા હતા અને મુક્તિદિનના અરૂણ-પ્રભાતની પ્રતીક્ષામાં મીટ માંડીને બેઠા હતા. જે ઝંજીરો તેમને ઝકડી રહી હતી, જે બંધનો તેમને બાંધી રહ્યાં હતાં અને જે બેડી-બંધો તેમના જીવન-શ્વાસને ગુંગળાવી રહ્યા હતા, તેમને તોડી વધેરીને ફેંકી દેવા માટે તેઓ બિલ્કુલ તત્પર બની ચુકયા હતા. વધારામાં, જનતા એ પાદરીઓ અને પુરોહિતોના દાસત્વમાં બંધાઇ ચુકી હતી, જેઓ ધાર્મિક વિધિઓની અને પૌરાણિક માન્યતાઓની આડમાં તેમનું સ્વામિત્વ જડબેસલાખ કરી બેઠા હતા. લોક-માનસ અંધશ્રદ્ધાથી ઝંજીરી લેવાયું હતું. પત્થરના દેવો અને પોતાના રાજાઓ આગળ તેઓ બિલ્કુલ નિર્બળ અને

નિર્મૂલ્ય બનાવી દેવાયા હતા. લોકો જે થોડું ઘણું ધન તેમના ધાતકી અને લૂટારા હાકિમોની ધનલોભી નજરોથી બચાવી શકયા હતા, તે આ ધર્મગુરૂઓના હાથે હજમ થઈ રહ્યું હતું. ધર્મ અને પંથના અને રૂઢિ અને રિવાજના અનેક ભેદોનાં દાતરડાંઓએ સમાજદેહને અનેક પરસ્પર વિરોધી પંથોમાં વાઢી નાંખ્યો હતો. જે પંથ રાજ્યપંથ બનતો તેની અસહિષ્ણુતાના એ હાલ હતા કે બીજા વિરોધી પંથના માનનારાઓ ઉપર કહેર અને અત્યાચારની વર્ષા વરસી રહેતી અને ના, એટલુંજ નહિ, પણ ખુદ પોતાના પંથના લોકો પણ, અગર કોઇ સામાન્ય વિધિ માત્રમાં પણ ઝરા સરખો મતભેદ બતાવતા, તો તેમને પણ એવીજ કઠોર નિર્દયતાથી રંજાડી રંજાડીને નામશેષ કરી દેવામાં આવતા.

સમાજ તેનો મોભો અને તેનું વજન ગુમાવી બેઠો હતો. જાણે જીવનમાંથી નિરાશ અને અવિશ્વાસના સૂરો ઉઠી રહ્યા હતા. લોકોમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા જેવું કશુંજ બાકી રહ્યું ન્હોતું. સમાજનું તમામતર જોર શંકાઓને ગુંગળાવવામાં અને વિરોધોને દબાવવામાંજ ખર્ચાઇ રહ્યું હતું. મરૂં મરૂં થઈ રહેલા સંપ્રદાયો સામે ચેલેન્જ ફેંકી રહેલા જ્ઞાન-વિજ્ઞાન તરફ આંખો મીંચવાની હાસ્યાસ્પદ કોશિશ થઇ રહી હતી અને આ ગાંડપણ એટલે સુધી પ્હોંચ્યું હતું કે એક રોમન ચક્રવર્તી તો તેનું ન્હાવા માટેનું પાણી, પુરાણકાલીન તત્વચિંતકોનાં કીમતી પુસ્તકો બાળીને, કરાવતો હતો. રોમન સામ્રાજ્ય એક સજ્જક બળ તરીકે મરી ચૂકયું હતું. તેની શકિતઓનું મ્હોં હવે નાશકારી માર્ગો તરફ ફેરવાઈ ગયું હતું. રોમન સામ્રાજ્યનું બળ હવે ભવ્યતા અને ભભકતાભર્યા દરબારો ભરવામાં અને દોર અને દમામનાં સાધનો ખડકવામાંજ ખર્ચાઇ રહ્યું હતું. રોમના શહેનશાહો તેમનો વકત યા તો નાટકો અને સરકસના પ્રયોગો જોવામાં પસાર કરતા હતા યા તો જંગલી દ્વંદ્વ-યુદ્ધો જોવામાં, જે તેમના મૃત આત્માઓ માટે કહેવાનું ઘણી કહી જાય છે. દ્વંદ્વ-યુદ્ધોમાં લડનાર ત્યાં સુધી જીતેલો કહેવાતો નહિ, જ્યાં સુધી તે પોતાના હરીફને રિબાવી રિબાવીને મારી ન નાંખે. હારતા ખેલાડીની યાતનાઓમાં આનંદ લેવાતો; દર્દ અને વેદનાની તેની પ્રત્યેક કિકિયારી ઉપર તાળીઓ પડતી. અધમતા આનાથી વધુ અધમ કેટલી થઇ શકે!

સમાજ તેનાં પતન અને વિનાશના છેવટના સીમા-સ્થાનમાંથી પસાર થઇ રહ્યો હતો. તેની ઝિંદગીના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. સમાજ-યંત્ર જાણે તેના સાંધાઓમાંથી વખૂટું પડી ગયું હતું! લોક-હૃદયમાં નવજીવન માટેની આશા ઉત્તેજના પામી રહી હતી અને આ યાતનાઓ અને આ વેદનાઓમાંથી મુક્તિ મેળવવાનો ઉત્કટ અભિલાષ પાંખ પહોળાવી રહ્યો હતો. અને બિલ્કુલ એજ વખતે, આપણા આ મહાન પયગમ્બર આશાના અને અભિલાષાના એજ સંદેશ સાથે દરયમાન થયા,

જેના માટે લોકો બેચયન અને આતુર હતા. તેમનો સંદેશ જાણે કે એ પ્રભાત–તારો હતો, જેણે નવયુગની ઉગનારી ઉષાની વધામણી આપી. જે ધર્મની તેમણે જાહિરાત કરી અને જે મઝહબની તેમણે સ્થાપના કરી, તેણે એ સામાજિક અને રાજકીય ક્રાન્તિઓ ગતિમાન કરી, જેના માટે લોકો ઉત્સુક અને આતુર હતા. તેમના ઉપદેશે શ્રદ્ધાળુઓને આંખ આપી, તેમના ધર્મે માંહોમાંહે ઝઘડી રહેલી અરબ ટોળકીઓમાંથી એક પ્રાણવંત પ્રજા કંડારી લીધી અને તેમને તેમની અમાપ શકિતઓનું ભાન કરાવી પોતાનુ ભવ્ય ભાગ્ય પોતાનાજ હાથે ઘડી લેવાના મહામાર્ગ ઉપર છૂટા મૂકી દીધા. તેમની તમામતર શકિતઓ પયગમ્બરે એજ માર્ગે વાળી અને અત્યાર સુધી રૂંધાઈ રહેલા જીવન–બળને ગતિ અને ધર્ષણના માર્ગે નિર્બંધ વહેતું મૂકી દીધું.

જે ધર્મની પયગમ્બરે સ્થાપના કરી તે બિલ્કુલ સાફ અને સાદો ધર્મ હતો અને છતાંયે તેણે મનુષ્ય–આત્માને ઉન્નત બનાવ્યો અને તેને ઉમ્દગી આપી. જગન્નયનમાં મનુષ્ય ઉંચો થયો. વિશ્વભરમાં સર્વશ્રેષ્ઠ હોવાની તેને અંજલિ મળી. મનુષ્યને મનુષ્યની અમાપ શકિતઓનું ઇસ્લામે ભાન કરાવ્યું. તેનામાં આત્મશ્રદ્ધા અને આત્મ વિશ્વાસનું તેણે પ્રેરક બળ રેડયું. ઇસ્લામની વિશ્વ–બિરાદરીની ભાવનામાંથી પયગમ્બરે તેમની અલૌકિક વ્યવસ્થા–શકિત વડે જે ઉમદા ઇસ્લામી બિરાદરીની રચના કરી તે હકીકતમાં પૃથ્વી ઉપરની એ હુકૂમતે ઇલાહી હતી, જેનો કાઇસ્ટે ફકત ઉપદેશજ આપ્યો હતો. આ ઇસ્લામી બિરાદરીમાં જગતના દરેક અને દરેક મનુષ્ય માટે સ્થાન છે, પછી તે ઉંચ હોય કે નીચ, કાળો હોય કે રાતો, સુફેદ હોય કે પીળો. ઇસ્લામી બિરાદરીમાં આ બધાયે એકત્ર થઈને, પોતાની તમામતર શકિતઓ વડે, બિરાદરીની બરતરી અને બહેબૂદી માટે કામે લાગી શકે છે. તેમના ધર્મમાં એ મતમતાંતરવાદને કે પ્રણાલિકાવાદને સ્થાન નથી, જે લોકોને એકત્ર કરવાને બદલે વિભાગતો હોય. ધર્મગુરૂઓના એ ગિરોહને, જેઓ મનુષ્ય–આત્માને મોક્ષ અપાવવાનો ઇજારો લઈને બેઠા હતા, તેમને બીજા કોઇ નહિ તો એ સાદા કારણસરજ રૂખ્સત આપવામાં આવી કે તેઓ બીજા મનુષ્યોની જેમ સાધારણ માનવીઓ છે; સામાન્ય માનવીથી વધીને તેમનું સ્થાન હોઇ શકે નહિ; કારણ કે, બધાયે માનવીઓ સરખા છે. જાતિઓ અને વર્ગોથી છિન્નવિછિન્ન થયેલી માનવતા અને તેના ઉપરના ધર્મગુરૂઓના વર્ચસ્વવાળા જગતમાં મનુષ્યનો માન અને મોભો અને માનવ માત્રની એકતા; ભભકા અને દમામથી ભરેલી દુનિયામાં જીવનની સાદગી અને પવિત્રતા; અને આત્મિક ગુલામીના દવરમાં શ્રદ્ધા અને વિશ્વાસ એ તેમના ધર્મની મુખ્ય વિશિષ્ટતાઓ હતી. સ્વાભાવિક રીતે એટલે, સમાનતા અને બિરાદરીના તેમના ઉપદેશમાં ન ઉવેખી શકાય એવું આકર્ષણ હતું. ગુલામીની શૃખંલાઓમાં જેઓ ઝંજીરાયેલા હતા, ઇસ્લામમાં તેમણે પોતા-

નાજ મુકિત-જંગનો લડવૈયો જોયો. નૈતિક પવિત્રતા અને ધાર્મિક સહિષ્ણુતાના ઇસ્લામ-સંદેશે તેમના આત્માઓને તસલ્લી આપી, જેઓ ધર્મભેદ અને પંથભેદના નામે અત્યાચારાધ રહ્યા હતા. ઇસ્લામમાં તેમને એ ઔષધ મળી ગયું, જે તેમનાં વેદનાથી કણ્ણી રહેલાં દિલોને શાંત્વન આપી શકે અને તેમના ઝખ્મોને રૂઝવી શકે. મૂર્તિપૂજા સામેની તેમની જિહાદે એ લોકોને નવી આશા આપી, જેઓ ધર્મગુરૂઓની તુમાખી હેઠળ અંજાઇ દેવાયા હતા, અને જેમનાં માનસમાં વહેમ અને અંધશ્રદ્ધાનાં અંધારા ભરી તેમને તે ધર્મ-ગુરૂઓના-પત્થરના દેવોની એ જીવતી મુર્તિઓના-આજિઝ બનાવી દેવાયા હતા. લોકોના હરી ગયેલાં અંગોમાં ઇસ્લામે નવું જીવન રેડ્યું. પોતાના અનુયાયીઓને તેણે નવા ઉમંગ અને ઉત્સાહ આપ્યા અને તેમનાં દિલોમાં કાંઇક એવી આગ ચાંપી દીધી કે તેઓ આ નવી વ્યવસ્થાને સાકારવાના તેમના મકસદમાં આગળ ધસી આવ્યા.

ઇસ્લામ હકીકતમાં એક એવા જીવન-બળ સમાન સાબિત થયો, જેણે હરી અને હુંદેવાઇ ગયેલી મનુષ્ય શકિતને ચળવળાવી દીધી. તેમણે પોતાના અનુયાયીઓને ઉત્સાહના આવેગો આપીને અમાપ સમુદ્રની અસીમતામાં છોડી દીધા, જ્યાં વધુ ઝોર અને બળ એકઠાં કરી તેઓ પોતાના વણથંભ ધસારામાં આગળ અને આગળ નીકળી ગયા. માર્ગમાં જે પણ કાંઇ નડ્યું તે ફના થતું ગયું, જે પણ અંતરાયો આવ્યા, કચડાતા ગયા અને એમ ઇસ્લામની આગેકુચ આગળ અને આગળ વધતીજ ગઇ. ઇસ્લામે મનુષ્યની સર્જનાત્મક શકિતની આખીયે સંપત્તિને ઉઘાડી મૂકી દીધી અને તેને એવા માર્ગે વાળી કે જ્યાં પરિપક્વ થઇને તે એવી શકિતઓમાં પ્રફુલ્લી ઉઠી, જે આખરે મનુષ્યની યાતનાઓ અને મુસીબતોને દળવી કરીનેજ રહી.

ઈસ્લામ અને તેના આસાન ઉસૂલો

લેખક :
જનાબ હાશિમ મુહમ્મદ ગડર
"મુનીર"

'મુનીર' સાહિબ કુતિયાણાના આગળ તરી આવતા એક જોશીલા કાર્યવાહક, આશાસ્પદ લેખક અને જવાન કવિ છે. કવમી કાર્યોમાં તેઓ હંમેશા પેશ પેશ રહે છે અને કવમને લાભદાયી થાય એવા સાહિત્ય દ્વારા કવમની સેવા કરવાની ધગશ ધરાવે છે. એમનો આ લેખ અહિં પેશ કરતાં આનન્દ થાય છે.

હુઝૂર અકરમ [સ. અ. વ.] ને આજ સાડા તેરસો વર્ષ થયાં. આ લાંબા કાળ દરમ્યાન ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતોમાં, ઝેર, ઝબર કે એક નુકતાનો પણ સુધારો થયો નથી. ભૌગોલિક દૃષ્ટિએ દુનિયાના ભિન્ન ભિન્ન દેશોમાં વસતી ભિન્ન ભિન્ન પ્રજાઓ માંહેની ચાલીસ કરોડ જેટલી વિશાળ મુસ્લિમ સંખ્યાને માટે એ "નિઝામ" આજે સાડા તેરસો વર્ષોથી રહેજ પણ સુધારા વગર બહુજ અસાનીની સાથે એકધારો અનુકૂળ સાબિત થયો છે.

આ લાંબા કાળ દરમ્યાન દુનિયાએ અનેક ક્રાન્તિઓ અનુભવી. કાંઇ કેટલાયે ઇન્કિલાબોના ઝલકલા પૃથ્વી પર ધણધણ્યા અને ખામોશ પણ થઇ ગયા. જુદાજુદા આદર્શો અને સિદ્ધાંતો પણ પ્રચલિત થયા. માનવ-ઉત્કર્ષ માટે હજારો યોજનાઓ અમલમાં આવી. સામ્યવાદ, સમાજવાદ, નાઝીવાદ ફાસિવાદ, રાષ્ટ્રવાદ અને એવા કેટલાયે વાદો હસ્તીમાં આવ્યા. છતાં કોઇ એક પણ વાદે પોતાની સંપૂર્ણતા સિદ્ધ કરી નહિ. વિશ્વ સમસ્ત અને તેની ભિન્ન ભિન્ન પ્રજાઓએ કોઇ પણ એક વાદને અનુકૂળ અને મકબૂલ ગણી એક સાથે વધાવ્યો નથી. કોઇ પણ એક સિદ્ધાંત માટે વિશ્વની પ્રજાઓએ મક્કમતાપૂર્વકનો સાદ પૂર્યો નથી. વખતો વખત સંપૂર્ણતાની ઝાહિરાત સુધાં પામી ચુકેલા એ વાદોની ત્રુટિઓ ઝાહિરમાં આવતી રહી છે. અને તેનો પૂરો સંપૂર્ણતાનો દાવો છતાં એમ થતું રહ્યું છે અને વખત જતાં એક વાદ ઉપર બીજા અને બીજા ઉપર ત્રીજાની શ્રેષ્ઠતા સાબિત કરવામાં આવતી રહી છે. પરિણામે બધાંયે વાદો નિરર્થક અને વાહિયાતજ સાબિત થયા છે.

ત્યારે આ હઝરતે [સ. અ. વ.] એક એવી સમાજ રચના કરી છે, એક એવો મુકમ્મિલ નિઝામ તૈયાર કર્યો છે, જે લાંબાકાળથી ઝરાપણ સુધારા વગર દરેક યુગમાં એકંદર કવમોને સરખી રીતે આસાનીપૂર્વક અનુકૂળ સાબિત થયો છે. ઇસ્લામી સિદ્ધાંતો, માનવ સમાજની સ્વાભાવિક નિર્બળતાઓની પરીક્ષા કરી, તેની અપૂર્ણતાની તુલના કરી, સહેલા, આસાન, અને ઇન્સાન વગર અડચણે વ્યવહારૂપણે નભાવી શકે એવા ઉસૂલોના આધારે રચવામાં આવ્યા છે. ઇસ્લામની સંપૂર્ણતા અને સચ્ચાઇ માટે આજ સુધી મકબૂલ રહેલો તેના "મુકમ્મિલ નિઝામ" એક સબળ દલીલ છે.

ઇસ્લામ અને તેના સિદ્ધાંતો આસાન અને એટલા સાદા છે કે કોઇ પણ પ્રજા ઝરા પણ મુશ્કેલી વગર તેના પર અમલ કરી શકે છે. ઇસ્લામ મનુષ્યને લાચાર બનાવવા માંગતો નથી કુરઆને કરીમમાં ઠેરઠેર સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે:-લાયોકલ્લે કુલ્લાહો નફ્સન ઇલ્લા-વુસઅહા-વલવ શાઆ લઅનતકુમ [અલ્લાહ કોઇ આત્માને દુઃખ દેતો નથી પણ એટલું કે તેનામાં જેટલી શક્તિ હોય, જો ખુદા ચાહે તો તેમને સખ્તીમાં નાખી દે.] અને "યુરીદુલ્લાહો બેકોમુલ યુસરા વલા યુરીદો બેકોમુલ ઉસરા." [ખુદા તમારા માટે સરળતા-આસાની ચાહે છે, સખ્તાઈ ચહાતો નથી.] અને "વજાહેદુ ફિલ્લાહે હકકા જેહાદેહી હોવજતબા કુમ વમા જઅલા અલયકુમ ફિદ્દીને મિન હરાજીન" અર્થાત અલ્લાહના માર્ગમાં ખુબ જેહાદ કરો. તેણે તમને વીણી લીધા છે, અને દીનની બાબતમાં તમારા ઉપર કોઇ સખ્તી નથી. "મા યોરીદુલ્લાહો લે યજઅલા અલયકુમ મિન હરાજીન" [ખુદા ઇચ્છતો નથી કે તમારા ઉપર સખ્તી નાખે] આ આયતોથી ઇસ્લામની આસાનીયત અને સાદાઇ સ્પષ્ટ સાબિત થાય છે કે કોઇ દેશાણે કોઇ અનુયાયીને પોતાની ફર્ઝ બજાવવાથી કોઇ પણ કારણસર મુશ્કેલી થઈ જાય તો તેનો બદલો અથવા કફ્ફારો મંજુર કરી લેવામાં આવે છે. નમાઝનોજ મસઅલો લુઓ. કયામ-ઉભા રહેવું-ફર્ઝ છે, પણ કોઇ કારણસર, અથવા બીમારીવગેરે ઉભા ન રહી શકાતું હોય તો તેને માટે બેસીને નમાઝ પઢવાનો હુકમ છે. એવીજ રીતે રોઝા પણ બીમાર ઉપર ફર્ઝ નથી. તંદુરસ્ત થવા બાદ તે મૂકેલા રોઝા કઝા કરી શકે છે. અને કેટલીક બાબતોમાં કફ્ફારો પણ મંજૂર કરવામાં આવ્યો છે. ઘણી વસ્તુઓ મઝહબી દ્રષ્ટિએ હરામ છે પણ મજબૂરી અને લાચારીની હાલતમાં તેને ખાઇ લેવી જાઇઝ છે.

ઇસ્લામી ઉસૂલોની સરળતા અને આસાની માટે આ દ્રષ્ટાંત અસ્થાને નહિં ગણાય. "એક ગાલ પર થપ્પડ મારવામાં આવે તો બીજો ગાલ ધરવો" એ ઇશુ ખ્રિસ્તનો મત અને ઉપદેશ છે. ઇન્સાની ફિતરત અને તેમાં રહેલી કુદરતી નિર્બળતાઓ આ સિદ્ધાંત ઉપર અમલ કરી શકવા અશક્ત છે. કારણ કે, એથી સબળ અને બળવાનોનો ઝુલ્મ પરાકાષ્ટાએ પહોંચે છે. અશક્તો અને શક્તિ હોવા છતાં સંજોગોવસાત દબાઇ ગયેલા એથી કચડાઈ જવાનો સંભવ છે. એટલેજ ઇન્સાની ફિતરત તેનાથી ઉલટો પણ વિવેકી ઉપદેશ રહેજે માંગી લે છે. જો ઇશુ ખ્રિસ્તના આ બોધ અમલ કરવા લાયક હોત તો દુનિયાએ તેના ઉપર અમલ કર્યો હોત, અને મનહૂસ નાઝીવાદ અને ફાસીવાદના ભયાનક ઓળાઓ પૃથ્વી પર ફેલાયા ન હોત, પણ આજે આપણે જોઇએ છીએ કે ઇશુ ખ્રિસ્તના અનુયાયી હોવાનો દાવો કરનારાઓ પોતેજ એ જંગલી નાઝીવાદ અને ફાસીવાદની સાથે થયા છે. એટલે એ સિધ્ધાંત વ્યવહારૂ નથી. ત્યારે તેની સરખામણીમાં ઇસ્લામનો ઉપદેશ

છે કે "ઇંટનો જવાબ ઇંટથીજ આપો. પણ ખબરદાર પહેલ કરતાં નહિ અને ક્ષમા અને વિવેકથી વર્તન કરજો." આ ઉપદેશમાં ઝુલ્મનો સામનો કરવાનો બોધ છે અને તે એટલા માટે કે દુનિયામાં ઝાલિમોની ઉન્નતિ ન થાય. સાથેજ વિવેક, ક્ષમા, અને સંયમને શાંતિ માટે ઝુરૂરી ગણવામાં આવ્યાં છે, એટલેજ આ સિધ્ધાંતને દુનિયા માની પણ શકે છે અને તેના ઉપર અમલ પણ કરી શકે છે. એવીજ રીતે આજે જુદા જુદા નામે પ્રચલિત થયેલા વાદો પણ આંવીજ ઉણપોના અને ઇન્સાની ફિતરતને બરાબર ન પારખી શકવાના કારણે કદિ પણ કામયાબ થવાના નથી.

દાખલા તરીકે, સામ્યવાદ દુનિયા સમસ્તને એકજ ટાળામાં ઢાળી એકજ સ્વરૂપમાં રજુ કરવાનો પ્રયત્ન કરી રહયો છે. આવા સિદ્ધાંતોના કારણે દુનિયાનાં કાર્યો થંભી જશે અને અંધાધુંધી વ્યાપશે ઇત્યાદી સ્વાભાવિક ભયોના કારણે દુનિયાનો મોટો ભાગ તેના વિરૂદ્ધ આવાજ ઉઠાવી રહ્યો છે. અને જ્યારે તે પર વ્યવહારૂપણે અમલ કરી શકાય એમ નથી ત્યારે ઇસ્લામમાં તે માટે બહેતર અને અમલ કરી શકાય એવા ઉકેલ છે. ઇસ્લામે એકધારી સમાજ રચના કરી કે મનુષ્ય માત્ર સુખ અને ચયનથી રહી શકે. તે માટે શ્રીમંતો ઉપર અઢી ટકાનો ઝકાત રૂપી ટેકસ ફર્ઝ કર્યો છે. આ ટેકસ વ્યવસ્થિત રીતે ઉઘરાવવામાં આવે, અને ઇસ્લામના કાનૂન પ્રમાણે તેની વહેંચણી કરવામાં આવે તો ગરીબ અને બેકારીની માયૂસીભરી કેટલીયે સમસ્યાઓનો ઉકેલ રહેજે થઇ શકે એમ છે. ઇસ્લામી ખિલાફતના ઝમાનામાં આ ટેકસની બરાબર વસૂલાત કરવામાં આવતી હતી અને કાનૂનસર તે તકસીમ કરવામાં પણ આવતો હતો. પરિણામે એક સમય એવો આવ્યો કે મુસ્લિમ રાષ્ટ્રમાં કોઇ ઝકાત લેનારજ ન રહ્યું. સામ્યવાદની જગ્યાએ દુનિયા આસાનીથી આ સિદ્ધાંત ગ્રહણ કરી શકે છે એવાજ પ્રકારની ઉણપો જગતની સકળ ક્રાન્તિઓમાં મવજૂદ છે. ઇસ્લામ એક એવો વ્યવહારૂ મઝહબ છે; જેને આસાનીથી ઇન્સાની ફિતરત નભાવી શકે છે.

જગતના કોઇપણ ભાગ પર નઝર કરો, કોઇ પણ ક્રાન્તિનો મૂળભૂત ઇતિહાસ તપાસો તો આસાનીથી તેના ઉપર ઇસ્લામી રંગની મવજૂદગી જણાયા વગર નહિં રહે. ઇસ્લામ એક ફિતરતી મઝહબ છે એટલેજ જગતના નાસ્તિકોએ પણ આવી રહેલા ભવિષ્યમાં મઝહબ જેવી કોઇ હસ્તી હશે તો તે ઇસ્લામનીજ હશે એવી ઝાહિર ઘોષણા કરી છે.

અંતમાં વિશ્વમાં અનેક ક્રાન્તિઓ થઇ, કેટલાયે ઇન્કિલાબો થયા, અધર્મની સેંકડો ડમરીઓ ચડી, છતાં દુનિયા પરથી મઝહબની અસર ઓછી થઇ નથી. નાસ્તિક સામ્યવાદીઓ પણ રહી રહીને ખુદાની હસ્તીનો ઇકરાર કરી રહયા છે. અને તે મઝહબી અસરમાં ઇસ્લામી અસર આમ એને સર્વત્ર છે. કોઇ પહેલૂ એવો નથી જેના ઉપર ઇસ્લામી અને નબ્વી રંગ ન ચઢયો હોય અને જેના ઉપર નબ્વી રંગની અસર થઇ ન હોય. તેની પૂર્ણતા માટે શક નથી અને તેની કામયાબી બેશક યકીની છે. અને દુન્યાનાં શાંતિ અને અમન ઇસ્લામ અને તેના સિધ્ધાંતો પર અવલંબિત છે. અસ્તુ.

દુનિયામાં અમન ક્યારે ?

લેખક :
જનાબ યૂ. એ. આર. ફાઝિલ "ફારૂક"

'ફારૂક' સાહિબ એક ઉત્સાહી અને ખંતીલા કાર્યવાહક તેમજ એક રંગના અને આશાસ્પદ લેખક છે. સાહિત્યની લગની એમના હૈયાના તારેતાર સાથે વણાએલી છે. એમણે બહુ થોડું લખ્યું છે. પણ જે લખ્યું છે તેની પાછળ કંઇક ધ્યેય, કંઇક દ્રષ્ટિ છે 'અંતરની આગ' ને નામે એમનો એક નવલિકા સંગ્રહ બહાર પડી ચુકયો છે.

નામૂસે મિલ્લતનું રસૂલ સલ્લઅલ્લ. ના પાક જીવન ઉપર કાંઇક લખવાનું આમંત્રણ મારા જેવા નાચીજને મળે એ મારા અહો ભાગ્ય !

જે હસ્તીએ પાક [સ] ની કલામુલ્લાહમાં ખુદ ખુદાએ તા'રીફ કરી હોય, એવા રહમતુલ્લિલ-આલિમીનની શાનમાં, શું ગજું મારૂં કે કાંઇ લખી શકું ? છતાંયે દા'વતને માન આપી કંઇક લખી શકું તો મારી ખુશ કિસ્મતી.

દુનિયામાં આજે આલમગીર જંગ ખેલાઇ રહ્યો છે. તેની જવાળાઓ જગતભરને ભરખી રહી છે. માનવના બેનૂરીથી કપાઇ અને વટાઈ રહી છે. લાખો ઇન્સાનો અન્નના મુહતાજ, લાખો વસ્ત્રોના હાજતમંદ અને લાખો રોગ્રીની ફિકરમાં મુબ્તલા થયેલા જોવાઇ રહ્યા છે શા માટે ? ઇન્સાનિયત આટલી ઝલીલ અને પામર કેમ થઇ ગઇ ? કોણે આ કયામત બપા કરી ? માનવતાના ઇતિહાસમાં જેટલો દુઃખી, જેટલો નિરાશ, જેટલો ઝલીલ અને જેટલો મરતો ઇન્સાન આજે થયો છે, તેટલો કયારેય થયો નહે તો. હકીકતમાં પેલી પશ્ચિમની જમીનભૂખ, તેનો પેલો ચપતાની રાષ્ટ્રવાદ અને તેની પેલી વૈજ્ઞાનિક તુમાખીજ આ બધા માટે જવાબદાર છે. યૂરોપની સુધરેલી કહેવાતી સંસ્કૃતિએજ માનવતાના મ્હોંને આટલું દાગદાર અને બદરંગ કરી મૂકયું છે.

પણ બીજાઓના ખૂનના ખાતરથી ઉગેલી પશ્ચિમની સંસ્કૃતિ હવે ફાલી ફુલીને ખુદનાંજ ખૂન પી રહી છે. ઇકબાલની પેશનગોઇ સાચી પડી રહી છે. ફિરંગી સંસ્કૃતિ આજે પોતાના હાથેજ પોતાનું ગળું ઘૂટી રહી છે. તેનો આજનો માર્ગ સિર્ફ અધઃપાતનોજ નથી, આત્મઘાતનો પણ છે.

પયગમ્બર [સ.] ના યાદ-દિને એ સિવાય બીજું કહેવાનું હોય પણ શું કે, જો માનવતાએ ફરી એકવાર મરતાં બચવું હોય, ઝિલ્લત અને પતનમાંથી ફરી એકવાર તેને ઉભરવું હોય તો ઇતિહાસનું એ ટૂંક મર્યાદિત પુનરાવર્તન તેણે કરવુંજ પડશે. આજથી સાડા તેરસો વર્ષના ઇતિહાસને ફરીથી દોહરા-

વવોજ પડશે. એ વકતે ખુદ ખુદાના મહાન પયગમ્બરે ઝાતે માનવતાને મુકિત અપાવી હતી, આજે તેમના આટલાં વર્ષોથી તાઝાદમ રહેલા પયગામ ઉપર ઝરાક વધુ ઘેરૂં ચિંતન કરવાથીજ માનવતા મરતી બચી જાય એમ છે.

લડાઇ હજુ ધૂમ લડાઇ રહી છે. ખૂરેઝી હજુ પૂર બહારમાં ચાલુ છે. છતાં લાજતા નથી યુરોપના આ લોકે સુલ્હ-શાન્તિની વાતો કરતાં! સુલ્હ અને શાન્તિની આજની તેમની તમામતર વાતોમાં હજુ એજ ઝબરદસ્તોનું ઝોર છે, હજુ એજ ઝમીનભૂખની લાલસા છે, હજુ એજ સંકુચિત અને શયતાની રાષ્ટ્ર-વાદનુ ગાંડપણ છે. આ સુલ્હ અને શાન્તિ આમ માનવતા માટે વિચારતી નથી. એ સુલ્હ વરૂઓ વચ્ચેની સુલ્હ છે. એ શાન્તિ પોતપોતાના શિકારો ઉપર બેસી તેમને નીરાંતે ફાડી ખાવાની શાન્તિ છે. એ સફળ નહિ થાય. આ રીતે હજુ વધુ ભયાનક ખૂંરેઝી-ઓની યોજનાઓ ઘડાઇ રહી છે. માનવતાને હજુ વધુ ઝલીલ કરવાના આ રસ્તા છે.

ઇસ્લામ જે સ્વયં શાન્તિ અને સુલ્હનો જીવન-નિઝામ છે, તેણે સૂચવેલા માર્ગો ઉપર ગયા સિવાય આ દુનિયા કયારેય ખરી શાન્તિ ભાળશે નહી. અને જ્યારે શાન્તિ અને સુલ્હના નાયાબ નૂસ્ખા મુસ્લિમો પાસે છે ત્યારે પહેલી ફર્ઝ તેમનીજ છે કે તેઓ મયદાનમાં આવે, જગતની રહબરી લેવાની લિયાકાત કેળવે અને દુનિયાને ફરી એકવાર શાન્તિ અને સમાનતા પાઠ અને પયગામ આપી પોતાના પુરાણકાલીન ગૌરવને ફરી તાઝું કરે. મુસ્લિમો પોતાના શિરે આવી કડી જવાબદારી હોવાનુ હજુ ભાન કયાંક કયાંક બતાવી પણ રહ્યા છે. એ ભાન વધુ તેઝ થશે, એ ભાન વધુ પ્રેરક બનશે, ત્યારે જગત ફરી એકવાર સાંભળશે કે કયસરે કિસ્રાના શાહી ગુમ્બદો તૂટયા અને માનવતાએ મુકિત મેળવી.

મુસલમાનોની કમઝોરીનાં રોદણાં રોવાય છે. પણ જો આ નકશા પર અમલ કરવામાં આવે તો મુસલમાનોની સર્વ બીમારીનો ઇલાજ થઈ શકે છે. તુર્કોએ દોઢ કરોડ તુર્કોને નવી ભાષા શીખવવા માટે, દશ વરસનાં ગાળામાં પોતાનો પ્રોગ્રામ મુકમ્મિલ કરી લીધો હતો. ચાલીશ હજાર વોલન્ટયરો શિક્ષણ આપવા મુકર્રર કર્યાં હતાં. હિંદમાં કદાચ એક લાખથી વધુ મુસલ્લાઓ હશે. તેવીજ રીતે કોલેજના વિદ્યાર્થીઓ અને સરકારી નોકરોની ગણતરી લાખોની હશે, જેઓ ઉર્દુ લખી વાંચી શકે છે. દરેક માણસ એ નિશ્ચય કરી લ્યે કે તે બેચાર મુસલમાનોને ઉર્દુ લખતાં વાંચતા શીખવી દેશે, તો મુસલમાન કવમની મુશ્કેલી દૂર થવા માટે જમીન તૈયાર થઇ શકે છે. એ પછી દરેક મુસલમાન અરબી સાથે તેનું ભાષાન્તર ગુરૂ વાંચે અને હાલ પણ જે મુસલમાનો ઉર્દુ જાણે છે તે ભાષાન્તર સાથે કુરઆનનું વાંચન કર્યા કરે. જે લોકો નમાઝ પઢે છે તેઓ ઉર્દુ ભાષાન્તર વારંવાર વાંચતા રહે કે જેથી તેમના મગઝમાં તે સમાઇ જાય અને નમાઝ પઢતાં તેમનું ધ્યાન ભાવાર્થ તરફ પણ રહે જેથી તેમને નમાઝમાં સુરૂર આવે અને તેઓ લીન પણ થાય. ભાવાર્થ સમજવા પછી તેમને નમાઝમાં એ લુત્ફ આવશે જેના તે ખ્વાહિશમંદ છે. હિંદના તે અહિમો જેઓ હમેશા ચર્ચા અને વિવાદમાં રચ્યા પચ્યા રહે છે, તેઓ થોડાક વરસ આવો પ્રચાર કરે તો તે મુસલમાનોની ક્રાન્તિ અને જાગ્રતિના કારણ રૂપ બનશે. પારકી ભાષા શીખનારા અગર અરબી ભાષા પણ શીખે તો દીન અને દુન્યાનો ફાયદો ઉપાડશે. અગર તમને કુરઆન મજીદથી મુહબ્બત છે, તેના પ્રત્યે માન છે અને બધું કાંઇ છે, તો અરબી ભાષાનું જ્ઞાન પણ મેળવો, જેથી તમે તેની અસલી અને ઝરૂરી હકીકતોથી આગાહ થઇ શકો. અને જ્યાં સુધી તમે આ કામમાં ફતેહમંદ નિવડો ત્યાં સુધી, એ કોશિશ જારીજ રાખો. જો તમે એટલું કરી શકયા તો તમારી અજ્ઞાનતા પણ ટળશે અને અંધાપો પણ અને તમે હકીકતમાં એક બળવાન પ્રજા તરીકે દુનિયામાં ઉચું મ્હોં રાખવાના કાબિલ થશો.

જગતની મહાન કિતાબ ઉપર—

આછી દ્રષ્ટિ

લખનાર :
બી એ. કે શીવાણી" ખામોશ"
કુતિયાણા

હઝાર બાર બસોયમ દહન બ મુરકો ગુલાબ;
હનોઝ નામે તૂ ગુફતન કમાલે બેઅદબી.

મુરક અને ગુલાબથી હઝાર વખત મોઢું સાફ કરીને પછી પણ જેનું નામ લેવામાં બેઅદબી થવાનો સંભવ હોય, તેના જીવન ચરિત્ર વિષે આપણા જેવા અજ્ઞાન અને અપવિત્ર માણસો લખી પણ શું શકે? અરે! તેની જિન્દગીના મર્મ તો ખુદ પાકપરવરદિગારે, પોતાના પાક પુસ્તક [કુરઆનેમજીદ] માં ખુદ જાતે ચરિત્રકાર બની વર્ણવ્યા છે. જેની મચ્ચાઇ આજે ચૌદ સો વરસ થયાં જગ જાહિર છે, અને તે એવી તો પવિત્ર વસ્તુ છે, કે તેની ઇઝઝત કરવામા જગતના મહારાજાધિરાજોપણ પોતાની ઇઝઝત માને છે.

ચૌદા સો સાલસે રોશન હય સદાકત મેરી;
મેં હૂં કુરઆન, મુસલ્લમ હય શરાફત મેરી.

અને એશિયા કે યુરોપમાંજ નહિ, પણ તેઁ સર્વત્ર સત્તા ચલાવે છે. વળી તેને કેવળ મુસ્લિમોજ નથી માનતા પરંતુ અન્યોની જીભે પણ તેની કીર્તિ મવજૂદ છે.

એક મુસ્લિમ નહીં દુનિયામેં સનાખ્વાં મેરે;
બદકે ગયરોંકી જબાં પરભી હય મદહત મેરી.

આજે જગતમાં જે સ્ફૂર્તિ નઝરે પડે છે, તે ખરીરીતે તો તેનીજ છે. વળી જોવાનુ એ છે કે આજ પર્યંત એક અક્ષર—અરે એક ઝબર પણ તેમાં નથી બદલાયો. કેવો છે આ અટૂટ પુગવો તેની મચ્ચાઇનો અને તેની જહાંગીર કશિશનો!

આજ તક એકભી ચુકતા નહીં બદલા મેરા;
જિસકા મેં હૂં વોહી કરતા હય હિફાઝત મેરી.

અને બદલે પણ કેવી રીતે? જેને સુરક્ષિત રાખવાનું વચન જેનુ તે છે—તે માલિકેજ આપ્યું હોય, ત્યાં તે સિંધુંમાં બિંદુનું ઓછું વત્તું થવું અસંભવિત છે—અશકય છે.

ખાક ડાલેસે કભી ચાંદ નહીં છુપ સકતા;
મિટ નહી સકતી મિટાનેસેભી ઈઝઝત મેરી.

ઈસ્લામ : આવતી કાલનો જગત્-ધર્મ

: લેખક :
દિલાવર

આ મીલ્લી મહિનો તેની તમામતર બરકતોને બાઝારે મૂકી જગતને શું કહી રહયો છે આજે ? એજ કે વિશ્વવ્યાપી યુદ્ધની જવાળાઓમાં ગડપાએલું જગત જો આવાં કયામતખેજ જંગોથી ભવિષ્યમાં બચવા માંગતું હોય, મનુષ્યના હાથે ચૂથાઇ અને ચગદાઇ રહેલો મનુષ્ય ખરા અર્થોમાં ' અશ્રફુલ મખ્લુકાત ' થવા માગતો હોય તો, તેમણે, રહમજે તો આજે, ન રહમજે તો કાલે, વહેલાં યા મોડાં, ઇસ્લામની શાન્તિ-ગોદમાં આવવુજ પડશે માનવતાનુ અને જગતનુ એજ આખિરી વિશ્રામ-સ્થાન છે, એજ તેનું સુરહ-ધામ છે, એજ એક એવી મન્ઝિલ છે, જ્યાં ઇન્સાન હયતાની મટી મલકૂતી થઇ શકે છે જ્યાં દુન્યા નારી માટે નૂરી બની શકે છે.

તવારીખનાં એ પાનાં, જે ઈસ્લામી ગૌરવથી, તેની સંસ્કૃતિની ભવ્યતાઓથી, તેના અનુયાયીઓની સદાકત અને શુજાઅતથી ભરેલાં છે, આજે ઇન્સાનીયતથી ફખ્રપૂર્વક કહી શકે છે, કે આજ એ જીવન-આદર્શ છે, આજ એ જીવન-ધ્યેય અને આજ એ જીવન-સિદ્ધિ છે, જે મનુષ્યે હાસિલ કરવી જોઈએ અને હાસિલ કરવા માટે જુસ્તજૂકાર થવું જોઇએ.

વિજ્ઞાનની આંખો આંજનારી ભભકને બાદ કરો અને જુઓ મગરિબી સંસ્કૃતિએ પાછલાં ચારસો-પાંચસો વર્ષમાં એવું શું કર્યું છે, જેના માટે મનુષ્ય ફખ્ર લઇ શકે. દુન્યામાં શાન્તિ ફક્ત ઈસ્લામે પણ કરી છે. પણ બતાવી શકશે કોઇ કે એ માટે આવાં કયામતખેજ અને તાબાહીખેજ યુદ્ધો લડાયાં હોય ? માનવતા એ વકતે જેટલી આબાદ હતી, તેટલી કયારેય પણ થઈ નથી. જે વિજ્ઞાન ઉપર યૂરોપને નાઝ છે, હવે તો તે પણ માનવતા માટે તબાહકારી બની રહ્યું છે. આજના જંગમાં તેનો જે પાશવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે, તે તેની ભયાનકતાની ચકચકતી દલીલ છે.

મગરિબી સંસ્કૃતિ હવે તેની એજ સાધનાઓના હાથે મરી રહી છે, જેના ઉપર તેને નાઝ છે તેને હવે મરવુજ પડશે. ખુદ ઇન્સાનજ તેને નહિ જીવવા દે

ઇસ્લામ ફરી એકવાર જગત-ધર્મ બનશે. બર્નાડશોની વાણી સાચી પડવાનાં પૂરતાં ચિન્હો જોવાઇ રહ્યા છે. ઇકબાલની એ પેશનગોઇ પણ સાચી પડવાના આસારો બતાવી રહી છે કે, જગતને દોરવાની જવાબદારી મુસ્લિમો ઉપર આવવાનીજ છે.

મુસ્લિમોએ પોતાના મઝહબની આ બુલન્દી ઉપર ફખ્ર કરવો જોઇએ. તેમની તમામતર વિચારણાઓ એ ઉપરજ કેન્દ્રિત થવી જોઈએ કે, તેઓ આવતી કાલના જગત-સ્વામીઓ છે. મુસ્લિમો એ ભાન જેટલું વહેલું બતાવશે, માનવતાનો મુક્તિદિન ફરી એકવાર એટલોજ વહેલો ઉગી નિકળશે.

પ્રણામ

લેખક માંડવીઆ

પ્રણામ, પ્રણામ !

અરબના તે અરણ્ય વાસી તપસ્વિને પ્રણામ, એકે ઈશ્વરવાદનો આહલેક જગાવી, દ્વૈતવાદનાં જેણે અધાર ફેડયા, સમાનતાની ધૂણી ધખવી, ભેદભાવના જેણે ભેખડ તોડયા, માનવબુદ્ધિના મહોગ મગેરી, વિમાસના જેણે વાવેતર વાવ્યા

પ્રણામ, પ્રણામ !

એ માનવ-મૂર્તિને કોટિકોટિ પ્રણામ, ખલીલ (અલ)ના આશિર્વાદ ને મસીહ (અ)ના ભવિષ્યવાદમાં જેનું પ્રાકટ્ય હતું, ગોકુલવાસી કૃષ્ણના બાંસી-નાદમાં જેના સંદેશા હતા ગૌતમબુદ્ધની ગરવી વાણીમાં જેના આગમન-ગીત હતા, રામચંદ્રજીની લીલામાં જેની પધરામણીના પગરવ હતા, 'ફાતિ રમ્મમાવાતે વલ અર્ઝ' ના પુનિત શબ્દોમાં જેની જીવન્ત પ્રતિમાના પ્રતિબિંબ હતા.

પ્રણામ, તેને, જગત્ સમસ્ત માટે જે 'કરુણાનિધાન' ને 'દયાસ્વરૂપ' થયો, માનવ ના અત્યાચાર અનાવવા રેતાળ ખોળામાં જેણે જન્મ ધર્યો અશાન્તિના આગ મહેલમાં શાન્તિનો જેણે સંદેશ અર્પ્યો

પ્રણામ, એ સંદેશના તે સંદેશવાહકને વિશ્વ સમસ્તમાં પ૦ કરોડ જેટલી જેની પ્રજા આજે વિનમ્ર કરે છે

પ્રણામ, તે સુંદર સાજનને, યૌવનની ઉમંગભરી ગત્રિઓ જેણે 'હિરા' ની તિમિર ઘાટી ગહ્વરોમાં વહાવી, ઇબાદતની અધિકતાથી પોતાના જેણે પગો સૂજાવ્યા, શત્રુઓએ પણ જેની 'સદાકત' ને 'અમાનત' આગળ માથા ઝુકાવ્યા

પ્રણામ, રૂપ રૂપના તે અંબારને, સંસાર સમસ્તના સૌંદર્ય જેની ઉપર કુરબાન થયા સર્વાન્તર્યામીએ સ્વયં જેના મુખચંદ્રમાં પોતાના બ્રહ્મતેજ રેડયા, અરબ-અજમની તે અવન્તો જેના સૌંદર્ય પર મોહિત થઈ, જનવરો કરતાં યે જેમના મૂલ્ય ઓછાં હતાં પતિ પાછળ સતી થતું જેમનો ધર્મ હતો, પિતાની ને પતિની જાયદાદમાં જેમનો હિસ્સો નહોતો જગતમાં જીવવાનો જેમનો અધિકાર નહોતો

પ્રણામ, તે અખંડ સ્નેહમૂર્તિને-તે મંગળ જીવનમૂર્તિને, પૃથ્વીના માનવ-પ્રાણીઓ જેના જ્યોતિ-ઝગઝગતા પવિત્ર મુકુટના દર્શન કરવા ને જેની અગણ્ય પ્રેમવીણાના શ્રવણ કરવા આજે પગ હૈયાભેર ઉપડે છે

પ્રણામ, તે પૂજ્ય પવિત્ર જગત-જ્યોતિને, ઉંચા ઉંચા આકાશની વિશાળતામાં, મોટા મોટા માર્તંડના રશ્મિ-પ્રકાશમાં, નીળા નીળા ચંદ્રની ચંદ્રિકામાં, ઘેરી ઘેરી આકાશ-ગંગાની તેજરેખાઓમાં, ઉન્નત ઉન્નત પર્વતો ॥

શિખરે નિખરમા, ઉડા ઉડા જલધિની જલોર્મિઓમા, શીતળ શીતળ સમીરની લહેરીઓમા—ને જગતના પ્રત્યેક અણુ પરમાણુમા જેની જીવનજ્યોત ઝગહગી છે, કાળી કાળી જેની કેશલટોને 'વલ્લયલ'ની ઉપમા અપાઇ છે; મોટા મોટા જેના જીવનને 'વમા રમયત અઝ રમયત'ન ગૌરવ પ્રદાન થયુ છે

પ્રણામ, ઉદાત્ત ઉદાત્ત તે ઉદાત્તમને, બુદ્ધિના 'ને આત્માના જેમા અગાધ અમાપ બળ હતા, શક્તિ 'ને મહાનતાના જેમા અજરઅમર પ્રભાવ હતા, સહિષ્ણુતા 'ને સદનશીલતાના જેમા અમુર–અનંત ખજાના હતા, જગન્મોહન જે જગદ્ગુરૂ હતો, જટાધારી જે જગજેતા હતો; કાંટા જેને ડગલે–પગલે પથ નમા, બહિષ્કાર જેનો ઘેર–ઘેર પોકારાયો બૂમ્યો—તરસ્યો મારવા જેના પર ઘેરો ઘલાયો, પ્રભુ—પયગામ પહોંચાડવાના અપરાધે જેને દેશનિકાલ કરાયો

પ્રણામ, દયા–પ્રેમ એ સમામૂર્તિને, 'વા નમ્રિ અલયકુમુલ મૈમ' નીશ ઉદ—બોલ્યા કરતો ઉદાત્તેગ વદનમા જે દાખલ થયો, કટ્ટર શત્રુઓને ક્ષમા–પીયૂષ પાતો માનવ—દિલનો જે જેતા થયો, જગતને આશ્ચર્ય—સાગરમા ગરકાવતો ન્યાયના નૂરાની સિદ્ધાન્તને જે આગ્રહ થયો.

પ્રણામ, 'અમન'ના તે પયગમ્બરીને, અનાથોનો જે નાથ હતો; ગરીબોનો જે બેલી હતો, યતીમોનો જે વાલી હતો; અશક્તોનો બોજ બાજારોથી જે ઉચકી લાવતો, વિધવાઓના ધન્ના જે ન્હાના મ્હોટાં કામ કરતો.

પ્રણામ, તે આદિકે કામિલને, તે શાફએ મહશરને, તે માર્કીએ કવમને, એક બાજુ રાખુ—આગળ જે શત્રુઓ સ્હામે કર્મવીર શો ઝૂઝૂમતો, તો બીજી બાજુ રાતિના અંધારઆગળે જે ઇબાદતના ધર્મવીર શો તલ્લીન રહેતો

પ્રણામ, નેહ–આજ્ઞા એ નર્ગિસી નયનોવાળા સજ્જનને, ઉભય જગતના ધેલા નયનો જેના રમીના નયનો પર સદકે થયા, દુન્દુરના નૂરાની વાદળમાથી જેને માટે આમંત્રણ આવ્યા, 'ફા વહી ઇલા અબ્દિહિ મા વહી'ના અગમ્ય–ગૂઢ રહસ્ય જેના પર પ્રગટ થયા

પ્રણામ, મીરાઓના તે મનમોહનને, જગજગતની જેની મનોરથીના નાદે જગદંબા ઉલ્લાસ્યા, ઉન્નત–અતિ ઉન્નત એવા દુશ્મનો ! માયાયે જેની ચરણધૂલિને સ્પર્શ્યા

પ્રણામ, જગતના એ શક્તિસંપન્ન સેનાપતિને, પૃથ્વીના વિશાળ પાટલે જેનો કોઈ જોડો ન જડયો, યુદ્ધના સંઘોટ નકશા દોરનારા જેના જેવો કોઈ શિષ્ટ માર્ગદર્શક ન જન્મ્યો, એક સામાન્ય સૈનિકની જેમ જેણે ખંદકો ખોદી, એક અદના મિસ્ત્રીની જેમ જેણે

પડેગ બર્યા, પોતાના નિર્મળ આચરણથી જેણે શાસક-શાસિતના ભેદભાવોના ભુક્કા કર્યા

પ્રણામ, હિદાયતના તે આકતાબને, હિરા-ગિરિની યોગ—રાગી ગુફામાંથી જેનો ઉજ્જવલ ઉદય થયો, 'લવલાક લમા ખલકતુલ અફલાક'ના વિરાટ—ઉંચા સ્થાનનો જે માલિક બન્યો

પ્રણામ, યસરબ તે બદૈયાને માનસિક અધાર ઉવેચતા 'ને દુનિયાના કવેશો કાપવા જે જગ-આંગણે ઉતર્યો, મંગળ-મંજુલ જેના સ્મિત-ચુંબકે ઉભય જગતે નૃત્ય કર્યો, આંગળ જેના આંગળી-ઇશારે ચંદ્રના બે ટુકડા થયા

પ્રણામ, અરણ્યવાસી એ અનમેલાને જાણે બકરીઓ ચારનો યે જેશહિન્શાહ હતો ખાતૂને જન્નતનો જે લાલો પિતા હતો, રાહીદીન હમન હુમયનનો જે નેહ-વેનો નાના હતો

પ્રણામ સાદાઈ—વેના એ મતને, પેટ-પૂર ન કરી જે ભોજન જમ્યો, રેશમ—મુલાયમ બિછાને ન કરી જેણે આરામ કર્યો, વિનિના ધર્મી દર્શન દ્વાર જે વણ-નોતર્યો દોડતો હંમેશ મદાયે જેના ધ્યાનો સાગર ઉછળતો, દુશ્મનો ઉપર પણ મદાયે જેણે ક્ષમાનો કામળ દોળ્યો, ચન્દ્ર—ચૂમતી બાદશાહતને ય જેણે ઠોકરે મારી, વક્રાત સમયે ચરમા દીવો યે ન મળે એવી જેણે ગરીબાઇ સાધી, જીવનની પ્રત્યેક ઘડી જેણે ઉમ્મતના ઉદ્ધાર—અર્થે વાપરી, જન્મ લેતાજ જેના મુખ—મુખડે 'ઉમ્મત' આવી, અંતકાળ સમયે પણ જેના હૈયેથી 'ઉમ્મત' ન વિસરી, કયામતના દિવસે પણ "ઉમ્મતી ઉમ્મતી" ના નાદ જગવવાની જેણે આશાઓ આપી

પ્રણામ, મેટિ મેટિ પ્રણામ, તે પ્રભુ-પ્યારા માનવ-મખાને! નમસ્કાર, અધિકાધિક નમસ્કાર, એની કૃપાળી નગરીને, જેના દર્શન કરવા મ્હારા હૈયે અભિલાષા માથિયા રચાયા છે

યસરબવાસી પિયા! મ્હારા ગરીબ હૃદયના હૃદયરંજન! સ્વીકાર કરો દાસાનુદાસ ચરણ-રજના આ પ્રણામનો! તમે—કેવળ તમે જ એના નોધાર જીવનના આધાર છો ને? વાલા—અતિ લાલા સમયથી તમારા દર્શનની કેવળ એ જ આશા એને હૈયે રમે છે. દયાનિધાન! ગરીબની એ આશા કયારે મ્હોરાવશો?

તમારા ચરણોની એ ચપી કરશે, તમારા માથામાં એ તેલ નાખશે, તમારી—પાનીઓ એ હોશે હોશે ચૂમશે, તમારી ચરણ—ધૂળિનો સુરમો એ આખ્યે આંજશે.

અને, કૃપાળુ! એ જ તો, એનો મુક્તિ-માર્ગ છે ને?

---

* અઝીઝદીન મકાઇ સાહિબના એક ઉર્દૂ મઝમૂન ઉપરથી—પુસ્તક વિસ્તારીને

ચાર ચિરંજીવી પ્રકાશનો

હિન્દનું મુસ્લિમ રાજકારણ

§ 'સ્વદેશી નાઝીવાદ' દ્વારા ખુલ્લું 'તોહમતનામું' પુકારતું પહેલું અગ્નિ-પુસ્તક.

§ એમાં મુલ્કના મુક્તિજંગમાં મુસલમાનોએ આપેલી કીમતવાન કુરબાનીઓનો કડીબંધ ઇતિહાસ સંધવામાં આવ્યો છે.

§ અખબારોમાં અવલોકાય એ પહેલાં જ એની પહેલી આવૃત્તિ ખતમ થઈ ગઈ એજ જણાવે છે કે દેશમાં અને પરદેશમાં એણે ગજબનાક દિલચસ્પી પેદા કરી છે.

કીમત એક રૂપિયો
પોસ્ટેજ પાંચ આના

પાકિસ્તાન

¶ આ કિતાબમાં હિન્દના વિભાગીકરણની યોજનાનું-કુરઆનની રોશનીમાં અવલોકન અને વિવેચન કરવામાં આવ્યું છે.

¶ પાકિસ્તાન શું, કેમ અને શા માટેની એમાં સંપૂર્ણ સમજણ છે.

કીમત છ આના — પોસ્ટેજ છ પૈસા

મુસ્લિમ લીગનો ઇતિહાસ

§ મુસ્લિમ-લીગની સ્થાપનાથી માંડીને એની ૧૯૪૦ ની મરદૂર લાહોરી બેઠક લગીના લીગ-જીવનનો સળંગ, આંકડા અને બાનમીઓથી ઓતપ્રોત ઇતિહાસ.

§ એમાં ૩૫ વર્ષના લીગી સળવળાટના ગાળા દરમિયાન હિન્દુ-મુસ્લિમ-હિન્દ આગે આવી ઉપેક્ષા કરવી અને મિયાંની સલાહોની બારીકીપૂર્વક જણાવટ પણ કરવામાં આવી છે.

§ એની પ્રસ્તાવના 'મુનાદી' માટેએ લખી છે.

કીમત બે રૂપિયા
પોસ્ટેજ બાર આના

હિન્દનું મુસ્લિમ બંધારણ

• જિન્નાહ સાહેબે એડિટ કરેલી આ કિતાબમાં લીગના લાહોરી ઠરાવ પર જુદા જુદા હિન્દુ, મુસ્લિમ, અંગ્રેજ લેખકોના સંશોધન અને મનનપૂર્વક લખાએલા લેખો સંધવામાં આવ્યા છે.

• એની પ્રસ્તાવના ખુદ કાયદે આઝમે લખી છે.

કીમત આઠ આના — પોસ્ટેજ બે આના

[કેટલાક હમદર્દ ભાઈઓ અને અન્જુમનોએ માલી મદદ આપેલી હોવાથી આ ચારે કિતાબો પડતર કીમતે જ આપવામાં આવે છે]

ઈકબાલ પ્રિન્ટરી • કુતિયાણા

ગરીબ દુનિયાનો ગરીબ નેતા

અનુવાદક : જનાબ 'ફાની' સાહિબ

દુનિયામાં સુલતાનો, અમીરો અને મુડીવાદીઓ આંગળીઓ પર ગણી શકાય છે. બાકી જેટલા માનવીઓ પૃથ્વી પર વસી રહ્યા છે, એમની ગણના ગરીબોમાં થાય છે. પૃથ્વીની આબાદી, શાંતિ અને ખુશાલીની નિર્ભરતાનો સાચો સિદ્ધાંત ગરીબો સાથે શું સલૂક કરવામાં આવે, એ છે : જાતિ, રાજ્ય, ધર્મ અને શાસનની સામે

ગરીબો સાથે નમ્ર વર્તણુક, હમદર્દી, વાત્સલ્ય અને ઔદાર્ય દાખવવાનો આદેશ આપવો સરળ છે. દુનિયાનો દરેક ફિરઓન, નમરૂદ, હામાન, કયસર, ઝાર, હિટલર અને મુસોલીની પોતાને ગરીબોનો સહાયક જણાવે છે અનાથોનો બેલી, વિધવાઓ અને નિરાધારોનો મિત્ર અને લાગણી ધરાવનાર ઝાહિર કરે છે વાકયોનો ઉપયોગ વસ્તુતઃ સરળ છે. જિવ્હાથી દાવો કરવો એ પણ મુશ્કિલ નથી. અને કાગળ પર પ્યાર અને હમદર્દીમાં ડુબેલા શબ્દો લખી નાખવા એય સહેલ છે, પરન્તુ જીવનની પ્રત્યેક પળમાં, પ્રકારોના ક્ષેત્રમાં, ગફલત અને ગર્વની ઘડીઓમાં વાચિક દાવાઓ પ્રમાણે કર્તવ્યમય જીવન વ્યતિત કરવું બહુ કઠણ છે

હઝરત મુહમ્મદ (સલ)ની મૂળ ઉદારતા એ છે કે આપે વિધવા, દરિદ્ર, અનાથ, પ્રવાસી અને નાદારની હિમાયત માત્ર વાચાના ઉચ્ચારોથી જ નથી કરી, બલ્કે આપે એવા અમલી દૃષ્ટાંતો રજુ કર્યા છે કે આપનો નમ્ર વ્યવહાર અહોનિશ મઝલૂમો અને નિર્દયતાના પીડિતો માટે વાત્સલ્ય, રહમતના વિશાળ માર્ગો વધારતો રહેશે, મનુષ્યની જીવ્હા પર જ્ઞાન અને ઈતિહાસના શબ્દો જડી છે ત્યાં સુધી

ગરીબોની હિમાયતનો અર્થ શું?

આ પ્રશ્ન પર જ્ઞાનની દૃષ્ટિએ વિવાદ કરવો અનાવશ્યક છે અવબત્ત, રસૂલેપાકના પુનિત ચારિત્રમાંથી થોડાક સંકલિત બનાવો રજુ કરવા અસ્થાને નથી. આશા છે કે આ બનાવો ગરીબ ઉમ્મતને માટે સંતોષના કારણભૂત થશે

ગરીબ ઘરનો દિપક

હઝરત મુહમ્મદ [સલ] અનાથ જન્મ્યા. ખુદાએ, આપને એક દિવસ પણ પિતાશ્રીની વત્સલતાનો લહાવો લેવાને અવકાશ ન આપ્યો આપ જે પિતાના ખોળામાં નચિંતાઈની જિંદગી પ્રાપ્ત કરી લેત તો? તો લાખો–કરોડો દરિદ્રો અને અનાથોને આપના નેતૃત્વથી જે માન અને આરામ મળ્યા, એનો કર્તવ્ય–પાયો ન નખાત.

ગરીબ ધાવનો બાળક

હઝરત મુહમ્મદ [સલ્લ]ને દૂધ પીવડાવવાનું અભિમાન બીબી હલીમાને ભાગ્યે આવ્યું હલીમા બધી ધાવોમાં સર્વથી વધુ ગરીબ હતા ઇતિહાસથી એ પુરવાર થયું છે

ગરીબ કાકાનો ગરીબ ભત્રીજો

હઝરત આમીર અને અબ્દુલમુત્તલીબના અવસાન પછી આપના કાકા અબૂતાલિબે આપના પાલનનું બીડું લીધું અબૂતાલિબના દશ પુત્રો હતા અને એ અતિશય દરિદ્રતાનું જીવન વ્યતિત કરી રહ્યા હતા આજ ગરીબાઇમાં કાકાના શાહ યુવાની સુધી શામિલ રહ્યા

ધનિક પત્નીનો ગરીબ પતિ

હુઝૂર [સલ્લ] તો નિકાહ હઝરત ખદીજા સાથે થયા હઝરત ખદીજા માલદાર માનુ હતા પરન્તુ ઇતિહાસથી પુરવાર થયું છે કે, હુઝુરે પોતાના જાતિ ખર્ચનો ભાર કયારેય ખદીજા પર નથી નાખ્યો અરબામાં અય્યદ નામક મિસરી લખે છે રસુલુલ્લાહને પિતાના વારસામાંથી માત્ર પાંચ ઉંટ અને પાંચ બકરીઓ મળી હતી, અને આ કુરબાન વારસાની આવક પર આપ પોતાનું જીવન નિર્વાહ કરતા હતા

ગરીબ ઉમ્મતનો પયગમ્બર

દરિદ્રતાનો આ ક્રમ પયગમ્બરે ઇસ્લામ [સલ્લ] જાતિ બનાવો પર અટકતો નથી એ પણ વિચિત્રતા છે કે આ જન્મમાં આપને જે ઉમ્મતના નબી બનાવવામાં આવ્યા એ પણ ગરીબ જ હતી અમીરો આપનો ઉપહાસ કરતા હતા કુરેશ અમીરોએ આપને એક સભામાં આમંત્રણ્યા અને નિવેદન કરી અય મુહમ્મદ! અમે તમોને ખુદાના સાચા રસૂલ માનીએ એવું જો તમે ઇચ્છો છો તો ખુદાને પ્રાર્થો કે એ અમારા શહેરમાં મીરીઆ અને ઇંગલ જેવી નહેરો જારી કરી દે, અને એમ પણ નહિ તો પોતાને માટે સરાય કરો, જેથી બગીચા બની જાય મોટા મોટા મહેલો ઉભા થઇ જાય અને તમારા ભંડાર મોતી ચાંદીથી ભરાઇ જાય, જેથી તમે બજારમાં જવાની, સાદું ખાવાની અને આજીવિકા શોધવાની તકલીફ અને ઝંઝટથી મુક્ત થઇ જાઓ

હુઝૂર [સલ્લ] તાઇફમાં તશરીફ લઇ ગયા તો ત્યાં પણ તાઇફના સરદારોએ આપની સામે અમીરી અને ગરીબીનો પ્રશ્ન મૂકયો તેઓ કહેવા લાગ્યા : શું ખુદાને તમારા સિવાય બીજો કોઇ રાસૂલ ન મળ્યો? તમને તો ચલવાને સવારી પણ મળતી નથી ખુદાની ઉચ્ચતા જો પોતાનો પયગમ્બર બનાવવાની હોત તો કોઇ હાકિમ યા સરદારને બનાવત

હાકિમો અને સરદારોની આવી ગિ તોરી હતી પરંતુ? પરંતુ ગરીબોએ એક દિવસ પણ આપ [સલ્લ]ની મશ્કરી નથી કરી એમાં હુઝૂરે ગફલત અને ગર્વનાં પાપોથી પવિત્ર હતા જ્યારે તાઇફ અને મક્કામાં

સરદારો હુઝુર [સલ] પર છીંડો અને પત્થરો વરસાવી રહ્યા હતા ત્યારે આપની માથે ગરીબોનો સમૂહ હતો ગરીબોએ આપ (સલ)ની મિત્રતામા જે કષ્ટો સહન કર્યાં છે એને ક્રમશ વર્ણવવાને સ્થળ નથી હઝરત બિલાલ, હઝરત અબૂફકિયા, હઝરત મહીન, હઝરત અમ્માર, હઝરત સામિર, હઝરત હબીબ અને હઝરત ઝેની અત્યાચાર પીડાના પ્રકારો 'સીરતે નબવી'ના વાચકો સામે છે

મક્કાનો ગરીબ

જન્મથી મધ્યાવસ્થા [નબૂવતનો ઝહેર સુધી] આપે જે જીવન વ્યતિત કર્યું, એ ગરીબ હતુ પયગમ્બરીના દાવા પછી આપનો સગાથ કરનાર લોકોમા પણ મુખ્યત્વે ગરીબો જ હતા આ બે વસ્તુઓએ આપ [સલ] પર એ અસર કરી કે કયારે ય આપ રદ્દિ જીવનથી અલાહેદા ન થયા

ગરીબોની મસ્જિદનો ઈમામ

મદની જીવનમાં આ રદ્દિતાનો ક્રમ કપાયો નથી મદીના મુનવ્વરામા આપ [સલ]નું સૌથી પહેલુ કાર્ય મસ્જિદે નબવીના ચણતરનુ છે ચણતર શરૂ થયું બેઉ જગતના શહેન્શાહ પણ મજદૂરોમા શામિલ હતા આપ પત્થરો ઉપાડતા હતા, માટી ખોદતા હતા પત્થરો એટલા ભારે ઉપાડતા કે આપનુ મુબારક શરીર લચકાઇ જતુ મિત્રો કહેતા 'હુઝુર! અમારા માબાપ આપ પર વારી જાય આપ મૂકી દો અમો ઉપાડી લઈ જશુ આપ ફરમાવતા નહુ સારૂ પરન્તુ થોડી જ વારમા ફરી પાછા એટલા વજનનો પત્થર ઉપાડતા અને મજદૂરોમા શામિલ થઈ જતા

આ શું મસ્જિદ હતી ? નહિ આ તો ગરીબના ઐક્ય અને સાદાઇનુ સ્થલ હતુ એનુ છાપરૂં જ ખજૂરની છાલનુ હતુ. વર્ષાદ થતો હતો ત્યારે મસ્જિદ માટે સુકી જમીન બાકી રહેતી રહેતી

આપણા રસૂલ

સ્ત્રીઓ, બાળકો અને પુરૂષોને એકસરખી ઉપયોગી થાય તેવી ગુજરાતી ભાષા સ્ત્રીઓ અને બાળકોને સહુલિયતભર્યા થાય તેવા ટાઇપો, હોંશે હોંશે વાચવા મન થાય તેવી મીઠી વાક્ય ગોઠવણી, છબાની આડબરથી પર તેની ફીતરી ભાષામાં લખાયેલી 'સીરત-કિતાબ'. કીમત માત્ર આઠ આના.

લખો અબ્દુર્રહમાન 'અસીર' યતીમખાના રોડ · કુતિયાણા

અસ્સલામુઅલયકુમ

અનુવાદક **મુહમ્મદ હાજી અ. લતીફ જુદાણી** કુતિયાણા

પયગમ્બરે ઇસ્લામ (સલ્લ)નું કથન છે કે મુસલમાનો જ્યારે આપસમાં મળે તો એકબીજાને 'અસ્સલામુઅલયકુમ' કહે. અસ્સલામુઅલયકુમ કહેવાથી મુસલમાનોમાં પરસ્પર મુહબ્બત વધે છે.

મક્કાના કાફેલાત (મત) જ્યારે મક્કામાં તશરીફ લઇ આવતા તો ત્યાંના તમામ નાના-મોટાઓને 'અસ્સલામુઅલયકુમ' કહેતા. બાજારમાં યા રસ્તામાં જ્યારે કોઈ મુસલમાનને જોતા તો અસ્સલામુઅલયકુમ કહેવાની પોતે જ પહેલ કરતા. સહાબા (રદિ) જ્યારે બોલીક જુદાઇ પછી પણ આપસમાં મળતા તો એકબીજાને અસ્સલામુઅલયકુમ કહેતા. હદીસ શરીફમાં આવ્યું છે કે અસ્સલામુઅલયકુમનો જવાબ વધુ માન શબ્દોમાં વાળા પહેલા સલામ કરનારો 'અસ્સલામુઅલયકુમ' કહે તો જવાબ દેનારો 'વઅલયકુમુસ્સલામ વરહમતુલ્લહિ વ બરકાતુહૂ' કહે.

સહાબા [રદિ]ના વખતમાં અસ્સલામુઅલયકુમ કહેવામાં પહેલ કરવાનો ખ્યાલ નાનપ-મોટપ યા એ હદ કે રુતબાના ઉપર-નો કોનો કોણ શેઠ છે અને કોણ નોકર, કોણ દૌલતમંદ છે અને કોણ ગરીબ, કોણ નાનો છે અને કોણ મોટો એ જોયા વગર સહાબા [રદિ] દરેક નાના-મોટા માણસને સલામ કરતા હતા પરન્તુ કમનસીબે મુસલમાનોએ જ્યાં ઇસ્લામની બીજી ઘણી સારી વાતોનો ત્યાગ કર્યો છે, ત્યાં અસ્સલામુઅલયકુમ કહેવાની સુન્નતને પણ તેઓ ભૂલાવી બેઠા છે. બીજી કોમોની દેખાદેખીએ દુઆવત કરવાની આદત પડી અસ્સલામુઅલયકુમની જગ્યાએ બંદગી, તસ્લીમાત, સાહેબજી, આદાબ-અર્ઝ વગેરે શબ્દો વપરાવા લાગ્યા. ઉમર, દરજ્જાને દૌલત અને ઇઝઝતનો સલામ કરતી વખતે ખ્યાલ પયદા થયો ગરીબ અમીરને, વાણોતર શેઠને, શમિત શાસકને સલામ કરે એ ફરિયાત હતું. મોટા માણસોએ સલામનો જવાબ આપવા માટે માત્ર આંગળી યા હાથના ઇશારાનેજ કાફી ગણ્યું. જો કોઈ તાકાતનો માણસ પોતાના ઓફિસરને, નોકર શેઠને અને ગરીબ અમીરને સલામ ન કરે તો તે ઉદ્ધત અને બેઅદબ લેખાય છે.

આ બધી વાતો સુધારવા માગે છે

અંતિમ રસૂલ (સલ.)ની

અજોડ અમરતા

લેખક :
જનાબ અબ્દુર્રહમાન 'અસીર' સાહિબ

કુરઆને હકીમનં વર્ક વર્ક અને વાક્યે વાક્ય રસૂલે અકરમ [સલ.]ના અનુવર્તન અને એમના અનુસરણનો આદેશ અને ઉપદેશ આપે છે, અર્થાત "અતિઊ" અને "તબિઊ"ની તઅલીમ-તાકીદથી કુરઆને હકીમનો કોઈ ભાગ અને ભાગનો કોઇ વિભાગ વિમુખ કે વંચિત નથી. અવનવી અને નવનવી વર્ણનશૈલીમાં કુરઆન પોતાના આ આદેશનું સૂચન અને સ્પષ્ટીકરણ કરે છે

પરંતુ સવાલ એ છે કે : જે રસૂલના કાળ પર કાળાતરનાં પડો પથરાયા હોય, તેમનું આજ્ઞાપાલન અને અનુસરણ કરવું ને શી રીતે ?

ગાલિબ ન, આજ પ્રશ્નના ઉકેલ માટે 'મીન્તો' અર્જાય છે, 'ચરિત્રો' ચીતરાય છે અને 'વાઇકો' લખાય છે

વિશ્વ સમસ્તના ગમે ત્યાના અને ગમે ત્યારના 'ચરિત્ર નાયક'ના "ચરિત્ર"નું ચિન્તન કરો કોઈ કાળના કે કોઇ વિભાગના ચરિત્ર-નાયકનું "ચરિત્ર" લોકવાયકાઓ અને દંતકથાઓથી કોરૂ અને વિહોણું નહિ હોય-અને નથી જ. અર્થાત 'ચારિત્ર્ય ઘડતર' માટે 'ચારિત્ર્ય-તાલિમ' પાસે "ચારિત્ર્ય ઘડવૈયા"ને દેખવા ને જાણવા કેવળ લોકકથાઓ જ અને નામગપ્પા જ હોય છે

અને એ તો સાવ ઉઘાડી જ વાત છે કે 'લોકકથાઓ' અને 'વાર્તાકાસ્તાનો' "વિશ્વાસ"ને વરતા નથી, એટલે તેમના પર 'યકીન"ની મુહર મિલ્કત થઇ શકતી

'અસીર' સાહિબ ઉર્દૂ સાહિત્યના એક અચ્છા અભ્યાસી છે. ગુજરાતી ભાષા ઉપર પણ સારો કાબૂ ધરાવે છે; પરન્તુ જેટલું વાંચે છે તેટલું લખતા નથી. વાંચવા જેટલો જ જો લખવાનો શવક હોય તો, બેશક, અમર રહી જાય એવું સાહિત્ય સર્જવાની તેમની પાસે મૂડી અને શક્તિ છે. હાલમાં તેઓ મેમણ કવમના ઇતિહાસનું સંશોધન કરી રહ્યા છે. અહિં રજુ થતા તેમના લેખ પરથી તેમના વિશાળ વાંચન અને ઊંડા અભ્યાસનો કંઈક અંશે અન્દાઝો થઇ શકશે.

પ્રજાકીય જીવનની હોય કે પોતીકા જીવનની– એવી નથી કે જે મીનકર્તાઓએ સાચવી અને સંઘરી ન હોય

અને અહિ–આ જીવનમા 'પોતીકુ' અને 'પારકુ' કશુ જ નથી, કશુ જ હોઈ શકતું પણ નથી. આગળ ઉપર કહેવાયુ છે તેમ, 'રસુલ જીવન' જ 'માનવ જીવન' હોય છે. ભુલાયેલી અને વિસરાયેલી, ના, બલ્કે મરી ગયેલી "માનવતા"ને પુનઃ જીવંત કરવા અને જગે જીવતી રાખવા રસુલ જગે અવતરે અને આવે છે

અને તેથી જ કુરઆન અનુયાયીઓએ આ બધુ 'તકલીદન' નથી લખ્યુ–અનુયાયીઓ લખે છે તેમ, બલ્કે આ સર્વ કાઇ 'તનકીદન' લખ્યુ છે–ટીકાકારો લખે છે તેમ, અને તેવા જ આડ તેમને પેના અગ્રેજના કથનાનુસાર સાડા ચાર લાખ માનવીઓને જીવતા કરવા પડયા છે

અને તે કેવી રીતે ? તેઓ કોણ હતા, ક્યાના હતા, કેવા હતા, કેવડા હતા, તેમણે કોની પાસેથી સાભળ્યુ, કયા સંજોગોમા અને કઈ સ્થિતિમા સાભળ્યુ અને સાચવ્યુ આવા, તે સાભળવાને પાત્ર પણ હતા ? અને સાભળ્યા પછી સાચવવાને લાયક પણ હતા ? આવી આવી અને આટઆટલી 'છણાવટો' પછી રસુલ [સલ.]નુ "અનુપમ જીવન" તપાસ્યુ અને રચાયું છે

જગતમા જીવી ગયેલી કે જીવી રહેલી કોઈ એક પ્રજા પણ પોતાની "વિભૂતિ"ને આમ "અમર" બનાવી કે "જીવત" રાખી શકી નથી અને રાખી શકતી પણ નથી

* * *

બેશક, મુસલમાનોએ તે કર્યું છે, જે જગતે નથી કર્યું અને જગત નથી કરી શકતુ.

પરંતુ આ બધુ કર્યું છે તે મુસલમાનો ન કરત, અને માનવાને ઘડીભર માની લ્યો કે (કરવા છતા) નથી કર્યું, તો પછી, "અનિઝિ" અને "તમિઝિ"ના કુરઆન આદેશને અપનાવવા અને અંગીકારવા જગત પાસે શુ હતુ ? રસુલ (સલ)ને જગત કેમ વિસરાત ? ક્યાથી પામત ?

યકીનન, નો પણ અને ત્યારે પણ આ કુરઆન આદેશને અપનાવવા અર્થાત આ "અનુપમ જીવન"ને અનસરવા જગત પાસે બધુ જ હોત, કારણ કે કુરઆન "અન–હમ્દ"ની "અલિફ"થી "વનાસ"ની "મીમ" સુધી રીતે રસુલ છે અને રીતે રસુલ 'નખશિખ' કુરઆન છે અહિ એકમેકથી એકે નોખું કે નવું નથી, નવુ કે નોખુ હોઈ શકતુ પણ નથી.

અને આ માત્ર આસ્તિકની આસ્થા જ કે અકીદતમંદની અકીદત જ નથી. કુરઆન પોતે જ કહે છે "જે તારી તરફ વહી

કરવામાં આવ્યું છે, બસ, તેને જ તું દૃઢતા-પૂર્વક જીવનધ્યેય બનાવ" [ઝુખરૂફ]

અને કુરઆન જ રસુલ [સલ]ની પ્રજાને ઠપકારૂપે આપે છે "જે મારી તરફ વહી કરવામાં આવ્યું છે તે સિવાય હું અન્યને અનુસરતો નથી" [અહકાફ]

અને એક સરાવના જવાબમાં માફી આપતા રસુલ-પત્ની મિફીરૂહ [રઝિ] ફરમાવે છે: "રસુલનું આચરણ કુરઆન વિના અન્ય કંઈ નહોતું." (હદીસ)

અને હા "પયગામ"ની સત્યાસત્યની પરીક્ષા માટે પણ પયગામ-બરની પિંડાન ઝુકરી હોય છે, અને અહિં-આ વિષયમાં પણ કુરઆન અને કુરઆન લાવનાર રસુલ [સલ]જ 'એકલા' અને 'અજોડ' છે અર્થાત જગતભરના 'ધર્મ-પુસ્તકો'માંથી કોઈ એક 'પુસ્તક' પણ પોતાના લાવનારના 'લાર્ક્ષ'ને બતાવતો નથી, બલ્કે તે વ્યક્તિઓ-જે 'ધર્મ સ્થાપકો' બનાય છે-દર્શાવતમાં કોઈ વ્યક્તિઓ હતી પણ, એજ એક શંકાસ્પદ સવાલ થઈ પડે છે જ્યાં આવી સ્થિતિ હોય, ત્યાં 'અનુવર્તન' અને 'અનુસરણ'ની વાત જ ક્યાં રહે છે જે ?

અને વળી ખુદ એજ 'પુસ્તકો'નું કૌમાર્ય કયા શંકા મુક્ત અને સુરક્ષિત છે જે ? પોતાને લાવનાર માટે સાક્ષી-સુબૂત શું બને, જ્યાં પોતાનું જ સુબૂત શંકાશીલ હોય ત્યાં ?

અહિં પણ આ આ માની છવ તરે, કેવળ કુરઆન એક જ એવો ગ્રંથ છે, જે સર્વ રીતે ઇન્સાની હાથોથી અકતો અને મહફૂઝ છે અને કુરઆનની 'અખંડતા' અને 'અમરતા' એકલા કુરઆન-આરિત-કોનો જ અધિકાર નથી, કુરઆન-નાશિતકો પણ અહિં કુરઆનને નમન કરે છે.

જ્યાં કુરઆન અખંડ અને અમર છે ત્યાં તેની સાથે સંકળાયેલું અને વણાયેલું 'જીવન'-'નુર જીવન પણ અમર છે, અને તેથીજ ઈસુની સાતમી સદીમાં મક્કા અને મદીનાની ગલીઓમાં જેવી રીતે અને જેટલી સમીપતાથી એ અનુપમ જીવન જોઈ અને જાણી શકાતું હતું તેવી જ રીતે અને તેટલી જ સમીપતાથી આજે-અત્યારે-ઈસુની વીસમી સદીમાં પણ બધે બધ જ્યાં જ્યાં કુરઆન પહોંચ્યું છે [અને કુરઆન ક્યાં નથી પહોંચ્યું જે ?] એ દિવ્ય જીવન જોઈ અને જાણી શકાય છે.

આદર્શ રસૂલ (સલ.)નું
આદર્શ જીવન

લખનાર :
જનાબ સિરાજુદ્દીન કુરૈશી, અલ-હાશિમી
મેનેજર : સ્ટેટ પ્રેસ, જુનાગઢ.

"નામૂસે-મિલ્લત" તરફથી ઈદે મીલાદ પ્રસંગે પયગમ્બરે ઇસ્લામ (સલ)ના જીવન પ્રસંગો ઉપર જુદા જુદા લેખો પુસ્તકોમાં પ્રગટ કરવાનો એલાન કરવામાં આવ્યો છે, તે જાણી ઘણો આનંદ થયો કાગળની કાળી મોઘવારી પ્રસંગે આ સાહસ માટે હું "નામૂસે-મિલ્લત"ના સંચાલકોને ધન્યવાદ આપ્યા વગર રહી શકતો નથી કેમકે એવાની ઘગશ ધરાવનારાઓ કાળી મોઘવારી કે કંટાળાના પ્રસંગથી ડગી શકતા નથી ઉત્સાહી યુવાનોના શબ્દકોષમાં નાઉમ્મીદીના શબ્દોને સ્થાન નથી જેને એવા જાણવી છે, તેને માટે દરેક માર્ગ ખુલ્લા છે

રસુલે કરીમ [સલ]ના જીવનચરિત્રથી જગતની અન્ય કોમો, અને તેમાંયે વળી મુસલમાનોને વાકિફ કરવાની ખાસ જરૂર છે વાંચેલા મુસલમાનો એવા હશે, જેઓ આજ સુધી નથીએ કરીમ [સલ]ના જીવનચરિત્રથી સંપૂર્ણપણે વાકિફ નહિ હોય ગુજરાત-કાઠિયાવાડના મુસ્લિમ બંધુઓની ભાષા ઘણે ભાગે ગુજરાતી હોવાથી તેઓ ઉર્દુ પુસ્તકોનો લાભ ઉઠાવી શકતા નથી, એટલે પયગમ્બરે ઇસ્લામ [સલ]ના જીવન પ્રસંગો ગુજરાતીમાં પ્રગટ કરી આખા ગુજરાત-કાઠિયાવાડમાં ઝડપાળા પ્રમાણમાં છુટે હાથે વહેંચવાની ખાસ અગત્ય છે, જેની કોઈ માથીયે ના પાડીશકાય તેમ નથી

રસુલે કરીમ [સલ]ના જીવન પ્રસંગો આજના કટોકટીના સમયમાં માર્ગદર્શક થઈ પડે તેમ છે મુસલમાનો આ જીવન પ્રસંગોને વાંચ્યા પછી તે ઉપર ચુસ્તપણે અમલ કરે-અપનાવે તેની ખાસ જરૂર છે. હાલની તકે જો મુસ્લિમ બંધુઓ પયગમ્બરે ઇસ્લામ (સલ)ના જીવનચરિત્રને પોતાની સામે રાખી, આપે [સલ] બતાવેલા સિદ્ધાંતો મુજબ અમલ કરે તો તેઓ આજે પ્રવર્તી રહેલી દરેક આફતોમાંથી ઉગરી શકે તેમ છે. રસુલે કરીમ [સલ]નું અદ્ભુત અને અનુકરણીય જીવન આખા જગત માટે આજે મનન કરવા યોગ્ય છે. જગતને તેમાંથી શાન્તિ, એકતા, ઉદારતા, દયા, સાદગી વિગેરેના અનેક મહાન બોધપાઠો અવશ્ય મળશે

હજરત મુહમ્મદ [સલ] ફકત એક ધાર્મિક પયગમ્બર ન હતા, બલ્કે જગતમાં જમહુરિયતના પ્રથમ પ્રચારક, જગતના મહાન મજદુર નેતા, વિશ્વશાન્તિના પહેલા ઉપાસક, જગતના મહાન ફિલોસોફર, જગતના અજોડ સેનાપતિ, જગતના મહાન રહમદિલ બાદશાહ અને સાદગીના મુજસ્સમ નમુનારૂપ હતા

આજે જગત શાન્તિ, સાદગી, દયા અને જમહૂરિયતની ખોળ કરી રહ્યું છે, પરંતુ તેઓને સાચો માર્ગ જડતો નથી. પણ જો તેઓ પયગમ્બર ઇસ્લામ [સલ.]નું જીવન-ચરિત્ર જગોર વાચે-મનન કરે, તેમજ તેના ઉપર ચુસ્તપણે અમલ કરે, તો તેઓ જે ઇચ્છે છે, તે એક જ પળમાં મળી શકે તમ છે.

મુસ્લિમ બંધુઓએ રસુલે કરીમ [સલ.]નું જીવનચરિત્ર વાચ્યા પછી સુબ્હાનલ્લાહ કહી હાથ ઉપર હાથ મારી બેસી રહેવાનો હવે સમય નથી, પરંતુ તે ઉપર ચુસ્તપણે અમલ કરવાની જરૂર છે. અમલ પગર વાચન નકામું છે જો મુસ્લિમ બંધુઓને અલ્લાહતઆલા સદબુદ્ધિ આપે અને તેઓ આ હઝરત [સલ.]ના જીવન પ્રસંગો ઉપરથી એક પ્રેરણા બનાવી, તે ઉપર અમલ કરવાની શરૂઆત કરી દે, તો તેઓ જોત-જોતામાં જગતની દરેક આફતો અને મુશ્કેલીઓનો આસાનીથી મુકાબલો કરી શકશે.

મને આશા છે કે "નામૂસે-મિલ્લત" તરફથી પ્રગટ થએલા આ પુસ્તકનો મુસ્લિમ બંધુઓ પુરેપુરો લાભ ઉઠાવશે.

હું ફરીથી "નામૂસે-મિલ્લત" ના ઉત્સાહી સંચાલકોને તેઓની આ મેના બદલ ધન્યવાદ આપું છું, અને દુઆ કરૂં છું કે, અલ્લાહતઆલા તેઓને આ નેક નિયતીનો નેક બદલો આપે, આમીન.

—ઇન્સાનુલ કામિલ—

(પૃષ્ઠ ૨૪ થી ચાલુ)

પણ વધુ વ્યાપક ઇસ્લામની ખિલાફતની યોજના છે, જેનો હેતુ ફક્ત આંતરરાષ્ટ્રીય બંધુત્વ સ્થાપવાનો છે.

આજના અર્થશાસ્ત્રીઓને આંતરરાષ્ટ્રીય લેવડ દેવડમાં વ્યાજની પ્રથાનો પ્રશ્ન ખૂબજ મુંઝવી રહ્યો છે. ઇસ્લામે પ્રથમથીજ વ્યાજ માત્ર હરામ કરેલ છે. આજના અર્થ-શાસ્ત્રીઓને ઇસ્લામી અર્થશાસ્ત્રના સિધ્ધાન્તો-માંથી ઘણું જાણવાનું મળે તેમ છે.

આજનો સમાજવાદી કે માર્કસવાદી જો ઇસ્લામના ઝકાત અને ખયરાતના સિધ્ધાન્તોનો અભ્યાસ કરે તો તેને માર્ક્સ કે લેનિનની જરૂરી સદેજે જડી રહેશે.

ઇસ્લામી તત્વજ્ઞાન એટલે ગુઢ કે ગહન નહિ, પરંતુ સીધું અને સરળ. પણ એ ઇસ્લામી તત્વજ્ઞાન આજના નીત્શે કે સોપેનહા-વરની ફિલસુફીઓમાંથી જન્મેલ Superman આપણને કદાચ નહિ આપે. આપણે તેની જરૂર પણ નથી. ઇસ્લામી તત્વજ્ઞાન આપણને 'ઇન્સાનુલ કામિલ'નો સંદેશ આપે છે અને એ સંદેશના વાહક સાદા અને સરળ દેખાતા હઝરત મુહમ્મદ (સલ.) 'ઇન્સાનુલ કામિલ' કેવા હોય તેનું આબેહૂબ પ્રતિક રજુ કરે છે.

વિશ્વવ્યાપી ઈસ્લામી સંસ્કૃતિ

: લખનાર :
માક્ષગ્રથી રમણલાલ વસંતલાલ દેશાઈ
એમ. એ.

વિલાયતી ચશ્મા પાગણ કરી આપણે પૂર્વ ઈતિહાસ જોઇએ છીએ ત્યારે આપણને એવું ચિત્ર દેખાય છે કે મુસ્લિમ એટલે એક હાથમાં તલવાર અને બીજા હાથમા કુરઆન લઇ ઘુમતો, ગળા કાપનો નાક્ષમ ! આના કરતા ભયાનક જુઠાણુ બીજુ ભાગ્યે જ જડી આવશે. મુસ્લિમે અલબત્ત આક્રોશીથી તલવાર વાપરી છે, અને પ્રત્યેક પ્રજા–હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, યાહુદી–પોતાના તલવાર બહાદુરો ઉત્પન્ન કરે જ છે; પરંતુ તલવાર-ધારી મુસ્લિમ સિવાય તેનુ બીજુ ચિત્ર ન જ હોઇ શકે, એમ કહેવાને બતાવવુ જરૂરએ કે મુસ્લિમે બહુ જ શાનેથી ઉમદા વ્યાપારો કર્યા છે, અને વ્યાપારી તરીકે તેણે પૂર્વ અને પશ્ચિમની ઓળખાણ છત્ત રાખી છે

જગી જગતભરના વાણિજ્યે નહિ જોઈ હોય એવી મહાન આર્થિક ઉદારતા ઇસ્લામી વાણિજ્યે જગત સમક્ષ રજુ કરી છે. લક્ષ્મી ભાડે આપવી, પૈસાનુ વ્યાજ લેવુ એ બધાય દેશના અર્થશાસ્ત્રને માન્ય છે; એ સિદ્ધાંત માન્ય નથી એકલા ઇસ્લામને ! વ્યાજ લેવું એ ઇસ્લામ ધર્મ પ્રમાણે હરામ છે; આ મહાન ઉદાર વાણિજ્યના વારસ મુસ્લિમને રાક્ષસ છે એમ કહેવુ એ આખ્યો બંધ કરી સૂર્યને ન ઓળખવા સરખુ છે વ્યાજ ન લેવાની આર્થિક ભાવનામા વિશ્વબંધુત્વનો એક મહાન સિદ્ધાંત સમાયેલો છે. માનવી એ માત્ર અર્થશાસ્ત્રોના સિદ્ધાન્તો પ્રમાણે રચાયેલુ પૂતળુ નથી; પરંતુ તે અત્યંત પ્રાણીય કહો કે સામાજિક Socialistic અર્થશાસ્ત્રો પડી, તેને આચારમા મૂકનાર જીવંત માનવી છે, એમ ઇસ્લામ બતાવી આપે છે.

જે ઇસ્લામ પોતાના નામમા જ જગત શાંતિનો અર્થ મૂકવે છે, જેની વિશાળ સમાનતામા આજના પ્રજાસત્તાવાદીને પણ આશ્ચર્ય પમાડે એવી, ગુલામમાથી શહેનશાહ થઇ શકે એવી સમાજરચના થઈ વિકસી શકે છે, જેના અર્થશાસ્ત્રમા માનવજાતની લોભવૃત્તિના સંકેત સરખા વ્યાજનો બહિષ્કાર છે; તે ઇસ્લામ સર્વદા પૂજ્ય છે. અમુક યુગના ગુણદોષને ધર્મના ગુણદોષ ગણવાની આપણે ભૂલ ન કરવી જોઇએ.

બહારે શરીઅત
[ભાગ પહેલો]

મરહુમના અબુનજીના મુહમ્મદ અમજદઅલી સાહિબની બેમિસ્લ તસ્નીફ ગુજરાતી વિદ્યાસમાં. એક પણ સુન્નત વલ જમાઅત મુસલમાનનું ઘર આ કિતાબ વગર ખાલી ન રહેવું જોઈએ હદિયો [મૂળ પડતર] આઠ આના. પોસ્ટેજના બે આના અલગ

અબ્દુલલતીફ મુહમ્મદ શીવાણી જામે' મસ્જિદ પાસે, કુતિયાણા

ઈશાઅતે સીરતનો મકસદ

મૂળ લેખક : અલ્લામહ અનવારૂલહક સાહિબ B A, H. P, H. A કાઝિલ

ભાષાન્તરકાર · ઉસ્માન હાજી અ. ગની ભાયલા 'મુશીર'

મવલવી હોય તે મુકરિર હોયજ અને મુકરિર મવલવી હોય તે જાદુઅકશાં બયાનકાર પણ હોય જ. અલ્લામહ અનવારૂલહક સાહિબ આવા-ઉપર કહ્યા તેવા વકતા તો છે જ; પરન્તુ તેમનામાં એક બીજી ખુસૂસિય્યત પણ છે, અને તે એ કે પોતાના મુદ્દાઓ અને મકસદને તેઓ છેવટ સુધી ભારે કુશળતાપૂર્વક નભાવી શકે છે. તેઓ મુકરિર ઉપરાંત મુહરિર પણ છે. તેમની લેખનશક્તિનો જીવતો સુબુત તેમની 'અનવારૂલ-કુરઆન' નામની મશ્હૂર તફ્સીર છે. આ બધાં સાથે તેઓ મુફ્તી પણ છે. અત્યાર આગમચ તેઓ માંગરોલ સ્ટેટના મુફ્તી રહી ચુકયા છે. નામૂસે-મિલ્લત માટે ખાસ મળેલા તેમના આ મૂળ ઉર્દૂ લેખને અહિ ગુજરાતી લિબાસમાં પેશ કરતાં આનંદ થાય છે.

યુરિદુના અંય્યુત્ફિઉ નૂરલ્લાહિ બિઅફ્વાહિહિમ

આ આયતનો અર્થ એ છે કે ઈસ્લામના દુશ્મનો અને વિરોધીઓ અલ્લાહના નૂરને પોતાની ફુંકો વડે હોલવી નાખવાના નાપાક ઇરાદા ધરાવે છે અને ઇચ્છે છે કે સરકારે મદીના [સલ.]નું લાવેલું નૂર કોઈ રીતે પણ હોલવી નાખવામાં આવે અને દુનિયામાં ફરી એકવાર અનેકેશ્વરવાદ અને અધર્મવાદનો અંધકાર વ્યાપી જાય.

ઈસ્લામના દુશ્મનો બે પ્રકારના છે : એક જૂના અને બીજા નવા. જૂના મક્કાના મુશરિકો અને અરબના યહૂદીઓ તથા નસારાઓ હતા, જેઓ આપ (સલ.)ને નજૂમી, શાઈર અને (નઊઝુબિલ્લાહ) દીવાના કહેતા હતા; આપના જાન-માલ અને ઈઝઝત-આબરૂને બરબાદ કરવા માટે રાતદિવસ કાવતરાં રચ્યા કરતા હતા. કેટલીયે વાર તેમણે આપ (સલ.)નું ખૂન કરી નાખવાનાં કાવતરાં રચ્યાં અને આપના ઉમ્મતીઓનાં જાન-માલ તથા ઈઝઝત-આબરૂને એવાં એવાં નુકસાન પહોંચાડયાં કે આજે સાડા તેર સો વરસ પછી પણ એ બનાવોના સ્મરણ માત્રથી

ઉંવાડા ઉભા થઇ જાય છે હઝરત બિલાલ [રદિ.]ને કાકિરો પહાડના ગરમ પત્થરો પર નગ્ન કરીને ઘસડતા હતા; હઝરત અબૂ ફકીહાના પગમાં બેડીઓ નાખીને ધોમ તપતા તડકામા સુવડાવી દેતા હતા; હઝરત સમીઆ (હઝરત અમ્મારના વાલિદહ)ની પેશાબની જગ્યાએ અબૂ જહલે ભાલો મારીને તેમને શહીદ કરી નાખ્યા; હઝરત ખુબાબના માથા પર ધગધગતા કોલસાઓની સગડી મૂકવામા આવતી હતી; હઝરત ઝુબયરને ચટાઇની અંદર બાંધીને મરચાનો ધૂમાડો આપવામા આવતો હતો. આ બધું શા માટે ? એટલા માટે કે તમે મુહમ્મદુર્રસૂલુલ્લાહ [સલ્લ]ને ખુદાના પયગમ્બર શા માટે માનો છો ? શા માટે એકંદા અને હઝારો દેવદેવીઓને મૂકી એક અલ્લાહની સ્તુતિ કરો છો ? શા માટે બનાવટી તવરેત અને ઇન્જીલને છોડી કુરઆનને ખુદાની કિતાબ માનો છો ? પણ, એ અલ્લાહ અને એના રસૂલના આશિકો હઝારો તકલીફો સહન કરે છે, દેશમાંથી હિજરત કરી મદીના શરીફ ચાલ્યા જાય છે ઘરબાર, માલમત્તા અને સગા-સ્નેહીઓથી જુદા થાય છે એટલું જ નહિ, પણ નુબૂવત-દીપિકાના એ પરવાનાઓને હતા ન હતા કરી નાખવા માટે કાફિરો, યહૂદીઓ અને નમાજીઓની ફૌજો મદીના શરીફ પર ચઢી આવે છે; પરંતુ ઇશ્કે મુહમ્મદીના એ મતવાલાઓ તલવારોના છાયામા પણ નિડર અને નિર્ભીક બની લાઇલાહા ઇલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહનું મસ્તીભર્યું ગીત ગાયે જાય છે અને આખરને આરે એ મુઠ્ઠીભર ખુદાઇ લશ્કર કયસર અને કિસરાના વ્યવસ્થિત અને સંગઠિત લશ્કરો પર વિજયી નીવડે છે. પૂર્વ અને પશ્ચિમમા "લઝહિરો હુ અલ્લદીને કુલ્લેહુ"નું આખને આજી દેનારૂં દૃશ્ય જોવામાં આવે છે. ઇરાનના અગ્નિ-મન્દિરો ઠંડા થઇ જાય છે. દેવળોમા શંખનાદને બદલે 'અશહદુ અન્ના મુહમ્મદુર્રસૂલુલ્લાહ'ના દિવ્ય નાદ બુલંદ થાય છે શહેનશાહોના સિંહાસનોને બદલે ખાતિમુન્નબીયીનનું આસન બિછાવી દેવામા આવે છે અને અરબને સમ્પૂર્ણપણે, એક યુગ માટે, એ માર્ગભ્રષ્ટ દુશ્મનોથી તદ્દન સાફ કરી દેવામા આવે છે

એ પછી ઇસ્લામની એક બીજી દુશ્મન પ્રજા યૂરપમાંથી ઉદ્ભવે છે. જ્યા સુધી ઇસ્લામી મહાસામ્રાજ્યો બળવાન હોય છે ત્યાં સુધી એ બોલકો કંઇ નથી બોલતા. પરન્તુ જ્યારે મુસલમાનો વૈભવ-વિલાસ અને રંગરાગમા પડી જાય છે, ધાર્મિક જ્ઞાન અને ઇલ્મ-પ્રચારને છોડી દે છે અને યૂરપની અસર એમના દિલ, દિમાગ તથા શરીરને મનપાય બનાવી દે છે તો એ પ્રજા સૌથી પહેલા ઇસ્લામને પૃથ્વીના પટ પરથી ભૂંસી નાખવાની નાપાક કોશિશ કરે છે દુનિયાભરના ઇસાઇઓ એક ઝંડાની નીચે એકત્ર થઇને ઇસ્લામની વિરૂદ્ધ ક્રુસેડ યા સલીબી જંગોની જાહેરાત કરે છે પરન્તુ ઇસાઇઓનું આ આક્રમણ

પણ ઇસ્લામને દુનિયામાંથી મિટાવવામાં નિષ્ફળ નીવડે છે અને ઇમાનદારો પોતાના લાખો ઇન્સાનોને ઇસ્લામની તલવારથી રહેસાવ્યા પછી પરેશાન થઇને પોતાનાં ઘરો તરફ પાછા વળે છે.

એ પછી જ્યારે ક્રુસેડવાળાઓએ જોયું કે શસ્ત્રબળ વડે ઇસ્લામનો વિનાશ અશક્ય છે તો તેમણે તત્કાલ લડાઇની પદ્ધતિને પલટાવી નાખી અને પોતાની તલવારો તથા પોતાના ખજાને પોતાના પાદરીઓને હવાલે કરી દીધા. તેઓ લાંબા વિચાર અને ઉંડા ચિંતન પછી એવા પરિણામ પર પહોંચ્યા કે મુસલમાનોની ઝિન્દગીની રૂહ સરવરે કાએનાત ફખ્રે મવજુદાત મુહમ્મદુર્રસૂલુલ્લાહ (સલ)ની ઝાત અને એમની કિતાબ કાયદા-સંગ્રહ કુરઆને મજીદ છે જો આજે મુસલમાનોને કુરઆન અને એમના પયગમ્બરથી બરખાસ્ત કરી દેવામાં આવે તો બોદીનું એક ટીપું પણ વહાવ્યા વગર વિજયમાળા પહેરી શકાય છે. અગ્રે, એ હેતુને સિદ્ધ કરવા અર્થે દર સાલ હુઝુર [સલ]ની સીરત અને સુન્નત તેમજ કુરઆનના તત્વજ્ઞાન અને વિજ્ઞાન પર ઝાતઝાતના થોકબંધ પુસ્તકો પ્રગટ કરીને દુનિયાના ખુણેખુણામાં પહોંચાડી દે છે આ પુસ્તકોમાં કુરઆન અને પયગમ્બરને ઇસ્લામની એવી રીતે તારીફ કરવામાં આવે છે કે આજકાલ મુસલમાનો પણ એવી તારીફ નથી કરી શકતા; પરન્તુ એ તારીફની અંદર અંદરજ છૂપાં ઝેરના એવા તત્વો ભળી દે છે કે ઇન્સાન જેટલી હદે તેમની તારીફથી કુરઆન અને પયગમ્બરે ઇસ્લામ તરફ આકર્ષાય છે, એથી ચાર ગણી વધારે તેના દિલમાં તેમની તરફ નફરત પયદા થઈ જાય છે મિશન તરફથી પ્રગટ થયેલા આજકાલના તમામ પુસ્તકોની એજ આગળ તરી આવતી વિશિષ્ટતા છે. આવી નાપાક કોશિશો વડે ઇસ્લામના આ નવા દુશ્મનો ઇસ્લામી ઝડાને ફેંકી પાડવાની કોશિશોમાં પ્રવૃત્ત જણાય છે વધી-વાચી શકનાર લોકો જાણે છે કે તેઓ પોતાના પુસ્તકોમાં હુઝુર [સલ]ના કેવા કેવા ચિત્રો છાપે છે, ફિલ્મોમાં કેવી રીતે ઇસ્લામની મઝાક ઉડાવે છે ! ક્યાંક હુઝુર [સલ]ને ડાકુ ચીતરવામાં આવે છે તો ક્યાંક શાઇરના રૂપમાં પેશ કરવામાં આવે છે અને, એમણે શીખવેલો એ પાઠ એટલો બધો સામાન્ય થઈ પડયો છે કે દર વરસે આવા પ્રકારના નિંદનીય બનાવો હિન્દુસ્તાનમાં પણ બનતા રહે છે અને જો આપણી ગફલત આવીજ રહી તો આ મામલો કયા જઈને પહોંચશે એ કહેવું મુશ્કિલ છે

આવા ઝમાનામાં જો દીનને બાકી રખવાનો તમારા દિલમાં ખયાલ હોય અને તમે ચાહતા હો કે આપણે ઇસ્લામની બકાની માટે દુનિયામાં એક ઝિન્દહ અને સરબુલંદ પ્રજા બનીએ તો એનો એકમાત્ર માર્ગ એ છે કે આપણે હુઝુર [સલ]ની મુહબ્બતનો હક્ક અદા કરીએ મુહબ્બત માત્ર એ નથી કે તમે તમારી ઝબાનથી મુહબ્બતનો ઇઝહાર

કરી લ્યો અને બસ; નહિજ, બલ્કે તમારી ચાલચલગત. તમારી ઉઠ–બેસ. તમારી રહેણી–કરણી, તમારૂં વચન–વર્તન હુઝુર [સલ]ની મુહબ્બતને ઝાહિર કરે. હુઝુર [સલ]ના આજ્ઞાપાલન અને અનુસરણના સાક્ષાત નમૂના બનીને તમે તેમની ઝિન્દગીને સમજો અને તેમના આદર્શ જીવન–પ્રસંગોને હરેક મુસ્લિમ તથા ગયરમુસ્લિમના કાનો સુધી પહોંચાડી દો.

માગી મુહબ્બત સાચા આજ્ઞા–પાલનનુ જ બીજું નામ છે. અમલી આજ્ઞાપાલન વગર કેવળ મૌખિક મુહબ્બત જ્યારે દુનિયામાં પણ આપણને કશો ફાયદો નથી પહોંચાડી શકતી તો આખિરતમાં તે કેટલી હદ સુધી કામ લાગવાની હતી ? આજે જો મુસલમાનોમાં ઉણપ હોય તો તે એજ છે કે તેઓ વચનની સાથે વર્તન અને ઈમાનની સાથે અમલ નથી કરતા. પહેલા જો મુસલમાનોના દિલના ખાના રસૂલ–પ્રેમથી છલકતા હતા તો તેમના વર્તન ઉપરથી પણ સાક્ષાત મુહબ્બત ઝાહિર થતી હતી

જંગે તબૂકમા જ્યારે હુઝુર [સલ] તશરીફ લઈ ગયા તો સખત ગરમીની મોસમ હતી. અરબનો દેશ અને વળી એ ઉપર સખત ગરમી ! હઝરત અબુ હુરૈરામા એ જગમા નહોતા ગયા, કેમકે કુચ વખતે એઓ બીમાર હતા એક દિવસે એઓ જ્યારે ઘેર આવ્યા તો જોયું કે ઘરના આંગણામાં પાણી છાંટેલું છે, ખાવા માટે સ્વાદિષ્ટ ભોજન અને પીવા માટે ઠંડું પાણી મવજૂદ છે. આ બધું જોઇને તેઓ ચોધાર આંસુએ રડવા લાગ્યા. પત્નીએ રડવાનું કારણ પૂછયું તો ફરમાવ્યું કે : મ્હારા મહબુબ હઝરત મુહમ્મદ [સલ.] જેમણે આપણને મુસલમાન બનાવવા માટે કાફિરોના પત્થર ખાધા, જેમણે આપણને જહન્નમની આગથી બચાવવા માટે પોતાના પેશાની મુબારકને ઝખમી કરાવી, જેમને કેવળ આપણને હિદાયતનો માર્ગ દેખાડવાના બદલામા ઘરથી બેઘર કરી દેવામા આવ્યા, આ સળગતી લૂ અને ધગધગતા તડકામાં તબૂકના રેતાળ રણમા આપણા સંરક્ષણ માટે લડી રહ્યા હોય અને હું તેમનો એક નાલાઈક નામ લેનારો છાયાદાર મકાનોમા સ્વાદિષ્ટ ભોજન, ઠંડા પાણી અને સ્વરૂપવાન પત્ની સાથે અયશ આરામ કરૂં ? ઓહ ! ખુદાની કસમ, એ વફાદારી નથી, એ દેખીતી બેવફાઇ છે હું આ બધી નેઅમતોને આકાએ નામદાર [સલ.]ની મુહબ્બત પર કુરબાન કરૂં છું. અને બસ, તરતજ તેઓ તબૂક તરફ રવાના થઈ ગયા.

હઝરત ઉમર (રદિ.)ના એક પુત્ર જેમનું નામ અબ્દુર્રહમાન અને કુન્નિયત અબુ અલીના હતી, અત્યંત ખૂબસુરત નવજવાન અને કુરઆનના કારી હતા. તેઓ કુરઆને પાક એવી રીતે પઢતા કે સાંભળનારાઓની આંખોમાંથી આંસુઓની ધારા

વડેવા માડતી હતી પરન્તુ તેઓ જ્યારે એક મહીએ ભૂલ ખવડાવવાથી શરમ પી રહે છે તો હઝરત ઉમર (રદિ) હઝરત (સલ) અને ઇસ્લામની મુહબ્બત પર પુત્રની મુહબ્બતને કુરબાન કરી દે છે એમને ૮૦ ફટકા મારવાનો હુકમ કરવામા આવે છે હઝરત અબ્દુર રહમાન અત્યંત નાજુક અને નિર્બળ નવજવાન હોઇને કરકાના માર્યથી બેહોશ થઇને પડી જાય છે અને એજ બેહોશીની હાલતમા દુનિયાથી કુચ કરી છે, જાય પરન્તુ હઝરત ઉમર એ હાલતમા પણ ખુદાનો આભાર માને છે કે પુત્રની મુહબ્બત રસુલની મુહબ્બત પર વિજયી ન થઇ શકી.

આના મુકાબલામા જ્યારે આપણી હાલતને જોઇએ છીએ તો અનાયાસે ઝબાનથી નીકળી જાય છે કે શું આપણે પણ હઝરત (સલ.)ની મુહબ્બત કરનારા અને એમના ઉમ્મતી છીએ ? આજે તો આપણા માન, અસબાબ મકાન અને દુન્યાની હરેક ચીઝની મુહબ્બત સર્વોપરી જણાય છે. જો રસુલપ્રેમની ભાવના મવજૂદ હોત તો આજે આપણી હાલત હરગિઝ આવી ન જ હોત

નહી ઇશ્કમે—મુલ્તાદકા હમમેં કુછ અસર બાકી
ન વો ઇમાનકા નશા, ન વો મહફિલ, ન વો સાકી

આ પવિત્ર જન્મદિનો ઝુરૂરી હક અદા કરો સરકારે મદીનાની આજ્ઞાઓ અને જીવન-સન્દેશને દુનિયાના ન્હાના-મોટા તમામ ઇન્સાનો સુધી પહોચાડવાની વ્યવસ્થા કરો

આઝાદીનો આત્મા

મુસ્લિમોની એક હદ દરજ્જેની હમદર્દી અને ખુદાતરસીની ભાવનાજ હતી, જેણે હિન્દુસ્તાન જેવા એક મહાન દેશના ધાર્મિક જીવનમા એક અઝીમુશ્શાન ઇન્કલાબ પ્રકટાવી દીધો વિજેતા તરીકે આ દેશમા પ્રવેશ કરીને મુસલમાનોએ હઝારો ઝિન્દગીઓનું ઘડતર કર્યું ને કરોડો હૃદયોને પ્રભાવિત કર્યા

મુસલમાનોએ અંગ્રેઝોના આગમનથી ઘણી મુદ્દત પહેલાજ હિન્દુસ્તાનની સંતનતને વ્યવસ્થિત અને પ્રજાને એકત્રિત કરવાનો ફખ્ર હાસિલ કરી લીધો હતો

ઇસ્લામની રાજકારણી પરિસ્થિતિ ઉપર વિચાર કરીએ તો તે ગણતીના વર્ષોમા, જ્યારે ઇસ્લામના પયગમ્બર [સ] મદીના મુનવ્વરામા રહનકઅફરોઝ હતા, ઇસ્લામે માનવજાતને એટલા બધા રાજકીય હકકો આપી દીધા, જે રૂમીઓ અને બીજી કોમોએ મદીઓમા પણ પોતાની પ્રજાઓને ન્હોતા આપ્યા ઇસ્લામે ટેક-સરને મર્યાદિત કરી દીધા, કાયદેસર બધા ઇન્સાનોને સમાન બનાવી દીધા, પ્રજાતંત્રનો પાયો નાખ્યો, રાજાઓના અધિકારો ઉપર પાબંદીઓ લગાડી અને એટલેજ હું માનું છું કે, ઇસ્લામને આઝાદીના આત્માની ઉપમા આપવામા આવે તો, એમા કાઇ અતિશયોકિત નથી

—બિપિનચંદ્ર પાલ

શમ્સે નુબૂવ્વત

[અઝ: મવ. ઝફરઅલી ખાન]

વો શમ્સ, ઉજાલા જિસને કિયા ચાલીસ બરસ તક ગારોંમેં,
ઇક રોઝ ચમકને વાલીથી, સબ દુન્યાકે દરબારોંમેં!
ઇમાન નહીં વો જિન્સ જિસે, લે આએં દુકાને ફલ્સફાસે;
ડૂડેસે મિલેગી આકિલકો વો, કુર્આંકે સીપારોમેં!
જો ફલ્સફિયોંસે ખુલ ન સકા, અવર્ નુક્તાવરોંસે હલ ન હુવા,
વો રાઝ ઇક કમલીવાલેને બતલા દિયા ચન્દ ઇશારોંમેં!
હંય કિર્નેં એક હી સૂરજકી, 'બૂ બક્રો, ઉમર, ઉથ્માન, અલી;
હમ-મર્તબા હંય યારાને નબી, કુછ ફર્ક નહીં ઇન ચારોંમેં.

નુબૂવ્વત-દીપિકા

[ભાષાન્તર]

ચાલીશ શરદ્ જે દીપિકા, દીપિત રહી ગુફાઓમાં,
દીપિત થનાર હતી કો'દી', તે જગની રાજ-સભાઓમાં.
ઇમાન નથી કો' વસ્તુ, જે વેચાય દુકાને ફિલ્સુફની;
તે જ્ઞાની શોધકને જડશે, કુર્આન તણા પારાઓમાં.
જે ફીલસુફોથી ગુપ્ત રહ્યો, જે ઉચ્ચ મતિથી ઉચ્ચ રહ્યો,
તે ભેદ એક કમલીવાળાએ ખોલ્યો બે ત્રણ સંજ્ઞાઓમાં!
સૌ ખિલ્યો એકજ ભાનૂનાં સિદ્દીક, ઉમર, ઉથ્માન, અલી;
સમ-પદ્વિના એ ચાર નરો, ના ભેદ નબી—નેતાઓમાં.

—મુનાદી

જેમના સહકારથી આ રિસાલો વગર કીમતે આપી શકાયો છે તે સહાયકોનાં મુબારક નામ

૪૦, જનાબ હાજી અહમદ હાજી અ૦ રહમાન ઢેઢી
૨૫, ,, હાજી અ૦ કરીમ હાજી વલીમુહમ્મદ ઢેઢી
૨૫, ,, હાજી અ૦ સત્તાર સાલેહમુહમ્મદ ઢેઢી
૧૦, ,, હાજી યુસુફ હાજી ઉમર ભોજા
૧૦, ,, વલીમુહમ્મદ હાજી અ૦ રહેમાન ઢેઢી
૧૦, ,, અ૦ શકુર હાજી નૂરમુહમ્મદ ઢેઢી
૧૦, ,, ઇસ્માઈલ જમાલ બુદ્ધાણી
૧૦, ,, હાજી હબીબ અ૦ કરીમ ધામિયા
૧૦, ,, હાજી સુલયમાન વલીમુહમ્મદ પટેલ
૧૦, ,, અ૦ રહમાન હાજી અબુબકર લાખાણી
૧૦, ,, હુસયન હાજી ઈસા પડવા
૧૦, ,, હાજી મુહમ્મદ ઇસ્માઈલ ચણા
૫, ,, હાજી અલીમુહમ્મદ હાજી અ૦ ગની રંગીલા
૫, ,, અબુબકર ડાડા ગુંડિયા
૫, ,, નૂરમુહમ્મદ તાહેરમુહમ્મદ સાંગાણી
૫, ,, હાજી નૂરમુહમ્મદ અ૦ કરીમ ઢેઢી
૫, ,, હાજી મુહમ્મદ હુસયન ઢેઢી
૫, ,, હાજી હાશિમ તૈયુબ ફતાણી
૫, ,, વલી મુહમ્મદ નૂરમુહમ્મદ ચીનાઈ
૫, ,, અ૦ ગની હાજી અબ્દુલ્લાહ બંદુકડા
૫, ,, હાજી ઉસ્માન હાજી અ૦ કરીમ મનચલા
૫, ,, હાજી અહમદ હાજી યુસુફમોતી ગાડીત
૫, ,, હાજી ઉસ્માન હાજી અબુબકર લાખાણી
૫, ,, અ૦ લતીફ હાજી હબીબ ગડર
૫ ,, મુહમ્મદ હાજી અ૦ લતીફ બુદ્ધાણી

૫, જનાબ કાસિમ આદમ ઢેદી
૫' ,, ઈબ્રાહિમ વલી મુહમ્મદ ભીડિયા
૫, ,, હાજી અબ્દુલ્લાહ હાજી ડાડા ચલચલ
૫, ,, અ૦ સત્તાર હાજી અ૦ લતીફ ઢંઢ
૫, ,, સાલેહમુહમ્મદ હાજી અબા રંગીલા
૫, ,, હાજી ઇસાક હાજી ઈબ્રાહિમ ભીડિયા
૫, ,, હાશિમ મુહમ્મદ ગડર "મુનીર"
૨૫. ,, અ૦ કરીમ અ૦ રહીમ ગાડીત
૨૫ ,, અલી મુહમ્મદ મુહમ્મદ ડાઘા
૨૫, ,, ઇસ્માઈલ હાજી સુલયમાન કૃતાણી
૨૫, ,, અ૦ લતીફ મુહમ્મદ શીવાણી
૨૫, ,, હકીમ રહેમતુલ્લાહમીયાં મુહમ્મદમીયાં
૨૫, ,, હાજી નૂરમુહમ્મદ ફકીર મુહમ્મદ ગાજી
૨૫, ,, હાજી અલારખ્ખા હાજી હાશિમ ગાડીત
૨૫, , યુ. એ. આર. ફાઝીલ "ફારૂક"
૨૫, ,, યુસુફ અલી મુહમ્મદ આદમાણી
૨૫, ,, ઈસ્હાક હાજી બાવા વાડાસાડાવાલા
૨૫, ,, નૂરમુહમ્મદ અ૦ રહમાન ચણા
૧૫, ,, એલ. કે. ભાયલા
૧૫, ,, હાજી ઉમર હાજી જમાલ બેરા
૧૫, ,, હાજી બુન્ડી
૧૫, ,, અ૦ શકુર હાજી અ૦ કરીમ ભીડિયા
૧૫, ,, મુહમ્મદ અલીમુહમ્મદ સુરૈયા
૧૫, ,, સુલયમાન સાલેહમુહમ્મદ ગાડીત
૧૫ ,, મુહમ્મદ હુસયન કાસિમ બુન્ડી
૧૫, ,, હાજી સીદીક હાજી ઈબ્રાહિમ મૈયારીવાલા